MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । મંગળવાર । તા. ૨૪-૦૩-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 કોરોના અસર: અમેરિકાના અર્થતંત્રમાં ૨૪ ટકા સુધી ઘટાડાની શક્યતા

5 ટોકિયો ઓલિમ્પિક્સ મુલતવી રાખવાનું કદાચ અનિવાર્ય બનશે: શિન્ઝો એબે

7 લોકડાઉન કોઈ નિયમનું ઉલ્લંઘન કરશે તો સીધા જેલમાં જશે: ગાંધીનગર રેન્જ આઇજી

11 રાજપીપલા : કોરોના સામે રક્ષણ મેળવવા ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વાર ઠેર ઠેર ઉકાળા વિતરણ

અમદાવાદમાં ૧૩,વડોદરામાં ૬,સુરતમાં ૪,ગાંધીનગરમાં ૪,કચ્છ-રાજકોટમાં ૧-૧ કેસ નોંધાયા

ગુજરાતમાં કુલ ૩૦ પોઝિટિવ કેસ: લોકડાઉનનો કડક અમલ કરવા આદેશ

ગાંધીનગર

વિશ્વવ્યાપી ચેપી રોગ કોરોના વાઈરસ મહામારીના ત્રીજા અને ભયાનક સ્ટેજમાંથી હાલ ભારત પસાર થઈ રહ્યું છે ત્યારે ગુજરાતમાં પણ કોરોના રોગચાળો માથું ઉંચકી રહ્યું છે. રાજયમાં અત્યારસુધીમાં ૩૦ નવા કેસ નોંધાયા છે. ગુજરાતમાં કોરોનામાં પહેલું મોત સુરતમાં નોંધાયું છે.. સૌથી વધારે ૧૩ પોઝિટિવ અમદાવાદમાં, વડોદરામાં છ, સુરતમાં ૪, ગાંધીનગરમાં ૪ અને કચ્છ તથા રાજકોટમાં ૧-૧ કોરોના પોઝિટિવ કેસ નોંધાતા સરકાર તેનો વ્યાપ વધતો રોકવા પ્રયાસો કરી રહી છે. જેમાં અમદાવાદ સહિત ૬ શહેરો લોકડાઉન જાહેર કરાયા છે અને લોકડાઉનના અમલમાં લોકોનો સહયોગ નહીં મળતાં જાહેર હિતમાં પોલીસ તંત્રને કડકાઈથી કામ લેવાની સુચના આપવામાં આવી છે. મહાનગરોના પોલીસ દ્વારા વાહનચાલકોને અને લોકોને ચેતવણી આપીને લોકડાઉનમાં બિનજરૂરી રીતે બહાર નહીં નિકળવા કહ્યું છે.

કેન્દ્ર સરકારે આ રોગથી લોકોને બચાવવા ગઈકાલે રવિવારે જનતા કર્ફ્યુનો અમલ કરાવ્યાં બાદ મહત્વના ૧૪ દિવસનો સમયગાળો હેમખેમ પસાર થાય તે માટે લોકોને એકબીજાના સંપર્કમાં આવવાથી દૂર રાખવા લોકડાઉન જાહેર કર્યું છે ત્યારે ગુજરાત સરકારે પણ ૨૯ પોઝીટીવ કેસ નોંધાતા લોકડાઉન જાહેર કર્યું છે. ૨૫ માર્ચ સુધી તમામ લોકોને પોતાના ઘરમાં જ રહેવાની તબીબી સલાહ અને તાકીદની સુચના આપવામાં આવી છે ત્યારે કેટલાક લોકો દ્વારા તેના ઉલ્લંઘનના કિસ્સા બનતા સરકારે પોલીસને લોકડાઉનો સખ્તાઈથી અમલ કરવા સુચના આપી છે.

અમદાવાદની પોલીસ કમિશ્નર આશિષ ભાટિયાએ શહેરીજનોને ઉદ્દેશીને જણાવ્યું હતું કે ૧૦ વાગ્યાથી લોકડાઉન શરૂ થઈ ગયું છે. બિનજરૂરી બહાર નીકળશો તો વાહન ડિટેઈન કરીશું. જ્યારે સુરતમાં પણ ૩ દિવસ સંપૂર્ણ બંધ જાહેર કરાયો છે. સુરતમાં ૪ પોઝિટિવ કેસ નોંધાયા છે. , એક વૃદ્ધનું મોત થયું છે રસ્તા પર દોડી આવતાં લોકોને સમજાવ. સુરત પાલિકા અને પોલીસ કમિશનરને બહાર નિકળવું પડ્યું હતું. સુરતમાં પણ વેપાર-ધંધા બંધ હોવાથી, લટાર મારવા નીકળેલા લોકોને પોલીસે અટકાવ્યા હતાં. રાજકોટમાં લોકડાઉનની જાહેરાત બાદ પણ શો રૂમ ખુલ્લા રહેતા બંધ કરાવાયા હતા.

વડોદરા શહેરમાં નવા ત્રણ પોઝિટિવ કેસ નોંધાતાની સાથે જ અમદાવાદ પછી કોરોનાના સૌથી વધુ કેસ વડોદરામાં થયા છે. ત્રણ નવા કેસ સાથે વડોદરામાં પોઝિટિવ કેસની સંખ્યા વધીને ૬ થઈ ગઈ છે. ગુજરાતમાં પહેલું મોત નોંધાતાની સાથે જ રાજ્ય સરકાર હરકતમાં આવી છે અને આજથી હાઉસ ટૂ હાઉસ સર્વેની કામગીરી પણ હાથ ધરવામાં આવનારી છે. તો કોરોનાની દહેશતના પગલે વિધાનસભા સત્ર સ્થગિત રાખવામાં આવે તેવી શક્યતા જોવામાં આવી રહી છે. જે અંગે આજે વિચારણા થઈ શકે

અનુ. પાના નં. ૬ પર

માનનીય મુખ્યમંત્રી અને સેવાભાવી સંસ્થાઓને વિનંતી સહ નિવેદન

દેશ અને દુનિયા જ્યારે કોરોના થી લોકડાઉન થઈ છે ત્યારે આ આફત સમાં સમય માં ગરીબો અને ભૂખ્યા ભીખસુકો માટે એક ટંક જમવાની વ્યવસ્થા થાય તો આવનારા કથિત કપરા સમયમાં આવા ગરીબોની હાલત કફોડી ન બને તે જોવા સરકારને અનુરોધ છે.

જો નકરે નારાયણ આવી પરિસ્થિતિ ઉભી થાય તો અન્નના દાણા માટે અંધધુધી ફેલાઈ શકે અને રોગચાળો વકરવાની સાંભવના પણ વધે છે જેથી વિષય પરત્વે તમામ પગલાં લેવડાવવા અનુરોધ કરાયો છે જેમાં સેવાભાવી સંસ્થાઓ પણ તકેદારી સાથે મહત્વની ભૂમિકા ભજવે તોજ ગરીબ અને અન્યો આ મહામારીની અસરમાંથી બચી શકે.તદઉપરાંત ભિક્ષુકોને પણ કોર્નટાઇન કરવા અનુરોધ છે.

ધનંજય ઝવેરી
૯૯૭૮૪૦૬૨૫૭

૪૫ મિનિટ માટે ટ્રેડિંગ રોકવામાં આવ્યુ,નિફ્ટીમાં પણ ૧૧૧૦ અંકનો કડાકો

શેરબજાર કોરોનાગ્રસ્ત: સેન્સેક્સમાં ઐતિહાસિક ૪૦૦૦ અંકોનું ગાબડું



એક જ દિવસમાં રોકાણકારોની સંપત્તિમાં ૧૦ લાખ કરોડનું ધોવાણ,દિવસના અંતે સેન્સેક્સ ૩૯૩૪ અંક ગગડી ૨૫૯૮૧ની સપાટીએ તો નિફ્ટી ૧૧૩૫ના તોતિંગ ગાબડા સાથે ૭૬૧૦ની સપાટીએ,સેન્સેક્સ ઓગસ્ટ ૨૦૧૪ બાદ નીચલા સ્તર પર

મુંબઈ

ભારતમાં પણ ધીમે ધીમે કોરોના વાઇરસનો વધતો જતો વ્યાપ અને તેના કારણે સરકારે જાહેર કરેલી લોકડાઉનની સ્થિતિને કારણે શેરબજારમાં આજે ખુલતાની સાથે જ ભારે ઘટાડો જોવા મળ્યો હતો. શરૂઆતમાં સેન્સેક્સ ૨૯૯૧ અંક ઘટીને કારોબાર કરી રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૬૯૪ અંક ઘટી

અનુ. પાના નં. ૬ પર

ડોલર સામે રૂપિયો ૭૬ને પાર

ફોરેક્સ માર્કેટમાં ડોલર સામે રૂપિયો સોમવારે ૭૬ને પાર થયો હતો. કોરોના વાઇરસનો ચેપ જે ઝડપે વધી રહ્યો છે એને લીધે આર્થિક અનિશ્ચિતતાઓમાં વધારો થતાં ડોલર સામે રૂપિયો વધુ ગગડ્યો હતો. ડોલર સામે રૂપિયીએ ૭૬.૧૫નું મથાળું બનાવ્યું હતું. ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોએ સ્થાનિક મૂડીબજારોમાંથી રૂ. એક લાખ કરોડ પાછા ખેંચ્યા હતા.

બજારમાં ઘટાડાના ૩ મુખ્ય કારણોઃ

૧.કોરોનાવાઈરસ મહામારીના ફેલાવવાના કારણે દેશમાં ઘણા રાજ્યોમાં ૩૧ માર્ચ સુધી લોકડાઉન કરવામાં આવ્યું છે.

૨. વિદેશી રોકાણકારોએ ભારતીય બજારોમાંથી પોતાનું રોકાણ પરત ખેંચી રહ્યાં છે. લગભગ બે સપ્તાહમાં તેઓ ૫૦૦૦૦ કરોડ રૂપિયાન શેર વેચી નાંખ્યા છે.

૩.કોરોનાવાઈરસનું સંક્રમણ ફેલાવવાના ડરથી વિશ્વભરના બજારોમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. હોન્ગકોન્ગના બજારમાં ૫ ટકા ઘટાડો જોવા મળી રહ્યો છે.

ઈટાલીમાં સૌથી વધુ ૫૪૦૦ મોત,અમેરિકામાં આંકડો ૪૦૦ને પાર

કોરોનાના આતંક સામે દુનિયા નિઃશબ્દ: કુલ ૧૪૫૦૦થી વધુ લોકોના મોત

વૉશિંગ્ટન/રોમ

દુનિયાના ૧૯૨થી વધારે દેશો કોરોના વાઈરસની ઝપટમાં આવી ગયા છે. મહામારીના કારણે ૧૪,૭૪૯ લોકોના મોત થયા છે. ચીન પછી ઈટાલીમાં સૌથી વધારે લોકો પ્રભાવિત થયા છે. ઈટાલીમાં કોરોના વાઈરસના કારણે કુલ ૫,૪૭૬ લોકોના મોત થયા છે. ન્યૂઝીલેન્ડમાં છેલ્લા ૪૮ કલાકમાં કોરોના કેસમાં બમણો વધારો થયો છે. ત્યારપછી સરકારે બુધવારથી લોકડાઉનની તૈયારીઓ શરૂ કરી દીધી છે. સ્કૂલ, વ્યવસાયો અને સામુદાયિક સેવાઓમાં જોડાયેલા લોકોને બે દિવસનો તૈયારીનો સમય આપ્યો છે.

અમેરિકામાં પણ કોરોના વાઈરસ ઘૂસી ગયો છે. અહીં રવિવારે ૨૪ કલાકમાં ૧૪,૫૫૦ નવા કેસ સામે આવ્યા છે. અમેરિકામાં અત્યાર સુધી ૩૩,૨૭૬ લોકોને ઈન્ફેક્શન થયું છે. અમેરિકામાં વધુ ૩૯ લોકોના મોત થતા કુલ મૃત્યુઆંક ૪૫૮ થયો છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું કે, તેઓ ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગના કારણે ચિંતિત છે. કારણકે ચીને સમયસર અમેરિકાને વાઈરસ વિશે જાણ ન કરી. બીજીબાજુ સ્પેનમાં કોરોના વાઈરસે રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધુ છે. છેલ્લા ૨૪ કલાકમાં વધુ ૪૧ લોકોના મોત થતા કુલ મૃત્યુઆંક વધીને ૧૮૧૩ પહોંચ્યો છે. આ ઉપરાંત વધુ ૧,૧૪૧ નવા કેસ નોંધાતા કુલ સંક્રમિતોની સંખ્યા ૨૯,૯૦૯ થઈ ગઈ છે.

ટ્રમ્પે કહ્યું કે, હું ચીનના કારણે થોડો પરેશાન છું. હું તેમની સાથે પ્રમાણિક છું, રાષ્ટ્રપતિ જિનપિંગ અને તેમના દેશનું સન્માન કરું છું. તેમણે અમને આ વિશે જાણ કરવાની જરૂર હતી. અમેરિકાએ ચીનમાં નિષ્ણાત ડોક્ટર્સ મોકલવાની રજૂઆત પણ કરી હતી પરંતુ ચીને કોઈ પ્રતિક્રિયા નહતી આપી.

ઈટાલીના સિવિલ પ્રોટેક્શન ડિપાર્ટમેન્ટના જણાવ્યા પ્રમાણે રવિવાર સુધીમાં ઈન્ફેક્શનનો આંકડો ૫૯,૧૩૮ સુધી પહોંચી ગયો છે. જ્યારે ૫,૪૭૬ લોકોના મોત થયા છે. જોકે સામે ૭,૦૨૪ લોકો સાજા પણ થઈ

અનુ. પાના નં. ૬ પર

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો
૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

Negative ion Bracelet

Positive ions are absorbed into the body from cell phones, wireless technology, electrical devices and pollution on a daily basis, causing severe damage on a cellular level. Positive ions are said to interfere with our natural balance and can lead to tiredness, lack of concentration and muscle fatigue.



MRP 1499/-

નેગેટીવ ion બ્રેસલેટ

પોઝિટિવ IONS સેલ ફોન્સ, વાયરલેસ ટેકનોલોજી, ઇલેક્ટ્રિકલ ડિવાઇસીસ અને દૈનિક ધોરણે ઉપયોગ પ્રદૂષણથી આપણા શરીરમાં સમાઈ જાય છે, જેનાથી આપણા બેલન્સને ભારે નુકસાન થાય છે. સકારાત્મક આયન આપણા કુદરતી સંતુલનમાં દખલ ઉભી કરે છે અને તે થાક, એકાગ્રતા અને સ્નાયુઓને જકડાવી થાક તરફ દોરી શકે છે.જેનાથી બચવા નેગેટિવ આયર્ન બેલ્ટ આ સમસ્યા નિવારી આરોગ્ય સુધારે છે



નેગેટીવ ion બ્રેસલેટ ઓનલાઈન અને અન્ય કંપનીમાં ૫૦૦૦/-થી વધારે કિંમતમાં મળે છે
જ્યારે અહી ફક્ત રૂા. ૧૪૯૯/-માં મળશે. (હોમ ડિલીવરી)
સાથે મોબાઇલ એન્ટીરેડીએશન ચીપ તદ્દન મફત

ડિલરશીપ મેળવવા માટે સંપર્ક કરો
Market4u
9978406257

Payment : 9825318225 paytm, phone pe, gpay કરી પેમેન્ટનો ફોટો તથા આપનું પિનકોડ સાથેનું પૂરુ સરનામું 9978406257 પર વોટ્સઅપ કરો.
બેંક ખાતામાં પણ પેમેન્ટ કરી શકો છો : Dhananjay u. Zaveri - Ac No. 10373843634,
State Bank of India, Ifsc code SBIN0009164, Pritam nagar Branch Bharuch 392002

અમેરિકામાં કોરોનાના કારણે ૨૪ કલાકમાં ૧૦૦નાં મોત

વૉશિંગ્ટન

ચીન અને યુરોપ બાદ અમેરિકા હવે કોરોનાની માહમારીનું કેન્દ્ર બનવા જઈ રહ્યુ છે. ૨૪ કલાકમાં ૧૦૦થી વધારે લોકોના મોત થતા અમેરિકામાં કોરોનાથી મૃત્યુઆંક ૩૪૮ થયો છે. જ્યારે કે ૨૬ હજાર ૯૦૬ લોકોને કોરોનાનો ચેપ લાગ્યો છે. કોરોનાની મહામારી વચ્ચે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે લોકોને પોતાના ઘરમાં રહેવાનું આહવાન કર્યુ છે.

આ સાથે જ ન્યૂયોર્ક કોરોનાનું કેન્દ્ર બન્યુ છે. ન્યૂયોર્કમાં ૧૦ હજાર ૩૫૬ કેસ નોંધાયા છે અને ૬૦ જેટલા લોકોના મોત થયા છે. તો બીજી તરફ ટ્રમ્પે ચીન પર આકરા પ્રહાર કરતા જણાવ્યુ હતુ કે, ચીને કોરોના અંગેની માહિતી છુપાવી છે. જેના કારણે દુનિયા કોરોના જેવી મહામારીનો સામનો કરી રહ્યુ છે. અમેરીકાનાં ઉપરાષ્ટ્રપતિ માઈક પેંસે જણાવ્યું કે કુલ ૨,૫૦,૦૦૦ અમેરિકી નાગરિકોને કોરોના વાયરસનો ટેસ્ટ કરાવ્યો હતો. જેમાં ૩૦,૦૦૦થી વધુ લોકોનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. પેંલે અમેરિકાનાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની સાથે પત્રકાર વાર્તામાં જણાવ્યું કે દિવસેને દિવસે વધારે લોકોનો ટેસ્ટ કરવામાં આવી રહ્યો છે, અને અત્યાર સુધી ૨,૫૪,૦૦૦ લોકોનો ટેસ્ટ કરવામાં આવ્યા છે. જેમાંથી ૩૦,૦૦૦થી વધુ લોકોનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જેમાંથી વધારે એવા લોકો છે કે જેમના તેમના લક્ષણો હતા અને તેઓ વિચારતા હતા કે તેમને કોરોનાવાયરસ થઈ શકે છે.

યુપીમાં કોરોનાથી અસરગ્રસ્તોની વિનામૂલ્યે ટેસ્ટ, સારવાર કરાશે

લખનઉ

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે જનતા કરફ્યૂ વિસ્તારોની મુલાકાત લઈને પોલીસ અને વહીવહીતંત્રના અધિકારીઓએ રોડ પર પેટ્રોલિંગ કરવાની અપીલ કરી હતી. તેમણે રાજ્યમાં કોરોના વાયરસથી અસરગ્રસ્ત લોકોના વિનામૂલ્ય ટેસ્ટ અને સારવાર કરવા માટે વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

ઉત્તરપ્રદેશના એડિશનલ ચીફ સેક્રેટરી(ગૃહ) અવનીશ અવસ્થીએ રવિવારે લખનઉમાં જણાવ્યું કે, મુખ્યમંત્રીએ અપીલ કરી છે કે કરફ્યૂને સવાર સુધી લંબાવવામાં આવે અને પોલીસ ટીમો પેટ્રોલિંગ કરે. ઉત્તરપ્રદેશ સરકારે કોરોના વાયરસથી અસરગ્રસ્ત લોકો માટે ૨૦૦૦થી વધુ અલગ બેડની વ્યવસ્થા કરી છે, આવા બેડોની સંખ્યા આગામી બે દિવસમાં ૧૦૦૦૦ જેટલી કરી દેવાશે. અહીંયા કોરોના વાયરસથી અસરગ્રસ્ત દર્દીઓની સંખ્યા ૨૭ હતી, એ પૈકી ૧૧ લોકો સંપૂર્ણ રીતે સ્વસ્થ છે. બાકીના લોકોની તબિયત સ્થિર છે અને ઝડપથી સુધારો થઈ રહ્યો છે.



વૉશિંગ્ટનના સીએનએન સ્ટુડિયોમાં ડેમોક્રેટિક રાષ્ટ્રપતિની પ્રાથમિક ચર્ચામાં ભાગ લેતા પહેલા ભૂતપૂર્વ વાઇસ પ્રેસિડેન્ટ સેન. બર્ની સેન્ડર્સ, અને આઈ-વીટી કોરોનના લીધે હાથ મિલાવવાના બદલે કોણીથી એક બીજાનું સ્વાગત કરે છે.

પાક.માં અત્યાર સુધી ૭૭૬ કેસ કોરોનાના,૫ મોત

પાકિસ્તાનમાં લોકડાઉન શક્ય નથી, ૨૫ ટકા વસ્તી ગરીબી રેખાની નીચે: ઈમરાન ખાન

ઈસ્લામાબાદ

કોરોના વાયરસને દુનિયાના ૧૯૨ દેશોમાં પગપેસારો કર્યો છે. પાકિસ્તાનમાં કોરોનાના અત્યાર સુધી ૭૭૬ કેસ સામે આવ્યા છે અને ૫ લોકોના મોત થયા છે. વડાપ્રધાન ઈમરાન ખાન દેશને સંપૂર્ણ રીતે લોકડાઉન કરવા માટે તૈયાર નથી. તેમના મુજબ, લોકડાઉન સંભવ નથી. કેમકે દેશની ૨૫ ટકા વસ્તી ગરીબી રેખાની નીચે જીવે છે.

વડાપ્રધાન કાર્યાલયે ટ્વીટ કર્યું કે, સમગ્ર રીતે લોડાઉનનો અર્થ છે કે- આર્મી અને સરકાર દ્વારા કર્ફ્યું લગાવી દેવો. જેને કારણે લોકોને ઘરમાં રહેવા માટે જણાવવામાં આવશે. દેશની ૨૫ ટકા વસ્તી વેતનભોગી છે. બધી જ વસ્તુઓને ધ્યાનમાં રાખીને અમે પગલા લઈ રહ્યા છીએ. અમે વૃદ્ધો અને બાકીના લોકોની કાળજી રાખીએ છીએ. સુરક્ષા માટે સોશિયલ ડિસ્ટન્સ, પોતાને ક્વોરન્ટાઈનમાં રાખવાની જરૂર છે.

ઈમરાન ખાને સલાહ આપી છે કે ડરવાની કોઈ જરૂર નથી. ડરને કારણે લોકો અનાજનો સંગ્રહ કરશે જેને લીધે અછત સર્જાઈ શકે છે અને પરિણામ ભયાવહ આવી શકે છે. અમે સંકટમાંથી બહાર નીકળવાના પ્રયાસ કરી રહ્યા છીએ. ડરને રોકવામાં મીડિયાની પણ મહત્વની ભૂમિકા હશે. તમે પોતાની જવાબદારી નિભાવો અને સાવધાની રાખીને પોતાને અને બીજાને પણ સુરક્ષિત રાખો.

ઈટાલીથી ભારત લવાયેલા ૨૬૩ ભારતીયોને ITBP કેમ્પમાં રખાયા

ન્યુ દિલ્હી

કોરોના વાયરસના ખતરાને ધ્યાનમાં રાખીને ઈટાલીથી લાવવામાં આવેલા ૨૬૩ ભારતીયને આઈટીબીપીના છાવલા ક્વોરેન્ટાઈન કેમ્પમાં રાખવામાં આવ્યા છે. અહીંયા તેમની તપાસ કરવામાં આવી રહી છે. આજે સવારે જ ૨૬૩ ભારતીયોને સ્વદેશ લાવવામાં આવ્યા છે.

એર ઈન્ડિયાના એક અધિકારીએ કહ્યું કે, એક વિશેષ વિમાનમાં ૨૬૩ યાત્રી હતા. રોમથી ઉડાણ ભરેલા વિમાને સવારે ૧૦ કલાકે દિલ્હી એરપોર્ટ પર ઉતર્યું હતું. આઈટીબીપીના એક પ્રવક્તાએ કહ્યું કે, તમામ ૨૬૩ લોકોના થર્મલ સ્ક્રીનિંગ કર્યા બાદ દક્ષિણ-પશ્ચિમ દિલ્હીના છાવલા વિસ્તારમાં અમારા પૃથક કેન્દ્રમાં લાવવામાં આવ્યા છે.અત્રે ઉલ્લેખનીય છે કે, ઈન્ડો-તિબેટિયન બોર્ડર પોલીસ (આઈટીબીપી)ના દેખરેખ કેન્દ્રમાં પહેલાથી ૨૧૫ ભારતીયોને રાખવામાં આવ્યા છે, તેમને પણ વિશેષ વિમાનથી રોમથી લાવવામાં આવ્યા હતા.

જગમોહન રેડ્ડી સરકાર મફતમાં રાશન અને 1000 રૂપિયા દરેક પરિવારને આપશે

અમરાવતી

કોરોના વાયરસના વધતા પ્રકોપને ધ્યાને રાખી એક બાદ એક રાજ્ય હવે લોકડાઉન થવા લાગ્યા છે. રાજસ્થાન અને દિલ્હી બાદ બિહાર અને હવે તેલંગણા સરકારે પણ ૩૧ માર્ચ સુધી લોકડાઉન જાહેર કર્યું છે. સાઉથમાં પણ તેલંગણા અને આંધ્રપ્રદેશને સંપૂર્ણ રીતે લોકડાઉન જાહેર કર્યું છે. આ તમામ રાજ્યોમાં જરૂરી અને ઈમરજન્સી સેવાઓ જ ચાલુ રહેશે.

કોરોના વાયરસના કહેરને ધ્યાને રાખી આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી જગનમોહન રેડ્ડીએ લોકડાઉન દરમિયાન મફતમાં રાશન અને ૧૦૦૦ રૂપિયા દરેક પરિવારને આપવાની જાહેરાત કરી છે. કોરોના વાયરસના પ્રકોપને રોકવા માટે કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ કાશ્મીર, ઉત્તરાખંડ, તેલંગણા અને બિહારને પણ લોકડાઉન કરાયા છે. આ પહેલા રાજસ્થાન, પંજાબ અને દિલ્હી સરકારે સંપૂર્ણ પણે રાજ્યોને લોકડાઉન કર્યા છે. આ બાજૂ ઓડિશામાં પણ ૨૯ માર્ચ સુધી બંધ રહેશે. ઉપરાંત ઉત્તર પ્રદેશના ૧૫ જિલ્લામાં ૨૫ માર્ચ સુધી લોકડાઉન કરી દેવામાં આવ્યા છે. લોકડાઉન દરમિયાન સ્વાસ્થ્ય સેવાઓ ચાલુ રહેશે.

એપ્રિલ સુધીમાં દોઢ કરોડથી વધારે લોકો બેરોજગાર થઈ શકે છે

કોરોના અસર: અમેરિકાના અર્થતંત્રમાં ૨૪ ટકા સુધી ઘટાડાની શક્યતા

ન્યૂયોર્ક

કોરોના વાઈરસના પ્રકોપને લીધે અમેરિકાનું અર્થવ્યવસ્થા અનિશ્ચિતતાના માહોલમાં પહોંચી ગયુ છે. દેશભરમાં કારોબાર ઠપ્પ થઈ ગયો છે. વ્યવસાયિક અને આર્થિક પ્રવૃત્તિઓનું કેન્દ્ર ન્યૂયોર્કની સ્થિતિ પણ ચિંતાજનક છે. હવે એ જોવુ મુશ્કેલ છે કે સ્થિતિ કઈ હદ સુધી બગડે છે. ઓક્સફોર્ડ ઈકોનોમિક્સના મુખ્ય અમેરિકી અર્થશાસ્ત્રી ગ્રેગ ડેકોનું કહેવું છે કે અર્થતંત્રમાં વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ૦.૪ ટકા અને બીજા ત્રિમાસિક ગાળામાં ૧૨ ટકા સુધીનો ઘટાડો થશે. જોકે, ગોલ્ડમેન સાક્સનું કહેવું છે કે બીજા ત્રિમાસિક ગાળાના આંકડા ૨૪ ટકા સુધી જ હોઈ શકે છે. તેમનું એમ પણ કહેવું છે કે વર્તમાન સમયમાં બેરોજગાર લોકોની સંખ્યા ૨૨ લાખ સુધી પહોંચી ગઈ છે. આ ઉપરાંત ડેકોના મતે એપ્રિલ સુધીમાં બેરોજગારની સંખ્યા ૧.૬૫ કરોડ થઈ શકે છે.

અર્થતંત્રની અગાઉ ક્યારેય આવી સ્થિતિ જોઈ ન હતી. ન્યૂયોર્ક સહિત મુખ્ય શહેર લગભગ લોકડાઉનમાંથી પસાર થઈ રહ્યું છે. ન્યુયોર્ક રાજયમાં આવશ્યક સેવાઓને બાદ કરતા તમામને બંધ કરવા કહેવામાં આવ્યું છે. યુદ્ધના સમયે પણ આ પ્રકારનું સંકટ હતું. આ મહામંદીથી પણ વધારે સ્થિતિ બગાડી શકે છે. મોર્ગન સ્ટેન્લી બેંકના મુખ્ય અર્થશાસ્ત્રી એલન જેન્ટનરે કહ્યું છે કે અગાઉ ક્યારેય મંદીના સમયમાંથી બહાર નિકળતા અટકાવી શક્યા નથી. તેમનું કહેવું છે કે મોટી કંપનીઓની તુલનામાં નાની કંપની પર ખૂબ જ અસર થશે.

અમેરિકી શ્રમ વિભાગે કહ્યું છે કે છેલ્લા કેટલાક સપ્તાહ બેરોજગારીનો દર ઉછળી ૩૦ ટકા પહોંચી ગઈ હતી. છટણીના દાયરામાં આગામી સમયમાં લોકોની સંખ્યા રૂપિયા ૨.૮૧ હજાર હતી. હવે આ સંખ્યા ખૂબ જ નાની લાગી રહી છે. ગોલ્ડમેન સાક્સનો દાવો છે કે આગામી સપ્તાહ સુધી આંકડો ૨૨ લાખ સુધી પહોંચે તેવી આશંકા છે. ડેકોનું કહેવું છે કે બેરોજગારીનો દર એપ્રિલમાં ૧૦ ટકા થઈ શકે છે. આ હિસાબથી જોઈએ તો ૧.૬૫ કરોડ લોકોની નોકરી જઈ શકે છે. ગયા મહિને મંદી બાદ આ પ્રકારની સ્થિતિ જોવા મળી નથી. આગામી મહિનામાં બેરોજગારીનો દર વધારે વધશે. અમેરિકી ટ્રેઝરી સેક્રેટરી સ્ટીવન નુચિને ૨૦ ટકા બેકારીની આશંકા દર્શાવી છે.

'હોમ ક્વોરેન્ટાઈન'ના સિક્કા સાથેના તમામને પોલીસે પકડ્યા

દુબઈથી મુંબઈ આવેલા ૧૫ યાત્રી એરપોર્ટથી નાસી ગયા

મુંબઈ

દુબઈથી રવિવારે મુંબઈ પહોંચવા પર હાથ પર 'હોમ ક્વોરેન્ટાઈન'નો સિક્કો લગાડેલા ૧૫ મુસાફરો અધિકારીઓને જાણ કર્યા વગર એરપોર્ટથી ભાગી ગયા હતા. પરંતુ એલર્ટ સત્તાવાળાઓએ તેમને એક રેલવે સ્ટેશન બહારથી પકડી લેવાયા છે.

જણાવ્યું કે આ મુસાફરો મુંબઈની ટ્રેનથી પંજાબ જવાની કોશિશ કરી રહ્યા હતા. આ તમામ યાત્રીઓ રવિવારે દુબઈથી મુંબઈ એરપોર્ટ પહોંચ્યા હતા. તેઓ એરપોર્ટ પર ઉતર્યા ત્યારે તેમના હાથ પર 'ઘરમાં દેખરેખ હેઠળ?' રહેવાનો સિક્કો લગાડ્યો હતો. જોકે, અધિકારીઓને જાણ કર્યા બાદ આ મુસાફરો એરપોર્ટથી નીકળી ગયા. મુંબઈના ખાર પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર ગજાનન કબદુલેએ જણાવ્યું કે, સિવિક અને જિલ્લા અધિકારીઓએ તાત્કાલિક શોધખોળ અભિયાન હાથ ધર્યું અને બપોરે એક કલાકે તેમને અહીયા ખાર રેલવે સ્ટેશન બહારથી પકડી લેવાયા છે.

આ યાત્રીઓને બાદમાં સિવિક અને જિલ્લા અધિકારીઓને સોંપવામાં આવ્યા છે, જે રોડ માર્ગથી પંજાબ જવાની કોશિશ કરી રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, કોરોના વાયરસન ખતરાને જોતા મહારાષ્ટ્ર સરકારે રાજયના શહેરી ક્ષેત્રોમાં સોમવારથી કલમ ૧૪૪ લાગુ કરવાનો નિર્ણય લેવાયો છે. આ દરમિયાન રાજય સરકારે પોતાના કર્મચારીઓને લઘુતમ વેતન આપવા માટે કહ્યું છે.

હરિદ્વારમાં ભીષણ આગમાં બાબા રામદેવનું મેડિકલ સેન્ટર ખાખ

હરિદ્વાર

યોગગુરુ બાબા રામદેવના અત્રેના નિસર્ગોપચાર કેન્દ્રમાં ગઈ કાલે ભીષણ આગ લાગતાં કેન્દ્રનો નાશ થઈ ગયો છે. બાજુના જંગલમાં લાગેલી આગનો એક ઉડતો તણખો પડવાને કારણે અત્યાધુનિક નેચરલ હેલ્થ સેન્ટરમાં ભીષણ આગ લાગી હોવાનું મનાય છે. આ સેન્ટર યોગ ગ્રામ આશ્રમમાં રૂ. ૭૦ કરોડના ખર્ચે ૨૦૦૯માં બનાવવામાં આવ્યું હતું. બાબા રામદેવના પ્રવક્તા એસ. તિજારાવાલાએ કહ્યું કે આગને કારણે ઘણું નુકસાન થયું છે. રામદેવના સહયોગી આચાર્ય બાલકૃષ્ણએ આગની જાણકારી ટ્વિટર પર આપી છે અને આગની જ્વાળાઓવાળો વિડિયો પણ શેર કર્યો છે. બનાવ નજરે જોનારાઓએ કહ્યું કે જંગલમાં લાગેલી આગને કારણે સેન્ટરમાં આગ લાગી હોવાની શક્યતાને નકારી શકાય નહીં, કારણ કે જંગલ વિસ્તાર અને યોગ ગ્રામ વચ્ચે બહુ અંતર નથી.

સ્માર્ટફોન માર્કેટ પર કોરોનાનો માર, વેચાણમાં અધધ... ૩૮ ટકાનો ઘટાડો

ન્યુ દિલ્હી

કોરોનોની અસર ઈકોનોમી પર પડી રહી છે.તમામ સેક્ટર તેના કારણે પ્રભાવિત થયા છે અને હંમેશા તેજીમાં રહેતુ સ્માર્ટ ફોનનુ માર્કેટ પણ તેના સપાટામાં આવી ગયુ છે.

પહેલી વખત સ્માર્ટ ફોરનના માર્કેટમાં ૩૮ ટકાનો ઘટાડો થયો છે.એક રિપોર્ટ પ્રમાણે ફેબ્રુઆરીમાં ગ્લોબલ સ્માર્ટફોન માર્કેટના શિપમેન્ટમાં ગયા વર્ષના મુકાબલે ૩૮ ટકાનો ઘટાડો થયો છે.

ગયા વર્ષ ફેબ્રુઆરી મહિનામાં આખી દુનિયામાં ૧૦ કરોડ જેટલા સ્માર્ટફોન વેચાયા હતા.આ મહિને માંડ ૬ કરોડ સ્માર્ટ ફોન વેચાઈ શક્યા છે.

કોરોના વિરુદ્ધ અમે સરકારનાં પગલાંથી સંતુષ્ટ: સુપ્રીમ કોર્ટ

ન્યુ દિલ્હી

કોરોના વાયરસને પહોંચી વળવા માટે સરકારે જે સક્ષ પગલા ઉઠાવ્યા છે તેની સુપ્રીમ કોર્ટે પ્રશંસા કરી છે. કોર્ટે માન્યું છે કે સરકાર તમામ જરૂરી પગલા ઉઠાવી રહી છે અને ટીકાકારો પણ પ્રશંસા કરી રહ્યા છે. દેશનાં ચીફ જસ્ટિસે એક કેસની સુનાવણી દરમિયાન કહ્યું કે આખો દેશ એ માની રહ્યો છે કે સરકાર કોરોનાને લઈને તમામ જરૂરી પગલા ઉઠાવી રહી છે. સરકાર ઘણું સારું કામ કરી રહી છે.

સુપ્રીમ કોર્ટમાં કોરોનાથી જોડાયેલી એક અરજી પર સુનાવણી દરમિયાન આ વાત કરવામાં આવી. અરજીમાં માંગ ઉઠી હતી કે કોરોનાને પહોંચી વળવા માટે સરકારને વધારે જરૂરી પગલા ઉઠાવવાનું કહેવામાં આવે. કોવિડ ૧૯ ટેસ્ટ કરનારી લેબને વધારવાની માંગ કરવામાં આવી હતી. સુનાવણી બાદ કોર્ટે કોરોના લેબ ટેસ્ટિંગ સેન્ટર વધારવાની અરજી સરકારને રેફર કરી છે.

ચીફ જસ્ટિસની અધ્યક્ષતાવાળી બેંચે કહ્યું કે, "અમે સરકારનાં પગલાથી સંતુષ્ટ છીએ. આ સંકટને પહોંચી વળવા માટે ઘણી ઝડપથી પગલાં ઉઠાવવામાં આવ્યા છે. ટીકાકારો પણ માની રહ્યા છે કે સરકારે ઠીક કામ કર્યું. આ રાજનીતિ નથી તથ્ય છે." આ બેંચમાં જસ્ટિસ એલ.એન. રાવ અને સૂર્યકાંત સામેલ હતા.

યુએઈએ તમામ પરિવહન સેવા બંધ કરી

યુએઈએ આગામી બે સપ્તાહ માટે તેની તમામ પરિવહન સેવાઓને રદ્દ કરી દીધી છે ત્યારે સાઉદી અરેબિયાએ પણ કોરોના વાઈરસના ફેલાવાને અટકાવવા માટે કર્ફ્યુ લાદી દીધો છે અને આકરા નિયંત્રણો લાદી દીધા છે. UAEએ કહ્યું છે કે તેણે વિશ્વના સૌથી વ્યસ્ત હવાઈ મથક પૈકીના તેના વિમાની મથક પરથી તમામ પેસેન્સર સેવાઓને રદ્દ કરી દીધી છે. આ ઉપરાંત દુબઈના જાણીતા તમામ શોપિંગ મોલ્સને પણ વધુ સમય માટે બંધ કરી દેવામાં આવ્યા છે.

ન્યુયોર્કના અગ્રણી ફોક્સ ન્યૂઝ મીડિયાના વધુ બે કર્મચારી કોરોનાથી સંક્રમિત

ન્યુ યોર્ક સ્થિત અગ્રણી ફોક્સ ન્યૂઝ મીડિયાના ચાર કર્મચારીઓમાં કોરોના વાઈરસના પોઝિટિવ ટેસ્ટ આવ્યા છે. ફોક્સ ન્યૂઝ મીડિયાના સીઈઓ સુઝાન્ન સ્કોટ્ટ અને ફોક્સના પ્રેસિડેન્ટ જય વોલ્લેસે જણાવ્યું હતું કે અમને ૯૦ મિનિટમાં જ માલુમ પડ્યું હતું કે ફોક્સ ન્યુઝ મીડિયાના બે કર્મચારી કોરોના વાઈરસથી સંક્રમિત છે. આ સાથે ન્યૂ યોર્ક સ્થિત ઓફિસમાં સંસ્થાના કુલ ચાર કર્મચારી કોરોનાથી સંક્રમિત છે.





ચેન્નાઈના મુત્તુકુડુ ખાતે, કોરોનાવાયરસ લીધે નાવડી ની મજા માનનાર લોકો પણ ઓછા થઈ ગયા પછી એક બાજુ પર પાર્ક કરેલ નાવડી જોવા મળે છે.

જનતા કર્ફ્યૂ બાદ રેલી કાઢનારા ૫૦ના ટોળા વિરુદ્ધ ગુનો નોંધાયો

ન્યુ દિલ્હી

કોરોના વાઇરસને ફેલાવતો રોકવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જનતા કર્ફ્યુની અપીલ પર સમગ્ર દેશમાં લોકોએ બંધ પાળ્યુ હતું. વડાપ્રધાન મોદીએ કરફ્યુ દરમ્યાન સાંજે ૫ વાગ્યાથી લઈને ૫ મિનિટ સુધી લોકોની સેવામાં લાગેલા આરોગ્ય, પોલીસ, ફાયર, મીડિયાકર્મીઓ સહિતના લોકોના આભાર માટે ઘરની બાલ્કનીમાં ઉભા રહી તાળી-થાળી વગાડવાનું જણાવ્યુ હતું. વડાપ્રધાન મોદીની અપીલને લોકોએ ઉત્સવ તરીકે લેતા શહેરમાં કેટલાક સ્થળો પર મોટી સંખ્યામાં લોકો ટોળા બનાવીને જાહેર રસ્તા પર ઉતર્યા હતા. શહેરમાં કર્ફ્યુ હોવા છતા જમાલપુર-ખાડિયા, રાયપુર વિસ્તારમાં ટોળાઓએ થાળી વગાડી ગરબા રમ્યા હતા. પોલીસે લાઉડ સ્પીકરની મદદે ટોળાને વિખેરવા માટે ઘરે જવાની અપીલ કરી હતી. અમદાવાદમાં ૧૪૪ કલમ લાગુ હોવાથી કોઈપણ જગ્યાએ ૪થી વધુ વ્યક્તિ ભેગી ન થઈ શકતા હોવા છતાં ટોળું ભેગું થતાં ખાડીયા પોલીસે ૨૦ લોકોના નામજોગ સહિત ૫૦ના ટોળા સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધવામાં આવ્યો છે. જણાવી દઈએ કે, ગુજરાતમાં અત્યાર સુધી કોરોનાવાયરસના ૨૯ કેસો સામે આવ્યા છે. જ્યારે એક મહિલાનું કોરોના વાયરસના કારણે મોત થઈ છે.

કોરોનાના ભયના પગલે પ્લેનમાં બે યાત્રીઓ વચ્ચે એક સીટ ખાલી રહેશે

ન્યુ દિલ્હી

હવાઈ યાત્રા દરમિયાન પ્લેનમાં બે યાત્રીઓ વચ્ચે એક સીટ ખાલી રાખવા અને બોર્ડિંગ સમયે યાત્રીકોને સેનિટાઈઝર આપવાનો ડીજીસીએ આદેશ આપ્યો છે.

ડીજીસીએ કોરોના વાઈરસ- કોવિડ-૧૯ના સંક્રમણને આગળ વધતું અટકાવવા માટે આજે વિમાન સેવા કંપનીઓ તેમજ એરપોર્ટ સંચાલકોને નવા દિશા-નિર્દેશ આપ્યા છે. જેમાં સામાજિક અંતર જાળવી રાખવા તેમજ અન્ય ઉપાયોની વાત કરવામાં આવી છે. વિમાન સેવા કંપનીઓને કહેવામાં આવ્યું છે કે ચેકઈન સમયે સીટની ફાળવણી એ રીતે કરવી કે બે યાત્રીકો વચ્ચે એક સીટ ખાલી રહે. સાથે યાત્રીકોને ખાવા-પીવાની વસ્તુઓ આપતી વેળાએ ક્રૂ મેમ્બરને પણ અમૂક અંતર રાખવાનું કહેવામાં આવ્યું છે.

એરપોર્ટ પર ચેકઈન સમયે લાઈનમાં રહેલા યાત્રીકો વચ્ચે એક મીટરનું અંતર રાખવાનું અને પ્લેનમાં પ્રવેશતી વેળાએ પણ યોગ્ય અંતર રાખવામાં આવે તેવું કહેવામાં આવ્યું છે. હવાઈ મુસાફરી દરમિયાન પ્લેનમાં બે યાત્રીકો વચ્ચે એક સીટ ખાલી રાખવામાં આવશે.

વિમાન સેવા કંપનીઓ બોર્ડિંગના સમયે યાત્રીકો અને કર્મચારીઓને હેન્ડસેનિટાઈઝર આપશે. એપપોર્ટ પર પણ અગલ- અલગ જગ્યાએ સેનિટાઈઝર રાખવાનો નિર્દેશ અપયોછે. સુરક્ષા ચેકિંગ કાઉન્ટર પણ વધારવાનું કહેવામાં આવ્યું છે જેથી ભીડ ઓછી થાય.

પાકિસ્તાનમાં કોરોનાગ્રસ્ત સહકર્મચારી સાથે લીધી સેલ્ફી, ૬ અધિકારીઓ સસ્પેન્ડ

ઈસ્લામાબાદ

પાકિસ્તાનમાં કોરોના વાયરસનો ભોગ બનેલા પોતાના સહકર્મચારી સાથે સેલ્ફી લેનારા ૬ અધિકારીઓને સસ્પેન્ડ કરી દેવાયા છે.

મીડિયા રિપોર્ટ પ્રમાણે પાકિસ્તાનમાં ડેપ્યુટી કમિશ્નર કક્ષાના એક અધિકારીએ કોરોના થયો હોવા છતા કર્મચારી સાથે લેનારા ૬ અધિકારીઓ સામે કાર્યવાહી કરી છે.કોરોના પોઝિટિવ કર્મચારી ઈરાનથી પાછો ફર્યો હતો.તે ઈરાનમાં તીર્થ યાત્રા કરીને પાછો આવ્યો હતો.

જેના કારણે તેની સાથે બીજા ૬ અધિકારીઓએ સેલ્ફી લીધી હતી.જોકે તે સમયે તેનામાં કોરોનાના કોઈ લક્ષણ નહોતા.બાદમાં તેને કોરોના પોઝિટિવનુ નિદાન થયુ હતુ.ત્યાં સુધીમાંઆ સેલ્ફી કોઈએ સોશ્યલ મીડિયા પર અપલોડ કરી દીધી હતી.જેના પગલે હવે અધિકારીઓ સામે કાર્યવાહી થઈ છે. પાકિસ્તાન કોરોના સામે ઝઝૂમી રહ્યુ છે.પાકિસ્તાનમાં ૭૦૦ કરતા વધારે કોરોનાના દર્દીઓ સામે આવ્યા છે.બીજી તરફ પાકિસ્તાનને લોકડાઉન કરવા સામે ઈમરાનખાન સરકારે લાચારી જાહેર કરી છે.ઈમરાનખાનનુ કહેવુ છે કે દેશમાં ૨૦ટકા લોકો ગરીબીરેખા નીચે જીવે છે ત્યારે આખા શહેરને લોકડાઉન કરી શકાય નહીં.

ચીને હિંદ મહાસાગરમાં તૈનાત કર્યા ૧૨ અંડરવોટર ડ્રોન્સ

ન્યુ દિલ્હી

ચીને હિંદ મહાસાગરમાં ૧૨ અંડરવોટર ડ્રોન્સ ગોઠવ્યા છે. આ ડ્રોન્સને ગત ડિસેમ્બર મહિનામાં લોન્ચ કરવામાં આવ્યા હતા. આ વર્ષે ફેબ્રુઆરી મહિના સુધી તેના દ્વારા લગભગ ૩૫૦૦ મિશનને અંજામ આપ્યું છે.

'Sea wing gliders' નામથી ઓળખાનાર આ અંડરવોટર ડ્રોન્સમાં કોઈપણ હ્યૂમન ક્રૂ હોતા નથી, એટલે કે unmanned ડ્રોન્સ છે.

રિપોર્ટ અનુસાર આ ડ્રોન્સને ડિસેમ્બર મહિનામાં સમુદ્રના સર્વેના હેતુથી ચીની નૌસેનાના Xiangyanghong-6 શિપ દ્વારા હિંદ મહાસાગરમાં લોન્ચ કરવામાં આવ્યા હતા.

સુરક્ષા જાણકારોના અનુસાર ચીન તેના દ્વારા બીજા દેશની નૌસેનાની જાસૂસી કરી રહ્યું છે જોકે ચીન સરકારનો દાવો છે કે તે તેના îkhk oceanography વડે ડેટા એકઠો કરી રહ્યું છે.

ચીનના સી વિંગ ગ્લાઈડર્સ અંડરવોટર ડ્રોન્સ અમેરિકન નૌસેના દ્વારા ઉપયોગ કરવામાં આવનાર Littoral Battlespace Sensing-Glider (LBS-G) સાથે ખૂબ મેચ થાય છે.

૭ વર્ષથી ઓછી સજા છે તેમને પેરોલ આપી દોઃ સુપ્રિમ કોર્ટ

ન્યુ દિલ્હી

દેશમાં કોરોના વાયરસના સંક્રમણના ખતરાની વચ્ચે સુપ્રીમ કોર્ટે મોટો નિર્ણય લીધો છે. કોર્ટે કહ્યું છે કે દેશભરમાં હાજર તમામ જેલોમાં સજા કાપી રહેલા કેદીઓ જેમની સજા ૭ વર્ષથી ઓછી છે તેમને પરોલ આપી દેવામાં આવે. કોર્ટે કેદીઓને ૬ સપ્તાહ માટે પરોલ આપવાનું કહેવાયું છે.

કોર્ટે દ્વારા નક્કી કરાયેલા આ નિર્ણયમાં જેલોમાં હાજર કેદીઓને પરોલ મળવાનો રસ્તો સાફ થઈ ગયો છે. ઉલ્લેખનીય છે કે કોરોનાનો ખતરો દિવસેને દિવસે વધી રહ્યો છે. દેશમાં અત્યાર સુધી (૨૩ માર્ચ બપોરે ૧.૫૦ વાગ્યા સુધી) ૪૧૫ કેસ સામે આવી ચૂક્યાં છે જ્યારે ૭ લોકોના મોત થયા છે.

સુનાવણી બાદ સુપ્રીમે આદેશ આપતા કહ્યું કે રાજ્ય સરકારો આ મુદ્દે ઉચ્ચસ્તરીય કમિટીની રચાન કરે. આ સમિતિમાં કાયદા સચિવ, રાજ્ય લીગલ સર્વિસ ઑથોરિટીના ચેરમેન, જેલના ડીજીને શામેલ કરવામા આવે. આ કમિટી નક્કી કરશે કે ૭ વર્ષની સજા ધરાવતા મામલામાં કયા કેદીઓ અને અંડર ટ્રાયલ કેદીઓને પરોલ કે અંતરિમ જમાનત પર છોડી શકાય છે.

કોરોનાનો ડરઃ આરબીઆઇએ ચલણી નોટોનું છાપ કામ બંધ કર્યું

ન્યુ દિલ્હી

કોરોનાની વધતા લોકો બેબાકડા બની ગયા છે, લોકોને રોકડનો ઉપયોગ ટાળવો જોઈએ તેવી સતત અપીલ કરવામાં આવી રહી છે. લોકોને વધુને વધુ ડિજિટલ વ્યવહાર કરવા અપીલ કરવામાં આવી રહી છે. પરિસ્થિતિને જોતા, કોરનાની હાલની પરિસ્થિતિને કારણએ નાસિક ચલણી નોટની છાપકામગીરી ૩૧ માર્ચ સુધી બંધ કરવાનો નિર્ણય લીધો છે.

કરન્સી નોટ પ્રેસના યુનિયન નેતા જગદીશ ગોડસેએ કહ્યું કે અમે ૯૯ ટકા પ્રિન્ટિંગ લક્ષ્યાંક હાંસલ કર્યા છે. આ કામ ૨૦ માર્ચ સુધીમાં પૂર્ણ કરવામાં આવ્યું છે. તેથી અમે એક સાથે નિર્ણય કર્યો છે કે હવે છાપકામ કામ ૩૧ માર્ચ સુધી બંધ રહેશે.

દેશની સૌથી મોટી જાહેર ક્ષેત્રની બેંકે પણ ટ્વીટ કરીને લોકોને રોકડનો ઉપયોગ કરવાનું ટાળવાની અપીલ કરી છે.

એસબીઆઈએ પોતાની ટ્વિટમાં કહ્યું છે કે ઘણા લોકો નોટની ગણતરી કરતી વખતે થૂંકનો ઉપયોગ કરે છે, જેનાથી વાયરસ ફેલાવાનું જોખમ વધી જાય છે. આવી સ્થિતિમાં, નોટનો ઉપયોગ કરવાનું ટાળવાનો પ્રયાસ કરો.

ખુશખબર..!: ચીનમાં કોરોના વાઈરસના ૯૦ ટકા દર્દીઓ સ્વસ્થ થયા

બેઇજિંગ

કોરોના વાઈરસથી વિશ્વભરના દેશમાં અત્યાર સુધીમાં ૧૪૭૦૦થી વધારે લોકોના મોત થયા છે અને ત્રણ લાખ ૩૯ હજારથી વધારે પોઝિટિવ કેસ છે. ભારત સહિત વિશ્વભરમાં કોરોના વાઈરસને લઈને ફફડાટ છે. ત્યારે ચીન તરફથી આ વાઈરસના સંક્રમણને લઈને સારા સમાચાર આવ્યા છે. ચીને કહ્યું કે કોરોના પોઝિટિવ કેસમાંથી ૯૦ ટકા દર્દીઓ સાજા થઈ ગયા છે અને તેમને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે. કોરોના વાઈરસની શરૂઆત જ ચીનથી થઈ હતી અને ત્યા ૮૧ હજારથી વધારે કેસ નોંધાયા હતા. જેમાં ૩૨૭૭ લોકોના મોત થયા છે. ચીનના નેશનલ હેલ્થ કમીશને કહ્યું છેકે કોરોના સંક્રમિત દર્દીઓમાંથી ૯૦ટકા દર્દીઓ રિકવર થઈ ગયા છે અને તેઓને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે. આ નિવેદનમાં જણાવાય મુજબ હાલ ચીનમાં માત્ર ૫૧૨૦ દર્દીઓ જ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. ૮૧૦૯૩ દર્દીઓમાંથી ૭૨૭૦૩ દર્દીઓ સાજા થઈ ગયા છે.

કોરોનાનો ભયઃ પંજાબે સમગ્ર રાજ્યમાં કર્ફ્યુ લાગુ કર્યો

ન્યુ દિલ્હી

દેશમાં કોરોના વાયરસનાં વધતા કેસ વચ્ચે પંજાબમાં કર્ફ્યું લગાવી દેવામાં આવ્યું છે, આ દરમિયાન જરૂરી સેવાઓને છુટ આપવામાં આવી છે, રાજ્યનાં મુખ્ય પ્રધાન અમરિંદર સિંહે હુકમ આપ્યો છે.

દેશમાં અત્યાર સુંધીમાં ચેપના કેસ વધીને ૪૧૫ થયા છે, રવિવાર રાત્રે ચેપગ્રસ્ત લોકોની સંખ્યા ૩૬૦ થઈ છે, આ આંકડામાં ૪૧ વિદેશી નાગરિકોનો સમાવેશ થાય છે, અત્યાર સુંધીમાં ૭ મોત થયા છે.

આ પહેલા સોમવારે સવારે કેન્દ્ર સરકારે ૭૫ જીલ્લામાં જારી લોક ડાઉનને લઈને રાજ્યોને પત્ર લખ્યો હતો, રાદજ્ય સરકારોએ કહ્યું કે કોરોના વાયરસનો ફલાવો રોકવા માટે બંધનું કડકાઈથી પાલન કરાવે અને તેનું ઉલ્લંઘન કરનારા વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરે.

કેન્દ્ર અને રાજ્ય સરકારોએ રવિવારે દેશભરમાં એવા ૭૫ જીલ્લા કે જયાં કોરોના વાયરસનાં ચેપનાં કેસ બહાર આવ્યા છે તેને માર્ચ ૩૧ સુંધી બંધ કરવાનો નિર્ણય લીધો હતો.

ન્યૂઝીલેન્ડમાં બુધવારથી લોકડાઉન

દુનિયાભરમાં કોરોના વાયરસને કારણે ૧૪ હજારથી વધુ લોકોના મોત

વૉશિંગ્ટન

દુનિયાના ૧૯૨થી વધારે દેશ કોરોના વાયરસની લપેટમાં આવી ગયા છે. મહામારીને કારણે ૧૪,૬૧૬ લોકોના મોત થયા છે. ત્યાંજ ન્યૂઝીલેન્ડમાં વીતેલા ૪૮ કલાકમાં કોરોનાના કેસની સંખ્યા બમણી થઈ ગઈ છે. ત્યાંની સરકારે લોકડાઉન કરવાની જાહેરાત કરી છે. સરકારે સ્કૂલ, વ્યવસાય જેવી સેવાઓમાં લાગેલા લોકોની તૈયારીઓ માટે બે દિવસનો સમય આપ્યો છે.

ત્યાંજ ઈટાલીમાં વીતેલા ૨૪ ક્લાકમાં ૬૫૧ લોકોના મોત થયા છે. અહિંયા ૪,૮૨૬ સ્વાસ્થ્યકર્મી પણ કોરોનાથી સંક્રમિત થઈ ગયા છે. સ્પેનમાં પણ છેલ્લા ૨૪ કલાકમાં ૩૭૫ લોકોના થયા હોવાના એહવાલ પ્રાપ્ત થયા છે. સ્પેનના વડાપ્રધાન પેડ્રો સાંચેજે રવિવારે જણાવ્યું હતું કે, આગામી સમય વધારે મુશ્કેલ હોઈ શકે છે.

બ્રિટનના વડાપ્રધાન બોરિસ જોનસને જણાવ્યું હતું કે, દેશમાં સ્વાસ્થ્ય મંત્રાલય જ નહીં સરકાર અને દેશવાસીઓને સામે કોરોનાનો એક મોટો પડકાર છે. જો આવી જ સ્થિતિ રહેશે તો બ્રિટનની સ્થિતિ બે ત્રણ અઠવાડિયામાં ઈટાલી જેવી થઈ જશે. ઈટાલીની સ્થાસ્થ્ય સેવા બ્રિટનથી તો ઘણી સારી તેમ છતાં ત્યાંના ડોક્ટર અને હેલ્થ એક્સપર્ટ સ્થિતિને સુધારી શક્યા નથી. આપણે તેમનાથી શીખ લેવી જોઈએ.

વાહન કંપનીઓને થવા લાગી છે કોરોનાની અસર

મહિન્દ્રા, ટાટા અને હીરો મોટોમાં ૩૧ માર્ચ સુધી લોકડાઉન

ન્યુ દિલ્હી

મંદીના વાતાવરણમાંથી પસાર થઈ રહેલ દેશના વાહન ઉદ્યોગને કોરોનાએ એક વધુ ફટકો માર્યો છે. મારૂતિ સુઝુકીની સાથે મહિન્દ્રા, ટાટા મોટર્સ, હોન્ડા અને હીરો મોટો કોર્પએ ૩૧ માર્ચ સુધી પોતાના કારખાનાઓ બંધ કરવાનો નિર્ણય કર્યો છે.

મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાએ નાગપુર, ચાકન અને કાંદિવલી ફેકટરીમાં ઉત્પાદન બંધ કરવાનો નિર્ણય કર્યો છે. ટાટા મોટર્સે પૂણે પ્લાન્ટને ૩૧ માર્ચ સુધી બંધ કરવાનો નિર્ણય લીધો છે. હોન્ડા મોટરસાયકલ એન્ડ સ્કુટર ઈન્ડીયા (એચએમએસઆઈ)એ રવિવારે તાત્કાલિક અસરથી દેશમાના પોતાના બધા ચાર મેન્યુફેકચરીંગ યુનિટોમાં કામ બંધ કરવાની જાહેરાત કરી છે.

જ્યારે ફીયાટ ક્રિસલરે પણ રંજનગાંવ સ્થિત મેન્યુફેકચરીંગ યુનિટ ૩૧ માર્ચ સુધી બંધ કરવાનો નિર્ણય કર્યો છે. કોરોના વાયરસ સંકટ વચ્ચે ટાટા સમુહની કંપનીએ હંગામી કર્મચારીઓ અને રોજમદાર મજૂરોને માર્ચ - એપ્રિલનો પુરો પગાર આપશે.

ટાટા સન્સના ચેરમેન ચંદ્રશેખરને કહ્યું કે વર્તમાન પરિસ્થિતિમાં સૌથી વધુ નુકસાન સમાજના સૌથી નીચલા વર્ગને થશે. આવા સંકટના સમયે તેમના ગ્રુપની કંપનીઓ હંગામી અને રોજમદાર મજૂરોને આખો પગાર આપશે.

હવે ૧૫ એપ્રિલ સુધી કરી શકાશે ચુકવણી

એલઆઈસીનો મોટો નિર્ણયઃ પ્રીમિયમ ભરવાની અંતિમ તારીખ લંબાવી

ન્યુ દિલ્હી

કોરોના વાઈરસના વધી રહેલા વ્યાપ અને શહેરોમાં લોકડાઉનની અસર હવે વ્યાપક પ્રમાણમાં કોર્પોરેટ જગત પર જોવા મળવાની શરૂઆત થઈ ગઈ છે. દેશની સૌથી મોટી વિમા કંપની તરફથી ૭૫ ટકાથી વધારે વિમા બજારનો હિસ્સો ધરાવતી ભારતીય જીવન વિમા નિગમના ગ્રાહકોને મોટી રાહત આપી છે. ભારતીય જીવન વિમા નિગમ એ પ્રીમિયમની તારીખને વધારી છે. ભારતીય જીવન વિમા નિગમના મેનેજીંગ ડિરેક્ટર વિપિન આનંદે જણાવ્યું હતું કે તમામ પોલિસીધારકોને અપીલ છે કે તે કૃપા કરી ઘરની અંદર જ રહે અને પ્રીમિયમ ચુકવણી માટે ઓફિસ ન જાય. કોરોના વાઈરસના જોખમને જોતા ભારતીય જીવન વિમા નિગમના વર્તમાન પોલિસીઓના પ્રીમિયમની ચુકવણીની તારીખ ૧૫ એપ્રિલ ૨૦૨૦ સુધી વધારી છે. પોતાના પ્રીમિયમની ચુકવણી ઓન લાઈન કરી શકો છો. તેમણે કહ્યું કે અમે અમારા કર્મચારીઓને ઘરેથી કામ કરવા માટે પરવાનગી આપી છે અને અમારા માટે આ સૌથી મહત્વપૂર્ણ છે કે અમે કોરોના સામે સરકારના તમામ પ્રયત્નોમાં યોગદાન કરી શકે. તેમના મતે વિશેષ પ્લાનની ખરીદી ઓન લાઈન કરી શકાય છે અને સાથે ગ્રાહક પોર્ટલ અને એલઆઈસી એપથી પણ તેની ખરીદી કરી શકે છે. ઈન્ડિયા ફર્સ્ટ લાઈફ ઈન્સ્યોરન્સના ડેપ્યુટી સીઈઓ રુષભ ગાંધીએ જણાવ્યું હતું કે અમે અમારા કર્મચારીઓને ઘરેથી કામ કરવા પરવાનગી આપી છે.

કોરોના અસરઃ તકેદારીના ભાગરૂપે બ્રિટન મહારાણીને બીજા મહેલ મોકલાયા

લંડન

બકિંઘમ પેલેસના એક શાહી સહાયકમાં કોરોના વાયરસ સંક્રમણની પુષ્ટિ થઈ છે. જ્યારે મહારાણી એલિઝાબેથ દ્વિતીય પોતાના લંડન સ્થિત ઘરે હતાં. મહારાણી (૯૩)ને તકેદારીના ભાગરૂપે ગુરુવારે મહેલથી અનિશ્ચિતકાળ માટે વિન્ડસર પેલેસ મોકલી દેવામાં આવ્યા હતા અને તેમના તમામ પૂર્વ નિર્ધારિત કાર્યક્રમ રદ કરી દેવામાં આવ્યા હતા. એવા અહેવાલ છે કે તેઓ સ્વસ્થ છે.

બ્રિટિશ મીડિયા મુજબ, એ ખબર નથી કે સંક્રમિત શાહી સહાયક મહારાણીની કેટલી આસપાસ રહેતો હતો પરંતુ શાહી આવાસથી આવા તમામ કર્મચારી જે તે સહાયકના સંપર્કમાં હતા આ મામલો સામે આવ્યા બાદ તેમને અલગ રાખવામાં આવી રહ્યા છે. 'ધ સન' અખબારે એક શાહી સૂત્રના હવાલાથી કહ્યું કે, મહારાણીના વિન્ડસર રવાના થતાં પ્હેલા આ સહાયક સંક્રમિત મળ્યો હતો.

બકિંઘમ પેલેસે આ અહેવાલો પર ટિપ્પણી કરવાનો ઈકાર કર્યોઆ સહાયકની ઓળખ જાહેર નથી કરવામાં આવી અને માનવામાં આવી રહ્યું છે કે આ વાયરસ થી છેલ્લા સપ્તાહની શરૂઆતમાં સંક્રમિત હોવાનું બહાર આવ્યું હતું.

બકીંઘમ પેલેસએ આ અહેવાલો પર ટિપ્પણી કરવાનો ઈકાર કર્યો છે પરંતુ કહ્યું કે તેઓ કોવિડ-૧૯ મહામારીને ધ્યાને લઈ ચાલી રહેલા પરામર્શમાં જણાવવામાં આવેલા તમામ તકેદારીના પગલાં ઉઠાવી રહ્યા છીએ.

સ્પેનમાં ૧ દિવસમાં કોરોનાથી ૩૯૪નાં મોતથી ખળભળાટ

મેડ્રિડ

સ્પેનમાં ૨૨ માર્ચને રવિવારે કોરોના વાયરસથી ૩૯૪ લોકોના મોત થયાની સરકારે જાહેરાત કરી છે. ઈટાલી બાદ યુરોપમાં કોરોના વાયરસથી સૌથી વધુ અસરગ્રસ્ત આ દેશમાં મૃતકોની સંખ્યા ૧૭૨૦ થઈ ગઈ છે. શનિવારની તુલનામાં મૃત્યુઆંકમાં ૩૦ ટકાનો વધારો થયો છે.

સ્પેનના સ્વાસ્થ્ય વિભાગના આંકડા અનુસાર કોરોના વાયરસની પુષ્ટિના કેસોની સંખ્યા ૩૬૪૬ વધી છે, અર્થાત ૧૪.૬ ટકાના વધારા સાથે કુલ કેસોની સંખ્યા ૨૮૫૭૨ થઈ ગઈ છે. અધિકારીઓએ આગામી દિવસોમાં કોરોના વાયરસના કેસોની સંખ્યા વધવા અંગેની ચેતવણી આપી છે. ૧૭૮૫ લોકો ગંભીર રીતે સારવાર કરાવી રહ્યા છે.

તંત્રી લેખ

એકતાનુ શંખનાદ ફુંકાયુ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જનતા કર્ફ્યુની અપીલ બાદ રવિવારના દિવસે દેશભરમાં સન્નાટાનો માહોલ જોવા મળ્યો હતો. આ ભારતના ઈતિહાસમાં હજુ સુધીના કોઈ પણ રાજકીય ભારત બંધની જાહેરાત કરતા અલગ પ્રકારની સ્થિતી સમાન રહેતા આના ચર્ચા દુનિયામાં થઈ રહી છે. લોકોએ દેશભરમાં જોરદાર રીતે ઘરમાં રહીને એક એવો દાખલો બેસાડી દીધો છે જેને હમેંશા યાદ રાખવામાં આવનાર છે. બજારો ખુલ્યા ન હતા. માર્ગો વિરાન દેખાયા હતા. સાંજે થાળી, તાળી, શંખ અને ઘડિયાળો વગાડી દેવામાં આવી હતી. જનતા કર્ફ્યુને જે રીતે જનસમર્થન મળ્યુ હતુ તે દેશની એકતાના ગુણના દાખલા સમાન છે. જેને લઈને વર્ષો પહેલા કહેવામાં આવ્યુ હતુ કે કુછ બાત હે કિ હસ્તી મિટતી નહીં હમારી. જનતાએ પોતાની તરફથી જનતા કર્ફ્યુ લગાવીને એક પ્રકારનો અભૂતપૂર્વ દાખલો બેસાડી દીધો છે. પ્રજાએ પોતાની તરફથી જનતા કર્ફ્યુ લગાવીને તમામ નિયમો જ પાળ્યા નથી બલ્કે તેમની જવાબદારી પણ અદા કરી છે. પ્રજાએ સાબિતી આપી દીધી છે કે સ્વસ્થ દેશ માટે થોડાક દિવસ માટે જો તેને પરેશાની આવે છે તો તેનો સામનો કરવા માટે તૈયાર છે. આ સમર્થનથી કેન્દ્ર અને રાજ્ય સરકારોની નૈતિક તાકાત અનેક ગણી વધી જશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોરોના વાયરસને રોકવા માટે જનતા કર્ફ્યુની હાકલ કરી હતી. પ્રજાના એક દિવસ ઘરમાં રહેવાથી કોરોના પર કેટલા હદ સુધી નિયંત્રણની સ્થિતી રહી છે તે બાબત અંગેની માહિતી તો મોડેથી જ જાણી શકાશે પરંતુ જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેનાથી ચિંતા તો ચોક્કસપણે વધી ગઈ છે. રવિવારના દિવસે કેટલાક વધારે કેસો સપાટી પર બાદ કેસોની સંખ્યા વધારે થઈ છે. બેકાબુ થઈ રહેલા કોરોના વાયરસને ધ્યાનમાં લઈને રેલવે દ્વારા તમામ પેસેન્જર ટ્રેનોને રદ કરી દીધી છે. વર્ષ ૨૦૦૯માં જ્યારે સ્વાઈન ફ્લુને મહામારી જાહેર કરવામાં આવી ત્યારે પણ આવી સ્થિતી સર્જાઈ ન હતી. રેલવે દ્વારા તમામ પેસેન્જર અને મેઈલ ટ્રેનોને રોકી દેવાની જાહેરાત કરવામાં આવી છે. જે સ્થિતીની ગંભીરતા દર્શાવે છે. ભારતે તો કોરોના વાયરસના ફેલાવાની શરૂઆત થતાની સાથે જ રોકવાના પગલા લેવાની શરૂઆત કરી દીધી હતી. હવે યુદ્ધસ્તર પર તેનો સામનો કરવામાં આવી રહ્યો છે. સારી બાબત એ છે કે ઈટાલી, ઈરાન અને અન્ય કેટલાક દેશોની જેમ ભારતમાં આ બિમારી સામુદાયિક સ્તર પર ફેલાઈ નથી. જે મામલા સપાટી પર આવી રહ્યા છે તે અલગ અલગ રાજ્યોના અલગ અલગ વિસ્તારમાંથી આવી રહ્યા છે. સામુદાયિક સ્તર પર ભારતમાં કોરોના વાયરસ ફેલાઈ જવાની કોઈ સ્થિતી નથી. આ એ સરકારી સંસ્થાઓની મોટી સફળતા છે જે રાત દિવસ બિમારીને રોકવા માટે લાગેલી છે. આ પણ કોઈ મોટી સિદ્ધીથી કમ નથી કે કોરોનાને સ્ટેજ-૩માં પહોંચી જવાની તક આપવામાં આવી નથી. કારણ કે ત્યારબાદ ખતરો બેકાબુ થવાની દહેશત રહે છે. રવિવારના દિવસે જનતા કર્ફ્યુ બાદ નવી આશા જાગી છે. હાલમાં લોકોને વધુ થોડાક દિવસ ઘરમાં રહેવાની જરૂર છે. આવી સ્થિતીમાં સરકારોની ફરજ છે સામાન્ય લોકોની જરૂરિયાતને પણ ધ્યાનમાં લે. તેમના સુધી તમામ ચીજો પહોંચે તે જરૂરી છે.

પ્રજાની દરરોજની જરૂરીયાત તરફ ધ્યાન આપવાની સરકારની જવાબદારી બને છે

ઈતિહાસમાં આ પ્રકારની સ્થિતી ઓછી આવે છે

હાલ પ્રજાની શુ ભૂમિકા છે

કોરોના વાયરસ હવે ભારતમાં પણ જુદા જુદા રાજ્યોને સકંજામાં લેતા હવે તમામ રાજ્યો વધારે એલર્ટ બની ગયા છે. કોરોના વાયરસના કારણે હાલમાં જે સ્થિતી સર્જાઈ ગઈ છે તે પ્રકારની સ્થિતી ઈતિહાસમાં ખુબ ઓછી આવે છે. સામાન્ય લોકોને પોતાની સુરક્ષાની ખાતરી કરવા માટે યોગ્ય પગલા લેવા જોઈએ. જેમાં વારંવાર હાથ ધોવા, સાફ સુથરા રહેવાની બાબત પણ સામેલ છે. સ્વસ્થ વ્યવહાર અને યોગ્ય જીવનશૈલી અપનાવવાની જરૂર દેખાઈ રહી છે. સામાજિક અંતરને જાળવી રાખવાની જરૂર છે. જરૂર ન હોય તો બહાર નિકળવાના પ્રયાસ કરવા જોઈએ નહીં. તેમને સોશિયલ મિડિયા પર ફેલાવવામાં આવી રહેલા ખોટા મેસેજથી ભયમાં મુકાવવાની જરૂર નથી. અફવાથી દુર રહેવાની જરૂર હોય છે. સોશિયલ મિડિયા પર ફેલાતા સંદેશોથી બચવાની જરૂર હોય છે. યોગ્ય સોર્સ મારફતે તમામ માહિતી એકત્રિત કરવાની જરૂર હોય છે. કોરોનાની નકારાત્મક અસર અસર આરોગ્ય પર થઈ રહી છે. તેની અસર અર્થવ્યવસ્થા પર ખરાબ રીતે થઈ રહી છે. દરરોજ નોકરી કરીને ગુજારો કરતા લોકોની હાલત ખરાબ થઈ રહી છે. બેરોજગારોની હાલત ખરાબ તઈ રહી છે. મોટા ભાગના દેશોએ હાલમાં કોરોનાનો સામનો કરવા માટે આર્થિક પેકેજની જાહેરાત કરી દીધી છે. મોદીએ કોવિડ-૧૯ માટે ઈકોનોમિક રિલીફ ફંડની રચના કરી દીધી છે. અસરગ્રસ્ત વિસ્તારો માટે આર્થિક રાહત પેકેજની જાહેરાત તરત કરવામાં આવે તે જરૂરી છે. કમજોર વસ્તીને સીધી રીતે રોકડ રકમની ચૂકવણી કરવામાં આવે તે જરૂરી છે. અમે વિતેલા વર્ષોમાં અનેક ખતરનાક બિમારીઓને હાર આપી ચુક્યા છીએ. હવે જરૂર માત્ર મજબુત ઈરાદાની અને મજબુત ઈચ્છાશક્તિની રહેલી છે. સરકારને સહકાર આપવાની પણ જરૂર છે. સંયમ તેમજ જવાબદારી અદા કરવાનો આ સમય રહેલો છે. કોરોનાને પરાજિત કરવામાં સફળતા સાવધાની સાથે જ મળશે.

કોરોનાને રોકવા મોટા પાયે પ્રારંભિક પરીક્ષણ જરૂરી છે કારણ કે...

વધુ સાહસિક પગલાની જરૂર છે



હજુ સુધી જે દેશો અને ક્ષેત્રોમાં કોરોનાનો ફેલાવો રોકાયો છે ત્યાં તપાસની પ્રક્રિયા વધારે તીવ્ર બની છે : કોરિયા, જાપાન, તાઈવાન સામેલ

ચીનના વુહાન ખાતેથી કોરોના વાયરસના ફેલાવાની શરૂઆત થયા બાદ હવે કોરોના વાયરસે દુનિયાના ૧૯૨ દેશોને પોતાના સકંજામાં લઈ લીધા બાદ સમગ્ર દુનિયામાં હાહાકાર છે. જેમાં ભારત પણ સામેલ છે. સૌથી ચિંતાજનક બાબત તો એ છે કે આ કોરોના વાયરસને રોકવા માટે હજુ સુધી દુનિયાના કોઈ દેશ પાસે હાલમાં વેક્સીન અથવા તો દવા નથી. હજુ અમને આ બાબતની પણ માહિતી નથી કે દવા ક્યારેય ઉપલબ્ધ બનશે.વિશ્વના બીજા સૌથી વધુ વસ્તીવાળા દેશ હોવા છતાં ભારતમાં કોરોના વાયરસ બેકાબુ ન હોવાની બાબત દર્શાવે છે કે દેશમાં મજબુત નેતૃત્વ છે. મજબુત નેતૃત્વ ક્ષમતાના કારણે જ આજે દેશમાં અન્ય દેશોની તુલનામાં કોરોના વાયરસના કેસો ઓછા નોંધાઈ રહ્યા છે. જ્યારે વાયરસ દુનિયાના દેશોને પોતાના સકંજામાં લઈ રહ્યો હતો ત્યારે ભારત સરકારે અતિ ઝડપથી નિર્ણય લેવાની શરૂઆત કરી દીધી હતી. આના કારણે ભારતમાં ઘણા અંશે વાયરસના ફેલાવાને રોકવામાં સફળતા મળી રહી છે. જેમાં મુખ્યરીતે આંતરરાષ્ટ્રીય યાત્રીઓના પ્રવેશ પર પ્રતિબંધની બાબત સામેલ છે. વીઝા સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે જોરદાર રીતે સક્રિય દેખાયા હતા. વરિષ્ઠ પ્રધાનો સાથે સતત સમીક્ષા, વિદેશમાં ફસાયેલા ભારતીયોને લાવવા અને તબીબી કર્મચારીઓને રાષ્ટ્રીય સ્તર પર ટ્રેનિંગ જેવી બાબતો સામેલ રહેલી છે. વિદેશથી આવતા લોકોની એરપોર્ટ પર સ્ક્રીનિંગ જેવા નિર્ણયોની અસર પણ ભારતમાં રહી છે. શૈક્ષણિક સંસ્થાઓને બંધ કરવાની બાબત પણ ઉપયોગી છે. જાહેર સ્થળો પર લોકોની અવરજવરને રોકી દેવાની બાબત પણ ઉપયોગી રહી છે. સરકાર દ્વારા તમામ રાજ્યોને ટેસ્ટિંગની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટેની બાબત આમાં સામેલ છે. વ્યાપક જનજાગૃતિ કાર્યક્રમ પણ ચાલી રહ્યા છે જેના કારણે ફાયદો થઈ રહ્યો છે. જો કે હજુ સાહસિક નિર્ણયની જરૂર દેખાઈ રહી છે. વધારે તપાસની જરૂર દેખાઈ રહી છે. ભારતમાં કોરોના શંકાસ્પદ લોકોની ઉંડી તપાસ પણ ઉપયોગી બાબત છે. શંકાસ્પદ લોકો અને ઈન્ફેક્શનગ્રસ્ત લોકોની તપાસ માટે દર હજુ પ્રમાણમાં ઓછો છે. આ એક ટેસ્ટ પ્રતિ દસ લાખ છે. વિયતનામમાં આ દર ૪૦ ટેસ્ટ પ્રતિ દસ લાખ છે. ભારતમાં એક દિવસમાં ૮૦૦૦ નમુનાના પરીક્ષણની ક્ષમતા રહેલી છે. છતાં અહીં હાલમાં માત્ર એક દિવસમાં ૧૦૦ પરીક્ષણ કરવામાં આવી રહ્યા છે. જેને વધારી દેવાની જરૂર છે. હજુ સુધી જે દેશો અને ક્ષેત્રમાં કોરોના વાયરસને કાબુમાં લેવામાં અને કેસોને ઘટાડી દેવામાં સફળતા મળી છે તેમાં તપાસની પ્રક્રિયાને ખુબ ઝડપી કરવામાં આવી છે. જે દેશોમાં તપાસની પ્રક્રિયાને તીવ્ર કરવામાં આવી છે તેમાં દક્ષિણ કોરિયા, જાપાન, સિંગાપોર અને તાઈવાન સામેલ છે. પ્રારંભિક અને મોટા પાયે પરીક્ષણ ખુબ જરૂરી છે. કારણ કે આ બાબતની શક્યતા રહેલી છે કે વાયરસ તમારા શરીરમાં પ્રવેશ કરી ગયો હોય અને તેના લક્ષણ હાલમાં ન દેખાતા હોય. ભારતને દક્ષિણ કોરિયાની પાસેથી શિખવાની જરૂર છે. દક્ષિણ કોરિયાના સામુહિક પરીક્ષણથી આ બાબત સાબિત થઈ ગઈ છે કે યુવાનો મોટા પાયે ઈન્ફેક્શનથી ગ્રસ્ત થઈ રહ્યા છે. જો કે તેમનામાં કોઈ લક્ષણ દેખાતા નથી. આવા લોકોની ઓળખ કરીને તેમને અલગ રાખી દેવામાં આવે તો ખુબ ફાયદો થઈ શકે છે. આવા પ્રયોગ કરવાના કારણે દક્ષિણ કોરિયા જેવા દેશો વાયરસના ફેલાવાને રોકવા માટે અને તેના મૃત્યુદરને નીચે રાખવામાં સફળ રહ્યા છે. અમને સમયસર કોરોનાગ્રસ્ત લોકોને ઓળખી કાઢવાની જરૂર છે. કોમ્યુનિટી ટ્રાન્સમિશનના હજુ સુધી કોઈ પુરાવા મળ્યા નથી. જેથી સરકારે વધારે ટેસ્ટિંગ પ્રક્રિયા હાથ ધરી નથી. જો કે હાલમાં સરકારને વધુને વધુ ટેસ્ટિંગ પર ધ્યાન આપવાની જરૂર છે. આ કોરોનાના ફેલાવાને રોકવામાં ખુબ અસરકારક સાબિત થઈ શકે છે. સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં આવનાર શ્વાસ સાથે સંબંધિત તમામ દર્દીઓના ટેસ્ટિંગ, રેન્ડમ ટેસ્ટિંગ હવે જરૂરી છે. વિદેશથી આવેલા ભારતીયોના પણ ટેસ્ટિંગ જરૂરી છે. વર્તમાનમાં ભારતમાં કોરોનાના મામલા સરળ રીતે ફેલાયેલા મળ્યા છે. કોરોનાના કારણે વધારે તપાસ તીવ્ર બનાવી દેવાની જરૂર છે.

સુપર સ્પ્રેડરથી ગ્રસ્ત એક જ વ્યક્તિ સેંકડોમાં કોરોના ફેલાવી શકે...

કોરોનામાં એક સુપર સ્પ્રેડર કોરોના



કોમ્યુનિટી ટ્રાન્સમિશનની જો શરૂઆત થશે તો કેસોમાં જોરદાર ભડકો થશે : ઈટાલી-ચીન જેવી સ્થિતીને રોકવા માટે કઠોર લોકડાઉન જરૂરી

કોરોના વાયરસના કારણે સમગ્ર દુનિયામાં ભારે હાહાકાર ફેલાયેલો છે. એક પછી એક દેશ કોરોના વાયરસના સકંજામાં આવી રહ્યા છે. હાલમાં ભારતમાં કોરોનાના મામલા સરળ રીતે ઈન્ફેક્શનગ્રસ્ત થયેલા મળ્યા છે.પરંતુ કોરોનામાં એક સુપર સ્પ્રેડર પણ હોઈ શકે છે. જેનો અર્થ છે કે ખુબ ઈન્ફેક્શન ધરાવનાર વ્યક્તિ. આ વધારે અસરગ્રસ્ત દર્દી થોડાક સમયામાં જ સેંકડો લોકોને અસરગ્રસ્ત કરી શકે છે.આ બાબત ચીનના વુહાનમાં જોવા મળી છે. જ્યાંથી કોરોના વાયરસની શરૂઆત થઈ હતી. વુહાનમાંથી જ આવા સુપર સ્પ્રેડર કોરોના વાયરસની શરૂઆત થયા બાદ હવે ૧૯૨ દેશમાં તેનો હાહાકાર છે. હવે ભારતમાં ૪૦૦થી વધુ કેસો કોરોનાના નોંધાઈ ચુક્યા છે. અમને સાવધાન રહેવાની જરૂર છે. અમે સ્ટેજ-૨માં છીએ. હવે અમે એવા મામલાની સંખ્યામાં જોરદાર રીતે ઉછાળો જોનાર છીએ જે અમને ઈટાલીની જેમ સ્ટેજ-૨થી ત્રણ સુધી ઝડપથી ઈન્ફેક્શનની યાદીમાં મુકી દેશે. જેને અમને તરત જ રોકવાની જરૂર દેખાઈ રહી છે. આના માટે કેન્દ્ર સરકારની સાથે સાથે રાજ્ય સરકારોને વધારે કઠોર પગલા લેવાની જરૂર પડનાર છે. જેમ કે કરફ્યુ અને અન્ય નિર્ણયોના માધ્યમથી ઉચ્ચ ખતરાવાળા તેમજ જોખમી શહેરો તેમજ વિસ્તારોને તરત જ લોકડાઉન કરવાની બાબત ઉપયોગી રહેશે. કઠોર રીતે લાલ આંખ કરીને વિદેશથી પરત ફરેલા લોકોને અન્ય લોકોથી અલગ રાખવા માટેની બાબત પણ સામેલ છે. આરોગ્ય કેન્દ્ર અને રાજ્યો બંનેના વિષય છે જેથી બંનેને સાથે મળીને આરોગ્ય વિષયક નિર્ણયોને કઠોર રીતે લાગુ કરવાની જરૂર દેખાઈ રહી છે. તમામ જગ્યા પર તરત જ લોકડાઉન કરવાની જરૂર દેખાઈ રહી છે. જો આવુ થશે તો જ અમે ઈટાલી અને ચીન જેવી સ્થિતીમાંથી બચી શકીએ છીએ. ભારતમાં આશરે એક લાખ કરતા પણ ઓછા આઈસીયુ બેડ છે. સાથે સાથે આના કરતા પણ ઓછી સંખ્યામાં વેન્ટીલેટર છે. જે અપુરતા કહી શકાય છે. કારણ કે કોરોના માટે આશરે પાંચ ટકા મામલા માટે આઈસીયુ જરૂરી છે. જો કોમ્યુનિટી ટ્રાન્સમિશન પ્રારંભ થઈ જશે તો અસરગ્રસ્ત દર્દીઓની સંખ્યામાં જોરદાર વધારો થઈ શકે છે. સાથે સાથે આઈસીયુ બેડ પણ અપુરતા સાબિત થઈ જશે. આગામી બે સપ્તાહમાં સરકારને પુરતા પ્રમાણમાં આઈસીયુ બેડ સ્થાપિત કરવાની જરૂર દેખાઈ રહી છે. અમે ચીનની જેમ અસ્થાયી હોસ્પિટલની શરૂઆત કરી શકીએ છીએ. આ ઉપરાંત આરોગ્ય કર્મચારીઓની ઉપલબ્ધતા તેમજ તેમની ટ્રેનિંગની ખાતરી કરવી પડશે. તમામ કામ યુદ્ધના ધોરણે કરવાની જરૂર દેખાઈ રહી છે. સરકારને પ્રાઈવેટ સેક્ટરના હોસ્પિટલની સાથે મળીને આરોગ્ય સેવા માટે યોજના બનાવવાની જરૂર છે. જેથી આઈસીયુ બેડની વ્યવસ્થા ઉભી થઈ શકે. સાથે સાથે આઈસોલેશન બેડની વ્યવસ્થા પણ ઉભી કરવાની બાબત પ્રાથમિકતામાં રહે તે જરૂરી છે.ભારતમાં હવે કોરોના વાયરસના કેસો વધી રહ્યા છે ત્યારે કેન્દ્ર સરકાર અને જુદા જુદા રાજ્યોમાં પણ વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. કોરોના કેસોની સંખ્યામાં અવિરત વધારો થઈ રહ્યો છે. ભારતમાં પણ ચિંતાનુ મોજુ સામાન્ય લોકોમાં જોવા મળી રહ્યુ છે. કોરોનાને રોકવાના હેતુસર સાવચેતીના પગલા લેવાનો સિલસિલો જારી છે. ધાર્મિક સ્થળોને પણ એક પછી એક બંધ કરવામાં આવી રહ્યા છે. ઐતિહાસિક સ્મારકોને પણ બંધ કરવામાં આવી રહ્યા છે. હજુ વધારે કઠોર નિયમો પાળીને સંપૂર્ણ રીતે લોકડાઉન કરવાની જરૂર દેખાઈ રહી છે. દુનિયાના ૧૯૨ દેશોમાં કોરોના વાયરસના કારણે ભારે હાહાકાર જારી છે. મોતનો આંકડો અને કેસોની સંખ્યામાં ચિંતાજનકરીતે વધારો થઈ રહ્યો છે. કોરોનાના કેસોની સંખ્યા વધીને હવે ૩૩૮૭૨૪ પહોંચી ગઈ છે. આવી જ રીતે મોતનો આંકડો દુનિયાના દેશોમાં વધીને ૧૪૬૮૭ ઉપર પહોંચી ગયો છે. ભારે અંધાધુંધી અને દહેશત વિશ્વના દેશોમાં જારી રહી છે. વિશ્વના દેશોમાં રિક્વર થયેલા લોકોની સંખ્યા હવે ૯૯૦૦૩ થઈ ગઈ છે. આવી જ રીતે ચીનમાં કુલ કેસોની સંખ્યા ૮૧૦૯૩ રહી છે. નવા ૩૯ કેસો સપાટી પર આવ્યા છે. ઈટાલી, અમેરિકા, દક્ષિણ કોરિયા, સ્પેન, ફ્રાન્સમાં હાલ હાલત ખરાબ છે.

ટોકિયો ઓલિમ્પિક્સ મુલતવી રાખવાનું કદાચ અનિવાર્ય બનશેઃ શિન્ઝો એબે

ટોક્યો

આગામી ઉનાળુ ઓલિમ્પિક રમતોત્સવ અને દિવ્યાંગજનો માટેના પેરાલિમ્પિક રમતોત્સવને કોરોના વાઈરસના ફેલાવાને કારણે મુલતવી રાખવાનું કદાચ અનિવાર્ય બનશે એવું જાપાનના વડા પ્રધાન શિન્ઝો એબેએ જણાવ્યું છે. એબેએ જાપાનની સંસદમાં જણાવ્યું કે ખતરનાક રોગચાળા ઝૅફેંદ્ધ-૧૯ના ફેલાવાને કારણે ટોકિયો ઓલિમ્પિક્સ-૨૦૨૦ને મુલતવી રાખવા અનિવાર્ય બની શકે છે.

ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટી આગામી અઠવાડિયાઓમાં કોરોનાને કારણે ઊભી થયેલી પરિસ્થિતિની ટોકિયોગેમ્સના આયોજન પર થયેલી અસરોનો અભ્યાસ કરવાની



છે અને ત્યારબાદ પોતાનો નિર્ણય જાહેર કરશે. તેઓ પણ ગેમ્સને મુલતવી રાખવાના મુદ્દે ચર્ચા કરવાના છે.

એબેએ સંસદમાં કહ્યું કે એથ્લીટ્સની સુરક્ષા આપણે મન સૌથી મહત્ત્વની છે એટલે ઓ લિમ્પિક્સ-૨૦૨૦ને મુલતવી રાખવાનું કદાચ અનિવવાર્ય બનશે. ટોકિયો શહેરમાં આવતી ૨૪ જુલાઈથી ૯ ઓગસ્ટ સુધી ઓલિમ્પિક ગેમ્સ યોજવાનું નિર્ધારિત કરાયું છે.

પવિત્ર ઓલિમ્પિક જ્યોત ગ્રીસના એથેન્સ શહેરમાંથી ગયા શુક્રવારે ટોકિયો આવી પહોંચી હતી. ટોર્ચ રીલે (જ્યોતની રીલે સફર) ૨૬ માર્ચથી યોજવાનું પણ નક્કી કરાયું છે, પરંતુ કોરોનાનાં ફેલાવાએ ચિંતા ઊભી કરી દીધી છે.

દરમિયાન, કેનેડા ટોકિયો ઓલિમ્પિક્સમાંથી ખસી ગયું છે. કેનેડિયન ઓલિમ્પિક કમિટીએ જાહેરાત કરી દીધી છે કે કોરોના વાઈરસના ફેલાવાને કારણે ગેમ્સને એક વર્ષ સુધી મુલતવી રાખો તો જ અમે ભાગ લઈશું. જો આ વર્ષના જુલાઈમાં જ યોજવાના હો તો અમે અમારા એથ્લીટ્સને નહીં મોકલીએ. કોરોના રોગચાળાને કારણે ઓલિમ્પિક્સનો બહિષ્કાર કરવાની ધમકી આપનાર કેનેડા દુનિયાનો પહેલો જ દેશ છે.

ગલી બોય બાદ રણવીર-આલિયા ફિલ્મ બૈજુ બાવરામાં દેખાશે

મુંબઇ

'ગલી બોય' ફિલ્મમાં રણવીર સિંહ અને આલિયા ભટ્ટ પહેલીવાર સાથે દેખાય હતા. હવે ફરીવાર તેઓ સંજય લીલા ભણસાલીની ફિલ્મમાં દેખાશે. રિપોર્ટ મુજબ સંજય લીલા ભણસાલીની 'બૈજુ બાવરા'ની રિમેક ફિલ્મમાં આલિયા ભટ્ટ અને રણવીર સિંહ લીડ રોલમાં હશે.

૧૯૫૨ની ફિલ્મ 'બૈજુ બાવરા'ની આ રિમેક ફિલ્મ હશે. ઓરિજિનલ ફિલ્મમાં ભારત ભૂષણ અને મીના કુમારી લીડ રોલમાં હતા.આ ફિલ્મને વિજય ભટ્ટે ડિરેક્ટ કરી હતી જેમાં ભારત બૈજુનાથ બાવરાના રોલમાં



હતા અને મીના કુમારી ગૌરીના રોલમાં હતા.

આલિયા ભટ્ટ ઓલરેડી સંજય લીલા ભણસાલીની 'ગંગુબાઈ કાઠિયાવાડી' નામની ફિલ્મ કરી રહી છે. તે પહેલીવાર સંજય લીલા ભણસાલી સાથે કામ કરી રહી છે જ્યારે રણવીર સિંહે તો ઘણી ફિલ્મોમાં સંજય લીલા ભણસાલી સાથે કામ કર્યું છે. તેમાં 'બાજીરાવ મસ્તાની', 'રામ લીલા' અને 'પદ્માવત' સામેલ છે.

શું તમને ખાતરી છે કે ત્રણ મહિના પછી તમે જીવતાં હશો..!?: શોએબ અખ્તર

ઈસ્લામાબાદ

પાકિસ્તાનના પૂર્વ ફાસ્ટ બોલર શોએબ અખ્તરે પોતાની યુટ્યુબ ચેનલ પરના એક વીડિયોમાં લોકોને અપીલ કરી હતી કે તેઓ ઘરની વસ્તુઓ અને કરિયાણાનો સંગ્રહ કરે નહિ. અખ્તરે કહ્યું કે, "વિશ્વભરના મારા બધા ચાહકોને વિનંતી કરું છું કે, કોરોનાવાઇરસ એક વૈશ્વિક કટોકટી છે અને આપણે વૈશ્વિક શક્તિ તરીકે વિચારવું પડશે. અત્યારે બધે લોકડાઉન થઈ રહ્યું છે જેથી વાઇરસ ફેલાય નહીં. જો તમે બહાર ફરી રહ્યા છો અને પબ્લિક પ્લેસ પર લોકોને મળો છો તો તેનાથી બધાનું નુકસાન થશે.



જો તમે વસ્તુઓ સંગ્રહ કરી રહ્યા છો, તો કૃપા કરીને દૈનિક વેતન કામદારો વિશે વિચારો. સ્ટોર્સ ખાલી છે. તમે ત્રણ મહિના પછી જીવતાં હશો તેની ગેરેન્ટી છે? દૈનિક વેતન કામદાર વિશે વિચારો, તે તેના પરિવારને કેવી રીતે ખવડાવશે? લોકો વિશે વિચારો, સમય માનવ બનવા માટેનો છે, હિન્દુ કે મુસ્લિમ નહી. લોકોએ એકબીજાની મદદ કરવી પડશે, ભંડોળ એકત્રિત કરવું પડશે.

અમીર હજી પણ જીવી લેશે; ગરીબો કેવી રીતે ટકશે? વિશ્વાસ રાખો. આપણે પ્રાણીઓની જેમ જીવીએ છીએ, માણસોની જેમ જીવીએ તો સારું. મદદરૂપ થવાનો પ્રયત્ન કરો, કૃપા કરીને સામગ્રી કરવાનું બંધ કરો. સમય છે આપણે એકબીજાની સંભાળ રાખીએ. આ માનવ બનીને એકબીજાની મદદ કરવાનો સમય છે, " તેણે ઉમેર્યું.

૬૮ વર્ષીય ફિલ્મ મેકર હાર્વે વેનસ્ટેનને કોરોના પોઝિટિવ

લોંસ એંજલ્સ

ચીનમાંથી શરૂ થયેલા કોરોના વાયરસે હાલમાં આખી દુનિયાને ભરડામાં લઈ લીધી છે અને ૩ લાખ કરતાં પણ વધારે કેસ પોઝિટીવ નોંધાયા છે. તેમજ ૧૩ હજાર કરતાં વધારે લોકોના મોત થયા છે. મોટાભાગે એવા લોકોને આ કોરોના થઈ રહ્યો છે કે જેઓ ટૂંક સમયમાં જ મુસાફરી કરીને આવ્યા હોય. પરંતુ હાલમાં એક કિસ્સો અજીબ સામે આવ્યો છે. હોલિવૂડના એક પ્રખ્યાત ફિલ્મ મેકરને જેલમાં કોરોના પોઝિટીવ આવ્યો છે. મામલો સામે આવતા બધા જ ધ્રુજી ઉઠ્યા છે.

૬૮ વર્ષનો ફિલ્મ મેકર



હાર્વે વેનસ્ટેનને જેલમાં મેડિકલ તપાસમાં કોરોના પોઝિટીવ આવ્યો છે. ન્યૂયોર્ક રાજ્ય સુધાર અધિકારી અને પોલીસ વેલફેયર એસોશિએશનના અધ્યક્ષ માઈકલ પાવરે હાર્વેને કોરોના પોઝિટીવની પુષ્ટિ કરી છે. તેણે એમ પણ કહ્યું કે, હાર્વેને કોરોના પોઝિટીવ છે અને તરત જ વેંડી સુધાર સુવિધામાં આઈસોલેશનમાં મોકલી દેવામાં આવ્યો છે.

અધિકારીએ જણાવ્યું કે, હાર્વેને કોરોના પોઝિટીવ છે એ વાતની જાણ રવિવારે રિપોર્ટમાં થઈ છે. ત્યારબાદ સ્ટાફના તમામ લોકોને પણ તપાસમાં મોકલવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, કેટલીય અભિનેત્રી અને મહિલાના યૌન શોષણના આરોપમાં હાર્વેને ૧૧ માર્ચે ૨૩ વર્ષની જેલની સજા કરવામાં આવી હતી. તે હાલમાં ઉત્તરી ન્યૂયોર્ક પ્રાંતની જેલમાં છે. આવી હાલતમાં કોરોના એ હાર્વે માટે ખુબ ખતરનાક સાબિત થઈ શકે છે.

કોરોના કહેર વચ્ચે સુરેશ રૈનાની પત્નિએ દિકરાને જન્મ આપ્યો

મુંબઇ

જીવલેણ કોરોના વાયરસના કારણે હાલ દેશમાં ક્રિકેટની બધી મેચ રદ કરવામાં આવી છે. જેથી ટીમ ઇન્ડિયાના બધા ખેલાડી હાલ પોતાના પરિવાર સાથે સમય પસાર કરી રહ્યા છે. વૈશ્વિક મહામારી કોરોના વાયરસના કારણે આખું વિશ્વ હચમચી ગયું છે. ભારતમાં પણ કોરોના વાયરસના કેસ સતત વધી રહ્યા છે. કોરોના વાયરસની ગંભીરતાને જોતા કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોએ નાગરિકોને કામ વગર ઘરની



બહાર ન નીકળવા સૂચન કર્યા છે. ત્યારે આવી ગંભીર સ્થિતિમાં ટીમ ઇન્ડિયાના સ્ટાર અને જાણીતા ખેલાડી સુરેશ રૈના માટે એક સારા સમાચાર આવ્યા છે.

મીડિયા રિપોર્ટ મુજબ સોમવારે સુરેશ રૈના બીજી વાર પિતા બન્યો છે. તેની પત્ની પ્રિયંકાએ ક્યુટ દીકરાને જન્મ આપ્યો છે. આ પહેલા સુરેશ રૈના ૨૦૧૬માં પહેલીવાર પિતા બન્યો હતો. ત્યારે પ્રિયંકાએ દીકરી ગ્રેસિયાને જન્મ આપ્યો હતો. આપણે જણાવી દઈએ કે સુરેશ રૈના અને પ્રિયંકાએ ૩ એપ્રિલ ૨૦૧૫ના રોજ લગ્ન કર્યા હતા. આ બંને એક-બીજાના બાળપણથી ઓળખતા હતા.

ઉલ્લેખનીય છે કે ઘણા સમયથી સુરેશ રૈના ટીમ ઈન્ડિયાની બહાર છે. તે આઈપીએલમાં ધોનીની ટીમ ચેન્નઈ સુપર કિંગ્સતરફથી રમે છે. પરંતુ આ વખતે કોરોના વાયરસના કારણે આઈપીએલ ૧૫ એપ્રિલ સુધી મુલતવી રાખવામાં આવી છે. તેથી સુરેશ રૈનાના ફેન્સને તેને મેદાન પર જોવા માટે થોડી વધુ રાહ જોવી પડશે.

ક્રિકેટર દિપક ચહરને આઈપીએલ પહેલાં ઈજામાંથી બહાર થવાનો સમય મળી ગયો



ન્યુ દિલ્હી

કોરોના વાયરસને કારણે દેશ દુનિયા ઠપ થઈ ગઈ છે. ક્રિકેટ જગત સાથે જોડાયેલ તમામ ખેલાડી પોતાના ઘરે પરત ફરી ગયા છે. આઈપીએલ ૨૦૨૦માં પણ હાલ પૂરતી અટકાવી દેવામાં આવી છે. આ મહામારીને કારણે બધા પરેશાન છે, પરંતુ ભારતીય ટીમનો એક ખેલાડી એવો પણ છે જેને કોરોના વાયરસને કારણે ફાયદો થયે છે. સ્ટ્રેચ ફેક્ચરનો સામનો કરી રહેલ દીપક ચાહરનું માનવું છે કે હવે તેને આઈપીએલ પહેલા ઈજામાંથી બહાર આવવા માટે વધારે સમય મળી જશે.

ચેન્નઈ સુપર કિંગ્સ માટે રમનાર દીપક ચાહરને એ પણ લાગે છે કે હાલના સમયમાં આઈપીએલ ૨૦૨૦નું આયોજન ખૂબ જ મુશ્કેલ છે. મીડિયા સાથે વાતચીત કરતાં તેમણે કહ્યું કે, 'વ્યક્તિગત રીતે કહું તો કોરોના વાયરસને કારણે મને ખુદ ફિટ થવામાં વધારાનો સમય મળી ગયો છે. જો હવે આઈપીએલ થાય તો કેટલીક મેચ મિસ કર્યા બાદ તેનો હિસ્સો બની જઈશ.'

નોંધનીય છે કે, દીપક ગત વર્ષ ડિસેમ્બર મહિનામાં વેસ્ટઈન્ડીઝ વિરુદ્ધ બીજા વન ડે મેચમાં ઈજાગ્રસ્ત થયો હતો. જેના કારણે તે લાંબા સમયથી એનસીએમાં હતો. જો કે, ૧૯ માર્ચે એનસીએને બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો, ત્યારે બાદ હવે દીપક પોતાના ઘરે પરત ફર્યો છે. માહિતી મુજબ ત્યાં દીપક પોતાની એકેડમીમાં ટ્રેનિંગ કરી રહ્યો છે.

હોલિવૂડ એક્ટર ઈદરીશ આલ્બા બાદ તેની પત્નિનો કોરના રિપોર્ટ પણ પોઝિટિવ

લોંસ એંજલ્સ

કોરોના વાયરસ હાલ સમગ્ર દુનિયાને પોતાના ભરડામાં લઈ રહ્યો છે ત્યારે અનેક હોલિવૂડ સ્ટાર્સ પણ આ વાયરસની ઝપટમાં આવ્યાં છે. હોલિવૂડ એક્ટર અને 'ફાસ્ટ એન્ડ ફ્યૂરિયસ' સ્ટાર ઈદરીશ આલ્બા પછી તેની પત્ની સબરીના ઘોવરે એલ્બાનો રિપોર્ટ પણ કોરોના પોઝિટિવ આવ્યો છે. નોંધનીય છે કે તાજેતરમાં જ ઈદરીશ આલ્બાએ સોશિયલ મીડિયા પર વિડીયો શેર કરીને આ વાતની પુષ્ટિ કરી હતી કે તે કોરોના પોઝિટિવ છે.

હકીકતમાં ઈદરીશ આલ્બા કોરોના પોઝિટિવ થયા પછી પોતાની જાતને આઈસોલેટ કરી હતી. જોકે, તેની પત્ની સબરીના ઘોવરે આલ્બા તેની દેખભાળ કરવા માટે તેની પાસે જ રહી હતી. હવે તેનો રિપોર્ટ પણ કોરોના પોઝિટિવ આવ્યો છે.

આ પહેલા આલ્બાએ પોતાની પત્નીના નિર્ણય પર પણ પોતાનો મત રાખ્યો હતો. તેણે કહ્યું હતું કે, મારી પત્ની મારી સાથે રહેવા માગે છે. હું નથી ઇચ્છતો કે તે મારી સાથે રહે પરંતુ તે આમ કવા માગે છે. હું તેને ખૂબ જ પ્રેમ કરું છું અને હું પણ આ સ્થિતિમાં હોત તો તેની સાથે આવું જ કરત. તો અમે જોખમ લીધું અને સાથે રહેવાનો નિર્ણય કર્યો છે. મના આશા છે કે તમે લોકો અમને સમજશો.

મને નેતાઓની ફેશન સેન્સ પસંદ નથીઃ કંગના રનૌત

મુંબઇ

બોલિવૂડ અભિનેત્રી કંગના રનૌત કોઈપણ ટોપિક પર બેબાક રીતે બોલવા માટે જાણીતી છે. સામાજિક મુદ્દા પર તેની રાય રાખતી અભિનેત્રી કંગના આજે પોતાનો ૩૩મો જન્મદિવસ ઉજવી રહી છે. આવનારા સમયમાં કંગના ધાકડ અને થલાઈવી ફિલ્મમાં જોવા મળશે. પરંતુ હાલમાં એક્ટિંગ સિવાય તેની રાજનીતિમાં આવવાની ચર્ચા ખુબ થઈ રહી છે.

કંગનાએ કહ્યું હતું કે, મને લાગે છે કે નેશનાલિસ્ટ હોવામાં અને ફંડામેંટાલિસ્ટ હોવામાં ઘણો ફરક છે. હું



ધર્મમાં નથી માનતી. મારે દેશ છે તે જ હું છું. તમને તમારા દેશ પર કેમ શરમ આવે છે? જો અમેરિકા પોતાના દેશના નેશનલ એન્થમમાં એકસાથે ઉભો થતો હોય તો આપણે કેમ નહીં? કંગનાએ આગળ વાત કરી હતી કે, આજકાલ લોકો એવું સમજે છે કે, દેશ વિશે ખરાબ બોલવું એ કુલ બાબત છે. યુવાપેઢી હંમેશા ફરિયાદ કરતી રહે છે. આ એટિટ્યુડ સાચો નથી. દેશ ગંદો છે તો શું તમે મહેમાન છો? સાફ કરો. જ્યા ઈન્ફ્રાસ્ટ્રક્ચર સારુ છે ત્યાં જાઓ, ઈમિગ્રેશનની થપ્પડ પડશે તો ખબર પડશે. ઉલ્લેખનીય છે કે, કંગના પીએમ મોદીને એક વખત મળી પણ ચૂકી છે. કંગના વાત કરે છે કે, મને લાગે છે રાજનીતિ એક સારું ફીલ્ડ છે. એને હંમેશા ખરાબ માનવામાં આવે છે. મને બસ નેતાઓની ફેશન સેન્સ પસંદ નથી આવતી. જો એ મારી ફેશન સેન્સ બદલે નહીં તો મને રાજનીતિમાં આવવામાં કોઈ જ વાંધો નથી.

શ્રીલંકન પૂર્વ ક્રિકેટર સંગાકારા આઈસોલેટ હેઠળ

કોલંબો

કોરોના વાયરસનાના કહેરના કારણે આખી દુનિયા એકબીજાને મળવાથી દૂર ભાગી રહી છે. આ મહામારીનો સૌથી વધારે કહેર યૂરોપ પર જોવા મળી રહ્યો છે. ઈટાલીમાં ઘણા લોકો પોતાના જીવ ગુમાવી ચૂક્યા છે. બીજા દેશમાંથી પોતાના ઘરે પરત ફરતા લોકો પણ વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના દિશા નિર્દેશોનું પાલન કરતા ૧૪ દિવસ માટે પોતાને આઈસોલેશનમાં રાખી રહ્યા છે. શ્રીલંકાના પૂર્વ દિગ્ગજ ખેલાડી કુમાર સંગાકારાએ પણ પોતાને અલગ-થલગ કરી લીધો છે. સંગાકારા હાલમાં જ યૂરોપથી પરત ફર્યો હતો.


કુમાર સંગાકારાએ કહ્યું હતું કે તેની અંદર કોરોના સંબંધિત કોઈ લક્ષણો જોવા મળ્યા નથી પણ તે સરકારની સલાહનું પાલન કરી રહ્યો છે. લંડનથી પરત ફર્યાને કેટલાક સપ્તાહ થયા છે અને અહીં આવ્યા પછી ખબર પડી કે ૧ થી ૧૫ માર્ચ વચ્ચે યૂરોપની યાત્રા કરનાર લોકોએ પોલીસ પાસે પોતાનું રજિસ્ટર કરાવવાનું છે અને આઈસોલેશન પર રહેવાનું છે. સંગાકારાએ કહ્યું કે તેણે પોલીસ પાસે જઈને પોતાનું રજિસ્ટ્રેશન કરાવી લીધું છે.

નરગિસ ફખ્રીએ વીડિયો પોસ્ટ કરીને કહ્યું,ત્રણ દિવસથી એક જ ડ્રેસમાં છું

મુંબઇ

કોરોના વાયરસ(કોવિડ-૧૯)ના કારણે દુનિયાભરમાં લૉકડાઉનની સ્થિતિ છે. જેના કારણે લોકો ઘરની બહાર નથી નીકળી શકચા. પોતાના બચાવમાં લોકો સાર્વજનિક સ્થળોએ જવાથી બચી રહ્યા છે. આ દરમિયાન દરેક જણ ખુદને બંધ કરીને સુરક્ષિત રાખી રહ્યા છે. બૉલિવુડના સ્ટાર્સ પણ ઘરમાં સમય પસાર કરી રહ્યા છે. આ દરમિયાન અભિનેત્રી નરગિસ ફાકરીનો પણ એક વીડિયો સામે આવ્યો છે.

નરગિસે પોતાના ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ પર આ વીડિયો શેર કર્યો છે. આ વીડિયોમાં નરગિસ થોડી



ચિંતામાં દેખાઈ રહી છે અને પોતાની મુશ્કેલીઓ જણાવી રહી છે. વીડિયો શેર કરીને નરગિસ જણાવી રહી છે કે તે ઘરે રહીને બહુ જ બોર થઈ ગઈ છે. તેણે કહ્યુ કે તે છેલ્લા ત્રણ દિવસથી એક જ કપડામાં છે. નરગિસે એ પણ કહ્યુ કે આમ કરવાથી ઘણા પૈસા બચાવી શકાય છે.

વીડિયો શેર કરીને કેપ્શનમાં નરગિસે લખ્યુ, 'મદદ કરો, ત્રણ દિવસથી એક જ કપડામાં છુ. પોઈન્ટ શું છે? શું પહેરી રહ્યા છે અને કેટલી વાર પહેરી રહ્યા છે, આપણે જો આ બધુ નહિ વિચારીએ તો આપણા ઘણા બધા પૈસા બચી જશે, કેમ કરી રહ્યા છે આપણે આ બધુ.' આના થોડા દિવસ પહેલા પણ નરગિસે એક વીડિયો શેર કર્યો હતો, જેમાં તે જણાવી રહી હતી કે તે ઘરેથી જ કામ કરી રહી છે.

નરગિસે એક વીડિયો શેર કરીને જણાવ્યુ હતુ કે તે કેવી રીતે ઘરમાં સમય પસાર કરી રહી છે.

રણવીરસિંહે મોટાવાળ અને ખતરનાક આંખો સાથે ફોટો શેર કર્યો

મુંબઇ

કોરોના વાયરસને લઈને હાલમાં ૧૦૦થી પણ વધારે દેશ પ્રભાવિત છે અને હજુ પણ આ વાયરસ થમવાનું નામ નથી લેતો. બધા દેશો અત્યારે કોરોના વિરુદ્ધમાં જંગ લડી રહ્યા છે અને લોકોને બચાવવાની પુરી કોશિશ કરી રહ્યા છે. કેટલાય લોકોએ કોરોનાને લઈ પોતાને રૂમમાં બંધ કરી લીધા છે. સેલેબ્સ, રાજનેતાઓ તમામ લોકો ઘરમાં અંદર રહીને સમય વિતાવી રહ્યા છે.

કોરોનાના ખતરા વચ્ચે રણવીર સિંહે પોતાની ચિર-પરિચિત અંદાજમાં એક ફની પોસ્ટ શેર કરી છે. આ તસવીરમાં રણવીરના મોટા મોટા વાળ અને ખતરનાક આંખો સાથે જોવા મળી રહ્યો છે. રણવીર સિંહે આ ફોટો શેર કરીને કેપ્શનમાં લખ્યું કે, જયારે આપ ક્વોરેંટિનની બહાર આવો ત્યારે...

ઉલ્લેખનીય છે કે, સોશિયલ મીડિયા પર લોકો ઘરે બેઠા બેઠા પોતાની રીતે સમય પસાર કરી રહ્યા છે. તો વળી કેટલાક લોકો ઘરે બેસીને બોર પણ થઈ રહ્યા છે. પરંતુ પોતાની અને બીજાની સુરક્ષા માટે ઘરે જ સમય પસાર કરી રહ્યા છે. રણવીરની આ પોસ્ટ પણ લોકો કોમેડી રિએક્શન આપી રહ્યા છે.

રિકિ પોન્ટિંગે ૨૦૦૩ વર્લ્ડ કપ ફાઇનલમાં વાપરેલ બેટનો ફોટો શેર કર્યો

મેલબર્ન

ઓસ્ટ્રેલિયા ૨૦૦૩ના વર્લ્ડ કપની ફાઈનલમાં ભારતને જોહનેસબર્ગ ખાતે ૧૨૫ રને હરાવી ત્રીજીવાર ચેમ્પિયન બન્યું હતું. ટોસ હાર્યા પછી પ્રથમ બેટિંગ કરતા ઓસ્ટ્રેલિયાએ ૫૦ ઓવરમાં ૨ વિકેટે ૩૫૯ રન કર્યા હતા. રિકી પોન્ટિંગે કમાની ઈનિંગ્સ રમતા ૧૨૧ બોલમાં ૪ ફોર અને ૬ સિક્સની મદદથી અણનમ ૧૪૦ રન કર્યા હતા. તેનો સાથ આપતા ડેમિયન માર્ટિને ૮૪ બોલમાં ૮૮★ રનનું યોગદાન આપ્યું હતું. બંનેએ ત્રીજી વિકેટ માટે ૨૩૪★ રનની ભાગીદારી કરી હતી. જવાબમાં ભારતીય ટીમ ૨૩૪ રનમાં ઓલઆઉટ થઈ હતી. ઓસ્ટ્રેલિયા ત્યારબાદ ૨૦૦૭માં ટાઈટલ ડિફેન્ડ કરવામાં સફળ રહ્યું હતું અને ૨૦૧૫માં પાંચમીવાર વર્લ્ડ ચેમ્પિયન બન્યું હતું. પોન્ટિંગે સોમવારે ટ્વીટ કરીને કહ્યું કે, "આપણે બધા ઘરે છીએ અને સમય હોવાથી મેં વિચાર્યું કે મેં મારા કરિયરમાંથી જે પણ વસ્તુઓ સાચવીને રાખી છે તે નિયમિત રીતે તમારી સાથે શેર કરતો રહું.

સ્વાસ્થ્ય સુવિધાઓ ઉભી કરવી જરુરી

કોરોના વાઈરસને હરાવવા માત્ર લૉકડાઉનથી નહીં ચાલેઃ ડબલ્યુએચઓ

વૉશિંગ્ટન

વિશ્વની સાથે જ ભારતમાં પણ કોરોના વાઈરસના દર્દીઓની સંખ્યામાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. અનેક દેશોએ કોરોનાને ફેલાતો રોકવા માટે લૉકડાઉનની મદદ લીધી છે. લોકોને ઘરોમાં બંધ રહેવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ દરમિયાન લૉકડાઉનને લઈને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના ઈમરજન્સી એક્સપર્ટે જણાવ્યું કે, કોરોના વાઈરસને ખતમ કરવા માટે દેશ કે સમાજને લૉકડાઉન કે બંધ કરવો પુરતું નથી. વાઈરસને ફેલાતો રોકવા અને તેનાથી બચવા માટે સાર્વજનિક સ્વાસ્થ્ય ઉપાયોની આવશ્યક્તા છે.

એક ઈન્ટરવ્યૂમાં ડબલ્યુએચઓના ઈમરજન્સી એક્સપર્ટ માઈક રયાને જણાવ્યું કે, આપણે ખરી રીતે તો તેના પર ધ્યાન આપવાની જરૂરત છે કે, જે બીમાર છે અને જેમની પાસે વાઈરસ છે તેમને અલગ કરવા પડશે. આ સમયે જે લોકો બીમાર છે અને કોરોનાથી પીડિત છે, તેમને શોધીને તેમને મેડિકલ ઓબ્ઝર્વેશનમાં રાખવામાં આવે તે જરૂરી છે. આમ કરવાથી જ કોરોનાને ફેલાતો અટકાવી શકાશે.

માઈક રાયને વધુમાં જણાવ્યું કે, લૉકડાઉન સાથે સૌથી મોટી સમસ્યા છે કે, જ્યારે લૉકડાઉન સમાપ્ત થશે, તો લોકો મોટી સંખ્યામાં લોકો અચાનક લોકો બહાર આવી જશે, જેથી ખતરો વધી જશે.

ચીન અને બીજા અન્ય એશિયન દેશોને જોઈએ તો યુરોપ અને અમેરિકાએ પણ કોરોના વાઈરસથી લડવા માટે લોકોને ઘરોમાં પૂરાઈ રહેવાનો આદેશ આપ્યો અને લૉકડાઉનનું એલાન કરી દીધુ છે. લોકોને ઘરેથી કામ કરવાનું કહેવામાં આવ્યું છે. આ સાથે જ સ્કૂલો, રેસ્ટોરન્ટ, બાર અને પબ સહિત અનેક સુવિધોઓને બંધ કરી દેવામાં આવી છે. એક વખત જો આપણે ટ્રાન્સમિશનને દબાવી દઈશું, તો આપણે ફરીથી વાઈરસના મૂળ સુધી પહોંચવું પડશે. આપણે વાઈરસ સામે લડવું પડશે.

મુંબઈમાં ફિલિપાઈન્સના રહેવાસીનું મોત,દેશમાં કુલ આઠ લોકોના મોત

મહારાષ્ટ્રમાં વધુ ૧૫ કેસ પોઝિટિવઃ દેશમાં કુલ ૪૨૬ કેસ

મુંબઈ

સમગ્ર દેશમાં કોરોના વાયરસના કેસ વધતા જઈ રહ્યા છે. દર્દીઓની સંખ્યા ૪૨૫ થઈ ગઈ છે. કોરોનાની ચપેટમાં આવનારા અત્યાર સુધી ૮ના મોત થઈ ચૂક્યા છે. માત્ર ૨૪ કલાકમાં ૫૦થી વધારે નવા દર્દી આવ્યા છે અને ત્રણ મોત નીપજ્યા છે.

દિલ્હી, રાજસ્થાન, બિહાર, પંજાબ, ઉત્તરાખંડ, છત્તીસગઢ, ઝારખંડ, જમ્મુ-કાશ્મીર, તેલંગાણા, આંધ્ર પ્રદેશ, નાગાલેન્ડ, અરૂણાચલ પ્રદેશમાં કોરોના વાયરસના કારણે ૩૧ માર્ચ સુધી લૉકડાઉન છે. આ સિવાય ઉત્તર પ્રદેશના ૧૬ જિલ્લામાં પણ ૨૫ માર્ચ સુધી લૉક ડાઉન કરાયુ છે.૩૦ જેટલા લોકો આ વાયરસમાંથી મુક્ત થઈને પોતાના ઘરે છે. મહારાષ્ટ્રમાં પણ છેલ્લા ૨૪ કલાકમાં ૧૫ નવા કેસ નોંધાયા છે. જેમાં ૧૪ મુંબઈના અને એક પૂણેમાં છે. મહારાષ્ટ્રમાં કોરોનાના કુલ કેસ વધીને ૮૯ થઈ ચૂક્યા છે. મહારાષ્ટ્રમાં કોરોના વાયરસના કારણે ત્રીજા વ્યક્તિનું મોત નિપજ્યું છે.

મહારાષ્ટ્રમાં કોરોના વાયરસથી ત્રીજુ મોત નીપજ્યુ છે. મૃતક ફિલિપાઈન્સનો રહેવાસી છે અને તેનુ મોત રવિવારે થયુ હતુ. જોકે પહેલા તે કોરોના પોઝીટિવ હતો પરંતુ બાદમાં નેગેટિવ થઈ ગયો હતો. જે બાદ તેને મુંબઈના કસ્તૂરબા હોસ્પિટલથી પ્રાઈવેટ હોસ્પિટલમાં શિફ્ટ કરાયો હતો. ડૉક્ટરોનું કહેવુ હતુ કે શ્વાસ લેવામાં તકલીફ પડતી હોવાના કારણે તેનું મોત નીપજ્યુ છે.

ગ્રેટર નોઈડામાં વધુ બે કોરોના પોઝિટિવ

ચીનના વુહાનમાંથી ફાટી નીકળેલા કોરોના વાયરસે અત્યાર સુધીમાં દુનિયાભરના ૨૦૦થી વધુ દેશોને પોતાના લપેટમાં લઈ લીધા છે. હજી સુધી વિશ્વના એક પણ દેશમાં કોરોના વાયરસને રોકવા માટેની કોઈ જ દવા શોધી શકાઈ નથી. એવામાં દિવસે ને દિવસે ભારતમાં પણ કોરોનાના દર્દીઓની સંખ્યા વધતી જઈ રહી છે. તાજેતરમાં જ ગ્રેટર નોઈડામાં કોરોનાના વધુ બે નવા કેસ નોંધાયા છે. બંને દર્દીઓને આઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે.

કોરોનાએ ભગવાનની ઓળખ કરાવી.....! પણ માનવી સમજશે કે કેમ....?

વિશ્વભરમાં કોરોના વાઈરસના ૩ લાખથી વધુ કેસ નોંધાયા છે. જ્યારે મૃત્યુઆંક ૧૪ હજારથી પણ વધી ગયો છે. ચીનમા ૩૨૫૫ ના મોત થયા છે..સ્પેનમાં ૩૩૫૫ ના મોત નોંધાયા છે. અને ૨૫ હજારથી વધુ પોઝિટીવ કેસ છે. ઈટાલીમા ૪૦૩૫ પર મૃતાક પહોંચ્યો છે, અને ૨૪,૯૨૬ જેટલા પોઝિટિવ કેસ નોંધાયા છે. આ બધામાં નોંધનીય બાબત એ છે કે યુરોપીયન દેશોમાં માત્ર બે દિવસમાં જ ૬૨૮ લોકોના મોત નિપજ્યા છે.ટુકમા કોરોના વાયરસ અટકવાનું નામ નથી લેતો.... જેનું મુખ્ય કારણ છે કે રોગ માટેની રસી આજ દિન સુધી શોધી શકાય નથી. જો કે વિશ્વના વિકાસસીલ દેશોના વિજ્ઞાનીઓ અને ડોક્ટરો વાયરસને નાથવા માટેની રસી શોધવામાં મચી પડ્યા છે. પરંતુ હજુ સુધી સફળતા મળી હોય તેવા કોઈ સમાચાર જાહેર થયા નથી. કોરોના વાયરસ એ હવાથી ફેલાતો રોગ નથી પરંતુ સ્પર્શ દ્વારા ફેલાતો રોગ છે. તેથી ગીચ વસ્તી હોય અને સ્પર્શ વધુ હોય લોકો એકબીજાના સંપર્કમાં વધુ પ્રમાણમાં આવતા હોય કે ઠોસ ચીજ વસ્તુઓની આપ લે થતી હોય ત્યાં આ રોગ ઝડપથી ફેલાય છે. જો કોરોના એક જ જગ્યાએ ૧૨ થી ૧૪ કલાક પડી રહે તો તે આપોઆપ ખતમ થઈ જાય છે. અને એ જ કારણોસર આ બાબતે ઊંડા અભ્યાસ બાદ ભારતના વડાપ્રધાન મોદીજીએ ૨૨મીએ રવિવારે લોકોને "લોકોની કેર માટે" જનતા કરફ્યુનો ૧૪ કલાકનું એલાન આપ્યું હતું. લોકોને ઘરમાંથી બહાર ન નીકળવા અનુરોધ કર્યો હતો. તે સાથે જેનાથી વાયરસ એક સ્થળેથી બીજા સ્થળે જઈ શકે છે અને અન્યોને ઝપટમાં લઈ લે એવું ન બને તે માટે દેશભરની ટ્રેઈનો, ટ્રાન્સપોર્ટ, વાહન વ્યવહાર પર સંપૂર્ણ પાબંધી મુકી દેવામાં આવી છે... જે પાબંધી આગામી તારીખ ૩૧ માર્ચ સુધી રહેવાની છે. તો પછી દેશભરમાં આ વાઈરસ વધુ ન ફેલાય તે માટે દેશના ૨૨ રાજ્યોના ૮૦ જિલ્લા લોક ડાઉન કરી દેવામા આવ્યા છે.... આના પરથી એક અંદાજ આવી શકે છે કે આ કોરોના વાયરસ માનવજાત માટે કેટલો ઘાતક છે.....? જોકે રાજકારણીઓ-રાજકીય મહાનુભાવો કોરોના પ્રુફ હોવા જોઈએ જેથી સરકારે જાહેર કરેલ નીતિ-નિયમોનુ પાલન કરવાથી દૂર રહે છે....!જે અતિ ગંભીર બાબત છે....કાયદા દરેક માટે સમાન છે પણ.....!?

ભારતમાં વડાપ્રધાન મોદીજીએ જનતા કરફ્યુનો અમલ કરાવી ને બહુ મોટું પગલું ભર્યું છે તેનો હરકોઈએ સ્વીકાર કરવો જ રહ્યો..... જો કે રાહુલ ગાંધીએ કોરોના અનુસંધાનમાંજ ટ્વિટ કરી હતી પરંતુ ભાજપાના રાજનેતાઓ માટે તે ન ગણ્ય છે એટલે તેમની વાતનો અમલ કરવાથી દૂર રહ્યા....! અને બન્યું છે બધું ઉલટુ જેના કારણે લાગે છે કે ભાજપાને માત્ર સત્તાપ્રાપ્તિ માજ રસ છે લોકોનું જે થવું હોય તે થાય.....! તેનો દાખલો છે મધ્યપ્રદેશના કોંગ્રેસમાંથી રાજીનામું આપનારા ૨૨ ધારાસભ્યો જ્યોતિરાદિત્ય સિંધિયા સાથે રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરી અને સમૂહમાં બધા મળ્યા હતા..... તો કનીકા કપુર કે જે લંડનથી આવી હતી અને તેના કોરોનાના પોઝિટીવ લક્ષણો જોતા એરપોર્ટ ખાતે એક તરફ બેસાડી દેવામાં આવેલ... જેને યુપીના સ્વાસ્થ્ય મંત્રીએ ત્યાંથી રવાના કરાવી દીધા બાદ ત્રીજા દિવસે લખનઉ અને કાનપુર ખાતે મળીને ત્રણ પાર્ટીઓ યોજવામાં આવી હતી જેમાં વસુંધરા રાજે, સાસદ દુષ્યંત સહિત ૨૦૦ વીઆઈપીઓ સામેલ હતા. બાદમાં દુષ્યંત સાસદો સાથે બેસે છે એટલે તેમને ચેપ લાગ્યો હોય તો અન્યો પણ તેમાં સપડાય..... ભાજપાની પાર્લામેન્ટરી બેઠકમા તેમજ ટ્રાન્સપોર્ટ ટૂરિઝમની પાર્લા. પેનલ બેઠકમાં પણ હાજરી આપી હતી. એટલા માટે જો કોઈ વીવીઆઈપી ને જો કોરોના ટચ કરી ગયો હોય તો શું થાય....? સ્વાવાભિક આમ લોકો ચિંતા વ્યક્ત કરે જ છે.... સાથે સવાલ પણ કરે છે કે કાયદો શુ પ્રજા માટેજ છે.....? રાજકારણીઓ કોરોના પ્રુફ છે કે શું.....!

દેશમા કોરોનાનો મૃતાક ૯ ઉપર પહોંચ્યો છે જ્યારે આ વાયરસ પોઝિટીવ કેસનો આકડો ૪૧૯ પહોંચી ગયો છે ત્યારે ગુજરાતમાં ૩૦ કેસ નોંધાયા છે જેમાં અમદાવાદ ખાતે ૧૩, વડોદરા ૬, કચ્છમાં ૧,સુરતમા ૪,ગાંધીનગર માં ૪, રાજકોટમાં ૧ પોઝિટિવ કેસ નોંધાયા છે ટૂંકમાં જેટની ઝડપે આગળ વધી રહ્યો છે.... આ બધા વચ્ચે નોંધનીય બાબતો એ છે કે જેને લાખ લાખ સલામ કરીએ તો પણ ઓછી પડે.... તેવા ડોક્ટરો અને નર્સો દર્દીઓની ૨૪ કલાક ખડે પગે સેવા કરી રહ્યા છે.... તો પત્રકારો દર્દીઓ, હોસ્પિટલો તથા ડોક્ટરોને મળીને કવરેજ કરી રહ્યા છે અને એ પણ પોતાના જાનના જોખમે..... એક પણ ખાનગી હોસ્પિટલો કે તેમનો સ્ટાફ. પ્રજાના પૈસામાંથી લોન લીધેલ એક પણ કંપની કે પછી અન્ય સંસ્થાઓ, ટ્રસ્ટો, ધર્માધિકારીઓ કે તેમના સેવકો લોકહિતમા કે લોક સેવામાં નથી ઉતર્યા ત્યારે થાય છે કે સરકારે કેવાઓને દૂધ પાઈને પોષ્યા છે....? તો સલામ છે એ પોલીસોને, કે જેઓ ૨૪ કલાક પ્રજાની સુરક્ષા માટે ખડે પગે ઊભા રહ્યા છે... અને રાત દિવસ જોતા નથી કે નથી પોતાના પરિવારની ચિંતા કરતા. ત્યારે હવે જ્યારે અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરતની લોક બંધી કરવામાં આવી છે ત્યારે પોલીસે પણ પોતાનું ત્રીજું નેત્ર ખોલીને બતાવવું પડશે.....!

સર્વપક્ષીય બેઠકમાં સંસદની કાર્યવાહી સ્થગિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો

સસંદમાં પણ લોકડાઉનઃ લોકસભા અને રાજ્યસભા અનિશ્ચિત કાળ સુધી સ્થગિત

ન્યુ દિલ્હી

દેશમાં કોરોના વાયરસ મહામારીને ધ્યાનમાં રાખીને સંસદની કાર્યવાહીને અનિશ્ચિત સમયગાળા સુધી સ્થગિત કરી દેવાઈ છે. સર્વપક્ષીય બેઠકમાં સંસદની કાર્યવાહી સ્થગિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સોશિયલ ડેસ્ટિનિંગના મામલે સર્વપક્ષીય બેઠકમાં સંસદની કાર્યવાહી બાબતે નિર્ણય લેવામાં આવ્યો છે.

દેશમાં કોરોના વાયરસના વધતા જતા પ્રકોપને કારણે ટીએમસી અને શિવસેના સાંસદોએ આ અગાઉ જ સંસદમાં ચાલી રહેલા બજેટ સત્રમાં સામેલ નહીં થવાનો નિર્ણ લીધો હતો. એનસીપી પ્રમુખ શરદ પવારે પણ પોતાના સાંસદોને પોત-પોતાના વિસ્તારોમાં સાવચેતીના પગલા લેવા માટેની સૂચના આપી હતી.

ટીએમસીના રાજ્યસભાના સાંસદ ડેરેક ઓ બ્રાયને પણ બંને સંસદમાં અધિકારીઓને આગ્રહ કરતા કહ્યું હતું કે સંસદની કાર્યવાહીને બંધ કરી દેવી જોઈએ. સંસદનું આ બજેટ સત્રનો બીજો તબક્કો ૩ એપ્રિલ સુધી ચાલવાનો હતો. નોંધનીય છે કે ભારતીય જનતા પાર્ટીના સાંસદ દુષ્યંત સિંહ સિંગર કનિકા કપૂરની પાર્ટીમાં સામેલ થયા હતા.

કનિકા કપૂરનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ લખનઉમાં તેની સારવાર ચાલી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર પાર્ટિમાં હાજરી આપ્યા બાદ તેઓ સંસદની કાર્યવાહીમાં પણ પહોંચ્યા હતા. ત્યારબાદ તેઓ રાષ્ટ્રપતિ ભવનમાં એક કાર્યક્રમ દરમિયાન રાષ્ટ્રપતિ રામનાથ કોવિંગને પણ મળ્યા હતા. ત્યારબાદ રાષ્ટ્રપતિ કોવિંદ અને ત્યાં સામેલ તમામ નેતાઓએ પોતાના રિપોર્ટ કરાવ્યા હતા. જોકે, સદ્ભાગ્યે તમામના રિપોર્ટ નેગેટીવ આવ્યા હતા.

રાજસ્થાન સરકારે બૉર્ડર સીલ કરીઃ એક પણ વ્યક્તિને ૩૧મી સુધી પ્રવેશ નહી મળે

જયપુર

રાજસ્થાન સરકારે ગુજરાત તરફથી આવતી તમામ બોર્ડરો સીલ કરી દીધી છે. ગુજરાતથી આવતા જતા એક પણ વાહનને રાજસ્થાની હદમાં પ્રવેશ આપવામાં આવતો નથી. જેથી ગુજરાતથી રાજસ્થાન તરફ જતા લોકો અટવાયા હતા. રાજસ્થાન સરકારે લોક ડાઉન કરતા સરકારના અધિકારીઓ તેનો ચુસ્તપણે પાલન કરી રહ્યા હતા. તેના કારણે જ જે લોકો ગુજરાત તરફથી રાજસ્થાન જઈ રહ્યા હતા તે લોકો ફસાયા હતા. અમદાવાદ વડોદરા સુરત રાજકોટ અને મુંબઈથી આવેલા લોકો રાજસ્થાન માં પ્રવેશ ન અપાતા અત્યારે મૂંઝવણમાં મુકાયા હતા.

કોરોના વાયરસના સંકટને પગલે ઉત્તરપ્રદેશ મહારાષ્ટ્ર, દિલ્હી, ગુજરાત સહિત ૧૦થી વધુ રાજ્યોના અનેક શહેરોમાં લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. તેમ છતાં લોકો રસ્તા પર નીકળી લોકડાઉનનું ઉલ્લંઘન કરી રહ્યાં છે. ત્યારે પંજાબ સરકારે કડક કાર્યવાહી કરી છે. પંજાબના સીએમ કેપ્ટન અમરિંદર સિંહે સમગ્ર પંજાબમાં કફર્યૂ લગાડવાનો નિર્ણય કર્યો છે. અમરિંદર સરકારની જાહેરાત મુજબ કફર્યૂ દરમિયાન કોઈ જ પ્રકારની છૂટછાટ ન આપવાના આદેશ આપવામાં આવ્યાં છે. આ ઉપરાંત કોઈ ઈમરજન્સી સમયે જ લોકોને થોડી છૂટ મળશે તેવા આદેશ આપ્યાં છે.

ગુજરાતમાં કુલ ૩૦ પહેલા પાનાથી ચાલુ

તેમ છે. લોકડાઉન દરમિયાન રાજ્યના છ મહાનગરોમાં બહાર નીકળતા લોકોને પોલીસ અટકાવીને ઘરે પરત મોકલી રહી છે. દરમ્યાન, લોકોની વરજવરને રોકવા ગુજરાત-રાજસ્થાનની સરહદ સીલ કરવામાં આવી છે. જેના ભાગરૂપે અમીરગઢ પાસેથી ગુજરાતમાંથી આવેલા ૮૦૦ મુસાફરોને રાજસ્થાનમાં પ્રવેશવા દેવામાં આવ્યાં નહોતા.

સુરતઃ શહેરમાં ૪ કોરોના વાઈરસના પોઝિટિવ કેસ અને વૃદ્ધનું મોત થયું છે. કોરોનાના વધી રહેલા પ્રકોપના કારણે તેકેદારીના ભાગ રૂપે સુરત શહેરને ૨૫ માર્ચ સુધી બંધ રાખવા જિલ્લા કલેક્ટરે આદેશ કર્યો છે. જોકે, લોકો સવારથી રસ્તા પર નીકળી પડ્યા છે. જેથી પોલીસ અને પાલિકા કમિશનર શહેરના રાઉન્ડ પર નીકળ્યા છે અને લોકોને ઘરમાં જ રહેવા અપીલ કરી રહ્યા છે.સુરત ડાયમંડ એસોસિએશનના પ્રમુખ દ્વારા સુરતનો મોટા ઉદ્યોગ એટલે હીરા ઉધોગ ને પણ ૩૧ તારીખ સુધી બંધ રાખવા અપીલ કરાઈ છે. જેને લઈ હીરા બજાર અને હીરાના કારખાનાં ૩૧ માર્ચ સુધી બંધ રાખવા એસોસિએશન એ નિર્ણય લીધો છે. જાણે કે જનતા કર્ફ્યુ માત્રથી કોરોના વાઈરસની અસર ખત્મ થઈ ગઈ હોય એ રીતે ગંભરીતા દાખવવાના બદલે બેદરકારીભર્યું વર્તન કરી રસ્તા પર સમૂહમાં ભેગા થનારા લોકો સામે રાજ્ય સરકાર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. અમદાવાદના ખાડિયા વિસ્તારમાં ગઈકાલે સાંજે ૫ વાગે રેલી યોજવા બદલ ૬ લોકોની ધરપકડ કરવામાં આવી હોવાના સમાચાર છે.

૩૧ માર્ચ સુધી ગુજરાતના ૬ શહેરો લોકડાઉન જાહેર કરાયા છે. અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ગાંધીનગર અને કચ્છ ૩૧ માર્ચ સુધી લોકડાઉન રહેશે. વડોદરામાં ગઈકાલે થયેલ બે મૃતક દર્દીઓનો કોરોનાનો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. તંત્રએ કોરોના પોઝિટિવના સંપર્કમાં આવેલા ૨૯ લોકોને ક્વોરન્ટાઈન એટલે કે અલગ કર્યા છે.અત્રે ઉલ્લેખનીય છે કે, સમગ્ર વિશ્વની સાથે સાથે હવે ભારત અને ગુજરાતમાં પણ કોરોનાનો પ્રકોપ જોવા મળી રહ્યો છે. છેલ્લી માહિતી મુજબ ગુજરાતમાં હાલ કોરોનાના ૨૯ કેસ નોંધાયા છે. જેમાંથી એક દર્દીનું મોત નિપજયું છે. જયારે ૨૩ દર્દીઓ સારવાર હેઠળ છે.

રવિવારે જનતા કર્ફ્યુ દરમિયાન અનેક નાગરિકો દ્વારા બેદરકારી દાખવવામાં આવી હતી. જેને લઈને આજે અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર અને પોલીસ કમિશનરે વાતચીત કરી હતી અને લોકડાઉનની તૈયારીઓને લઈને એક્શન પ્લાન બનાવ્યો હતો. જેમાં અમદાવાદમાં સવારે ૧૦ વાગ્યાથી આંશિક લોકડાઉન હોવાથી લોકોને બહાર ન નીકળવા અને નીકળશે તો વાહનો ડિટેઈન કરવાની ચીમકી આપી હતી. સવારે શહેરમાં કોરોનાના કાળા કેરની વચ્ચે શહેરીજનો રસ્તા પર ફરતા જોવા મળ્યા હતા. રાજ્ય સરકાર દ્વારા ૨૫ માર્ચ સુધી અમદાવાદ સહિતના છ મહાનગરોને લોકડાઉન જાહેર કર્યા પછી પણ શહેરીજનો શહેરના માર્ગો પર ફરતા જોવા મળી રહ્યા હતા. ત્યારે આ લોકોને સમજાવા અને બહાર ન નીકળવા માટે અને જો લોકો ન સમજે તો કડક કાર્યવાહી કરવા માટે શહેરમાં પોલીસ ફોર્સ ઉતારવાની વાત કરવામાં આવી હતી.

શેરબજાર
પહેલા પાનાથી ચાલુ

૮૧૧૬ પર કારોબાર કરી રહ્યો હતો. .સેન્સેક્સમાં ૧૦ ટકા ઘટાડા બાદ લોઅર સર્કિટ લાગવાને પગલે ટ્રેડિંગ ૪૫ મિનિટ સુધી રોકવામાં આવ્યું હતું, જે ફરીથી શરૂ થયું હતું. પરંતુ તેમાં કોઈ સુધારો જોવા મળ્યો નહોતો. સેન્સેક્સ પર બજાજ ઓટો, એક્સિસ બેંક, મારૂતિ સુઝુકી, અલ્ટ્રાટેક સિમેન્ટ અને આઈસીઆઈસીઆઈ બેંક સહિતના શેરો ઘટીને કારોબાર કરી રહ્યાં હતા.ગયા સપ્તાહના શુક્રવારે બજારમાં તેજી હતી. પરંતુ આજે કામકાજના સપ્તાહના પહેલા દિવસે સોમવાર બજાર માટે ફરી એકવાર બ્લેક મન્ડે સાબિત થયો હતો. અને ઘટાડો વધીને ૪૦૦૦ સુધી પહોંડી જતાં એક અંદાજ પ્રમાણે આજે એક જ દિવસમાં રોકાણાકારોની સંપત્તિમાં ૧૦ લાખ કરોડ કરતાં વધારેનું ધોવાણ જોવા ણલ્યું હતું. નિફ્ટી ૪૫ માસના તળિયે પહોંચી ગયુ હતું.

વૈશ્વિક બજારની ખાનાખરાબી અને ભારતમાં વણસી રહેલ કોરોનાની મહામારીની અસર નિફ્ટી પર પણ જોવા મળી હતી. દ્રજીઈ સૂચકઆંક ૧૨.૭%ના કડાકે ૭૬૩૪ પર ક્લોઝ આવ્યો,જે એપ્રિલ, ૨૦૧૬ બાદનું લોએસ્ટ લેવલ છે. બધા ૫૦ શેર ઘટીને અને ૪ શેર તો ૨૦%થી વધુ ગગડ્યા છે. માર્કેટ બ્રેડ્થ પર નજર કરીએ તો ૧૭૦૩ શેર ઘટીને અને ૧૨૯ શેર વધીને બંધ આવ્યા હતા.

સેન્સેકસમાં ઈતિહાસમાં સૌથી મોટુ જબરજસ્ત ૪૦૦૦ અંકોનું જંગી ગાબડું જોવા મળ્યું હતું. દલાલ સ્ટ્રીટમાં આજે ફરી બ્લેક મન્ડે જોવા મળ્યો હતો. બીએસઈ એક્સચેન્જ ઈન્ડેકસમાં આજે ૪૦૦૦નું ઈતિહાસનું સૌથી મોટું ગાબડું નોંધાતા બજારમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. અને એક તબક્કે એવી પણ ચર્ચા થતી હતી કે શું આવી પરિસ્થિતિમાં શેર બજાર થોડાંક સમય માટે બંધ ના કરી દેવું જોઈએ..? સેન્સેકસ ૧૩.૧૫%, ૩૯૨૩૪ અંક નીચે ૨૫,૯૮૧ના લેવલે બંધ આવ્યો છે. સેન્સેકસ આજે સોમવારે ડિસેમ્બર, ૨૦૧૬ના તળિયે ક્લોઝ થયો છે. બધા જ સેક્ટોરિયલ ઈન્ડાયસિસ આજે ઘટીને બંધ આવ્યા છે. ૧૧માંથી ૯ સેક્ટોરિયલ ઈન્ડાયસિસ ૧૦%થી વધુ તૂટ્યાં. સેન્સેકસમાં સમાવિષ્ટ બધા જ ૩૦ શેર ઘટીને બંધ આવ્યા. ૧૯ શેરમાં તો ડબલ ડિજિટ કડાકો. એક્સિસ બેંક, ઈન્ડસિન્ડ બેંક, બજાજ ફાઈનાન્સ, ICICI બેંક ૨૦% તૂટ્યાં હતા.

૭%ના કડાકે ખુલ્યા બાદ બજારમાં સામાન્ય રિકવરી જોવા મળી રહી હતી પરંતુ, રિલાયન્સ અને ઝૅંદ્ધહ્લઝ દ્વારા દબાણ વધતા બજારમાં વેચવાલી વધી અને ૧૦ વાગ્યાની આસપાસ જ બજારમાં નીચલી સર્કિટ લાગી હતી. સેન્સેકસ અને નિફ્ટી ૧૦%ના ઘટાડે લોકડાઉન થયા છે. સેન્સેકસ ૧૦%, ૨૯૯૧ અંક નીચે ૨૬,૯૨૪ના લેવલે ફીજ થયો છે. જ્યારે નિફ્ટી પણ ૮૫૦ અંક તૂટ્યો અને ૭૯૦૦ના લેવલે સ્થિર છે. ૪૫ મિનિટ સુધી બજારમાં ટ્રેડિંગ બંધ થયું હતું.

ભારતમાં પણ લોકડાઉનની સ્થિતિ લાગુ થતા આર્થિક નુકશાનની ભીતિ હેઠળ ભારતીય શેરબજાર અને કરન્સી બજારમાં ભારે વેચવાલી જોવા મળી હતી. રૂપિયો યુએસ ડોલરની સામે સોમવારના સત્રમાં પ્રથમ વખત ૭૬ના લેવલને પાર નીકળ્યો છે. ભારતીય ચલણ ૭૬.૦૨ની ઐતિહાસિક નીચલી સપાટીએ ખુલ્યો હતો જોકે આ લેવલે RBI હસ્તક્ષેપ કરીને રૂપિયાને સપોર્ટ આપી શકે છે,તેમ બજાર એક્સપર્ટસ જણાવી રહ્યાં છે.

સરકાર અને આરબીઆઈ દ્વારા ઉઠાવવામાં આવેલા પગલાને કારણે ગયા સપ્તાહના શુક્રવારે બજાર ભારે વધારા સાથે બંધ થયું હતું. સેન્સેક્સ ૧૬૨૭.૭૩ અંક વધીને ૨૯૯૧૫ અને નિફ્ટી ૪૮૨ અંક વધીને ૮૭૪૯ પર બંધ થયો હતો. જ્યારે અમેરિકાના બજારોમાં ભારે ઘટાડો રહ્યો હતો. ડાઉ જોન્સ ૯૧૩ અંકના ઘટાડા સાથે ૧૯૧૭૪ પર બંધ થયો હતો. નેસ્ડેક કંપોઝિટ ૨૭૧ અંક ઘટીને ૬૮૭૯ પર બંધ થયો હતો. એસએન્ડપી ૧૦૪ અંક ઘટીને ૨૩૦૪ પર બંધ થયો હતો.

શેરબજારમાં લાગતી સર્કિટના ફિલ્ટર ત્રણ પ્રકારના છે. પ્રથમ ૧૦ ટકા, બીજો ૧૫ અને ત્રીજો ૨૦ ટકાનો હોય છે. જો ૧૦ ટકાનો ઘટાડો ૧ વાગ્યા પહેલા આવે છે તો બજાર એક કલાક માટે બંધ કરવામાં આવે છે. તેમાં શરૂઆતની ૪૫ મિનિટ સુધી કારોબાર સંપૂર્ણ રીતે બંધ રહે છે અને ૧૫ મિનિટનું પ્રી ઓપન સેશન હોય છે. જો સર્કિટ ૧ વાગ્યા બાદ લાગે છે તો કારોબાર ૩૦ મિનિટ માટે રોકાય છે. શરૂઆતની ૧૫ મિનિટ સુધી કારોબાર સંપૂર્ણ રીતે બંધ રહે છે અને ૧૫ મિનિટનું પ્રી ઓપન સેશન હોય છે. જો સર્કિટ ૨ વાગ્યા પછી લાગે છે તો દિવસના બાકી બચેલા સમય સુધી કારોબારને રોકવામાં આવે છે.

કોરોનાના આંતક
પહેલા પાનાથી ચાલુ

ગયા છે. ઈટાલીમાં ૨૧ ફેબ્રુઆરીએ પહેલો કેસ સામે આવ્યો હતો. તેના એક મહિના પછી મહામારી રોકવા માટે દેશની અંદરની દરેક યાત્રાઓ રોકવામાં આવી છે. ઈટાલીમાં ચીન કરતા વધારે લોકોના મોત થયા છે.

અમેરિકામાં એક જ દિવસમાં ૧૪,૫૫૦ કેસ નવા નોંધાયા છે. તેમાંથી એક તૃતિયાંશ કેસ માત્ર ન્યૂયોર્ક શહેરના છે. અહીં ૨૪ કલાકમાં ૧૨,૩૪૫ કેસ નોંધાયા છે.

એક જ પરિવારના ૪ સભ્યોને કોરોના વાઈરસ પોઝિટિવ

વડોદરામાં વધુ ત્રણ કોરોનાના કેસ નોંધાયાઃ લોકોમાં ફફડાટ

વડોદરા

વડોદરા શહેરમાં આજે કોરોના વાઈરસના નવા ૩ કેસ નોંધાયા છે. વડોદરામાં કોરોના વાઈરસના કેસની સંખ્યા ૬ ઉપર પહોંચી ગઈ છે. શ્રીલંકા ગયેલા ૧૨ લોકોના ગૃપ પૈકી અગાઉ એક પુરૂષનો કોરોના વાઈરસનો પોઝિટીવ કેસ નોંધાયો હતો. ત્યારબાદ આજે તેની પત્ની, દીકરી અને પુત્રવધુનો કોરોના વાઈરસનો કેસ પોઝિટિવ આવ્યો છે. જેને પગલે તંત્રમાં દોડધામ મચી ગઇ છે. આજે લોકો રસ્તા ઉપર નીકળી ગયા હતા. જોકે પોલીસ લોકોને ઘરે પર જવાની અપીલ કરી રહી છે.

૨૧ માર્ચે શ્રીલંકાથી પરત આવેલા ૧૨ લોકોના ગૃપ પૈકી ૫૨ વર્ષીય પુરૂષનો કોરોના વાઈરસનો રિપોર્ટ પોઝિટિવ આવતા તંત્રમાં દોડધામ મચી ગઇ હતી. હવે તેના પરિવારના ૩ સભ્યોનો કોરોના વાઈરસનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આમ એક જ પરિવારના ૪ સભ્યોનો કોરોના વાઈરસનો રિપોર્ટ પોઝિટિવ આવ્યા તંત્ર દોડતુ થઇ ગયું છે. જેમાં ૫૨ વર્ષના પતિ, તેની પત્ની, ૨૭ વર્ષની પુત્રી અને ૨૯ વર્ષની પુત્રવધૂનો સમાવેશ થાય છે.

૩૧મી માર્ચ સુધી અમદાવાદના વિસ્તારોમાં ફેરિયા છાપા નહીં નાંખે

અમદાવાદ

રાજયમાંમાં કોરોના વાયરસએ અજગર ભરડો લીધો છે. રાજ્યમાં વાયરસના કારણે ૨૯ સંક્રમિત કેસ ૨૩મી માર્ચે બપોરે ૨ વાગ્યા સુધી નોંધાયા છે અને એક વ્યક્તિનું મોત થયું છે ત્યારે જનજન સુધી અખબારો પહોંચાડતા ફેરિયાઓએ રાજ્યના સૌથી મોટા શહેરમાં અખબાર વિતરણની સુવિધા મોકૂફ રાખવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણયનો અમલ થતા આવતીકાલથી અમદાવાદના આ વિસ્તારોમાં અખબાર ન મળે તેવી શક્યતાઓ જોવાઈ રહી છે.

અમદાવાદમાં ન્યૂઝ પેપરનું વિતરણ કરતા વિતરકોના પશ્ચિમ (વેસ્ટઝોન) એસોસિએશન દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે કે આગામી ૩૧મી માર્ચ સુધી તેઓ છાપાનું વિતરણ બંધ રાખશે. આ નિર્ણયનો જો અમલ થાય તો અમદાવાદના પશ્ચિમ વિસ્તારના વિતરકોના તાબામાં આવતા લાખો વાંચકોને અખબાર નહીં મળે.

લોકડાઉન કોઈ નિયમનું ઉલ્લંઘન કરશે તો સીધા જેલમાં જશેઃ ગાંધીનગર રેન્જ આઈજી

ગાંધીનગર

સમગ્ર દેશમાં કોરોનાનો કાળો કહેર વધી રહ્યો છે. ત્યારે રાજય સરકારે ૬ જેટલા શહેરોને લોકડાઉન કર્યા છે. જેથી ગાંધીનગર સચિવાલય અને વિધાનસભામાં કામ કરનારા કર્મચારીઓને જ ગાંધીનગરમાં એન્ટ્રી અપાઈ રહી છે. આ દરમિયાન અમદાવાદ-ગાંધીનગર હાઈવે ઉપર ચક્કાજામના દ્રશ્યો સર્જાયા હતા. જેથી ગાંધીનગર રેન્જ આઈજી મયંકસિંહ ચાવડાએ જણાવ્યું હતું કે, લોકોની તપાસ કર્યા બાદ અમે તેમને ગાંધીનગરમાં પ્રવેશવાની પરવાનગી આપવામાં આવે છે.

વધુમાં તેમણે જણાવ્યું કે, ગાંધીનગરના એન્ટ્રી પોઈન્ટ અને એક્ઝિટ પોઈન્ટ લોકડાઉન કરવામાં આવ્યા છે. કોરોના વાઈરસને કારણે ગાંધીનગરને લોકડાઉન કરાયું છે. જેથી ગાંધીનગરના તમામ એન્ટ્રી અને એક્ઝિટ પોઈન્ટ પર ચેકિંગ કરાઈ રહ્યું છે. તમામ લોકલ સેવા સ્થગિત કરી છે, પરંતુ આવશ્યક સેવાઓ તેમજ ચીજ-વસ્તુઓ માટે ગાંધીનગરમાં પ્રવેશ આપવામાં આવી રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે, લોકડાઉનમાં રાજ્ય સરકારે તમામ દુકાનો બંધ રાખવાનો આદેશ આપ્યો છે. જેથી ગાંધીનગરમાં નિયમનો ભંગ કરાય નહીં તેની તકેદારી પણ રખાય છે. જો કોઈ નિયમનો ભંગ કરશે તો તેના વિરૂદ્ધમાં ગુનો દાખલ કરવામાં આવશે.

લોકોને માર્ગ પરથી દૂર કરવા ઉતારાશે પોલીસ ફોર્સ, કરાશે કડક કાર્યવાહી

કોરોના સામે સજાગ થાઓ, નહીં તો આંકડો લાખોમાં જશેઃ વિજય નહેરા

અમદાવાદ

કોરાના વાઈરસને અટકાવવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સામાજિક મેળાવડા નહીં કરવા અપીલ કરી હતી. તેમજ કોરોના સામે લડતા લોકોનો જુસ્સો વધે તે હેતુથી રવિવારે સાંજે પોતાના ઘરની બાલ્કનીમાં થાળી, તાલી, ઘંટ, શંખનાદ કરવા આહ્વાન કર્યું હતું.આમ છતાં ખાડિયા વિસ્તારમાં ઘરમાં રહીને થાળી વગાડવાની જગ્યાએ લોકો રાષ્ટ્રધ્વજ સાથે રેલી કાઢી હતી. રવિવારે જનતા કર્ફ્યુ દરમિયાન અનેક નાગરીકો દ્વારા બેદરકારી દાખવવામાં આવી હતી. જેના કારણે ૧૯ લોકો વિરુદ્ધ અટકાયત કરવામાં આવી છે.

અમદાવાદી નાગરિકને ઘર બહાર ન નીકળવા એએમસીએ અપીલ કરી છે, તેમ છતાં અમુક લોકો જાણે પોતાની જાતને રાજા સમજીને નિયમોનું ઉલ્લંઘન કરી રહ્યા છે. આવા લોકો પોતે જ મુશ્કેલીમાં મૂકાઈ છે, સાથે તેમના ઘરના લોકોને પણ મુશ્કેલીમાં મુકી રહ્યા છે. ત્યારે આજે કોરોનાના કહેર વચ્ચે રસ્તા પર ફરતા લોકો મામલે મ્યુનિશિપલ કમિશનર વિજય નહેરાએ એક પ્રેસ કોન્ફરન્સ કરીને ભવિષ્યની રણનીતિ વિશે વાતચીત કરી હતી. એટલું જ નહીં, વિજય નહેરાએ પોલીસ કમિશન આશિષ ભાટિયા સાથે વાત કરી છે. લોકોને જાહેર રસ્તાઓ પરથી દૂર કરવા માટે પોલીસ ફોર્સ ઉતારવા જણાવી દેવામાં આવ્યું છે અને લોકોને સમજાવવામાં આવશે અને નહીં સમજે તો તેમની સામે કડક કાર્યવાહી કરવા પણ પોલીસ ફોર્સને જણાવવામાં આવ્યું છે.

મ્યુનિશિપલ કમિશનર વિજય નહેરાએ આજે જણાવ્યું છે કે, કોરોના વાયરસ સામે આપણા શહેરની લડાઈ નિર્ણાયક તબક્કામાં પહોંચી ગઈ છે. જેથી શહેરીજનોને આગામી ૨ અઠવાડિયા સુધી ઘરની બહાર ના નીકળવા માટે અપીલ કરવામાં આવી છે. ૨ અઠવાડિયામાં શહેરીજનો કેવી જવાબદારી નીભાવશે તેના પર આખા શહેરનું ભાવિ ટકેલું છે અને તેમણે ઉમેર્યું હતું કે, જો આપણે સાવધાની ના રાખી તો આગામી સમયમાં શહેરમાં હજારો અને લાખોની સંખ્યામાં દર્દીઓનો આંકડો વધી શકે છે. દરેક નાગરિકોએ જવાબદારી પૂર્વક પોતાની ફરજ નિભાવી સૂચનાનું પાલન કરવા માટે જણાવ્યું છે.

વિજય નહેરાએ વધુમાં જણાવ્યું કે, કોરોના સામે બાથ ભીડવા માટે તંત્ર સજ્જ છે, પરંતુ નાગરિકોએ પણ સાવધ રહેવું પડશે. જો તમે બહાર નીકળશો તો ચેપ તમને લાગશે અને તમારા થકી કોરોના વાયરસ તમારા ઘરમાં પહોંચી શકે છે. માટે નહેરાએ ઘરમાં બેસી રહેવા નાગરિકોને અપીલ કરી છે.

બાલીસણામાંથી અપહરણ થયેલ કિશોરીને પોલીસે પંચમહાલથી શોધી કાઢી

પાટણ

બાલીસણા ગામે મંજુર કામ અર્થે આવેલ પંચમહાલનો ઈસમ ગામમાં મામાના ઘરે રહેતી કિશોરીને લલચાવી અપહરણ કરી લઇ જતા ફરિયાદ નોંધાઈ હતી. બાલીસણા પોલીસે તપાસ હાથ ધરી હતી જેમાં આરોપીના ઘરેથી કિશોરી મળી આવતા પરત લાવી પરિવારને સોંપીને આરોપી ફરારને ઝડપી પાડવા કાર્યવાહી હાથધરી છે.

બાલીસણાના મણાભાઈ બબાભાઈના વાડામાં મંજૂરી કામ અર્થે આવતા પંચમહાલના પીન્ટુભાઇ જશવંતભાઈ નાયકે ગામમાં મામાના ઘરે રહેતી ભાણીને લલચાવી ફોસલાવી ૧૯ માર્ચના રોજ અપહરણ કરી ભાગી ગયો હોવાની મામા કનુજી ઠાકોરે બાલીસણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી ત્યારે પોલીસે ગુનો નોંધી ઈસમનું લોકેશન મળેવી તપાસનો દોર શરૂ કર્યો હતો અને ૨૨ માર્ચના રોજ બાલીસણા પોલીસ દ્વારા કિશોરીની ભાળ મળેવી પંચમહાલની પોલીસને સાથે રાખી ઈસમના ઘર મોવાડા ફળિયું તા મોરવા માંથી કિશોરીને શોધી કાઢી હતી પરંતુ આરોપી ઘરે ન મળી બાલીસણા પોલીસ કિશોરીને લઇ પરત આવી હતી અને પરિવારને સોંપી ફરાર શખ્સ પકડવા કાર્યવાહી હાથ ધરી હતી.

ગુજરાત રાજ્ય બહારથી આવતી બસો, ટેક્સી કેબ અને મેક્સી કેબ પર ૩૧મી માર્ચ સુધી પ્રતિબંધ

ગાંધીનગર

દેશભરમાં ફેલાઇ રહેલો કોરોના વાઇરસના સંક્રમણને નિયંત્રણમાં રાખવા ગુજરાત સરકારના વાહન વ્યહવહાર વિભાગ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરીને મહત્વાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ અંગે રાજ્ય વાહન વ્યવહાર વિભાગના જણાવ્યાનુસાર, તા. ૩૧-૦૩-૨૦૨૦ સુધી અન્યે રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાંથી ગુજરાતમાં આવતી પેસેન્જર બસો, ટેક્સી કેબ અને મેક્સી કેબ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ નિર્ણયથી ગુજરાત રાજ્ય બહારથી આવતી તમામ પેસેન્જેર બસો, ટેક્સી કેબ અને મેક્સી કેબ ગુજરાત રાજ્યમાં આજથી પ્રવેશી શકશે નહીં.

આ ઉપરાંત ગુજરાત રાજ્યમાં નોંધાયેલ ગુજરાત પાસિંગ પેસેન્જ્ર બસો, ટેક્સી કેબ અને મેક્સી કેબ તા.૨૫-૦૩-૨૦૨૦ સુધી રાજ્યની અંદર પણ મુસાફરોની હેરફેર કરી શકશે નહીં, પરંતુ કોરોના વાઇરસના નિયંત્રણની કામગીરીમાં રોકાયેલ ઇમરજન્સીજ – મેડિકલ સર્વિસીસ અને અંગત વપરાશ માટેના વાહનો અને સરકારી ફરજમાં રોકાયેલા વાહનોને આ નિર્ણયથી મુક્તિ આપવામાં આવેલ છે.

ગુજરાત રાજ્યમાં દરરોજ મહારાષ્ટ્ર , રાજસ્થામન અને મધ્યે પ્રદેશની પેસેન્જર બસો દ્વારા મોટી સંખ્યાયમાં મુસાફરોની હેરફેર થાય છે. આ હેરફેરથી કોરાના વાઇરસના સંક્રમણને નિયંત્રણમાં લેવા માટે ગુજરાત સરકાર દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે.

મારી નાંખવાની ધમકી આપી કૌટુંબિક બહેન પર ભાઈએ દુષ્કર્મ આચર્યું

પાલનપુર

ભાભરના વજાપુર જૂના ગામની સીમમાં શખ્સે પોતાની કૌટુંબીક બહેનને જ છરીથી પતાવી દેવાની ધમકી આપી માર મારી દુષ્કર્મ આચરતા બહેને કૌટુંબીક ભાઈ સામે ફરિયાદ નોંધાવી હતી.આથી પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ભાભરના વજાપુર જૂના ગામની સીમમાં ૧૨ માર્ચે યુવતી એરંડા વિણી રહી હતી. તે સમયે પહોંચેલા યુવતીના કૌટુંબીક ભાઈએ યુવતીને પકડી તું કેમ લગ્ન કરે છે તેવું કહી તું મને શરીર સંબંધ બાંધવા દે નહીંતર તને છરીથી પતાવી દઈશની ધમકીઓ આપી હતી અને તે બાદ શખ્સે તેની બહેનને જ માર મારી એકલતાનો લાભ લઇ દુષ્કર્મ ગુજારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી. જેને લઇ ઘટનાને ૧૦ દિવસ બાદ દુષ્કર્મનો ભોગ બનેલી યુવતીએ તેના કૌટુંબીક ભાઇ દશરથભાઈ બિજલભાઇ ઠાકોર (રહે.ભાણખોડ,તા.વાવ, હાલ રહે. હરકુંડીયા, તા.ભાભર) સામે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

વડોદરામાં પોઝિટિવ કેસોની સંખ્યા ૬ પર પહોંચીઃ શહેર લોકડાઉન,ચેકપોસ્ટ સીલ

વડોદરા

વડોદરા શહેરમાં આજે કોરોના વાઈરસના નવા ૩ કેસ નોંધાયા છે. વડોદરામાં કોરોના વાઈરસના કેસની સંખ્યા ૬ ઉપર પહોંચી ગઈ છે. શ્રીલંકા ગયેલા ૧૨ લોકોના ગૃપ પૈકી અગાઉ એક પુરૂષનો કોરોના વાઈરસનો પોઝિટીવ કેસ નોંધાયો હતો. ત્યારબાદ આજે તેની પત્ની, દીકરી અને પુત્રવધુનો કોરોના વાઈરસનો કેસ પોઝિટિવ આવ્યો છે. જેને પગલે તંત્રમાં દોડધામ મચી ગઇ છે. પોલીસે લોકડાઉનને પગલે વડોદરા શહેરની ૧૧ ચેક પોસ્ટ સીલ કરી દીધી છે અને કોઇને વડોદરામાં પ્રવેશ કે વડોદરામાંથી બહાર નીકળવા દેવામાં આવી રહ્યા નથી. ૩ દિવસનું લોકડાઉન હોવા છતાં લોકો રસ્તા ઉપર નીકળી ગયા હતા. શરૂઆતમાં પોલીસે લોકોને ઘરે પર જવાની અપીલ કરી રહી હતી. પરંતુ બાદમાં પોલીસે વાહનો ડિટેઇન કરવાનું શરૂ કર્યું છે. જેમાં પોલીસે બહાર નીકળેલા લોકોના ૫૦૦ટુ-વ્હીલર્સ અને કાર્સ ડીટેઇન કરી છે. પોલીસે દુકાનો બંધ કરવાનું એનાઉન્સમેન્ટ કર્યા પછી પણ પાદરામાં દુકાન ખુલ્લી રાખતા ૭ વેપારીઓની અટકાયત કરવામાં આવી છે. વડોદરા શહેરમાં કામ વગર બહાર નીકળનાર સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

પત્નીની નજર સામે ત્રણ શખ્સોએ પ્રૌઢની છરીના ઘા ઝીંકી હત્યા કરી

રાજકોટ

શહેરમાં કોરોનાને કારણે જનતા કર્ફ્યુ વચ્ચે મોડી રાતે આજીડેમ પાસે માંડા ડુંગર નજીક ભીમરાવનગરમાં હત્યાની ઘટના બની હતી. ગત વર્ષે એપ્રિલ મહિલનામાં ટ્રાફિક વોર્ડન ઈશ્વર ભરતભાઈ મકવાણાએ પોતાના પિતા, ભાઈઓ સાથે મળી પોતાની સગીર બહેનની છેડતી કરનાર મુરારી કેશુભાઈ મકવાણાની હત્યા કરી હતી. આ ગુનામાં ભરતભાઈ અને ત્રણ પુત્રો ઈશ્વર, આશિષ અને પ્રફુલ જેલહવાલે થયા હતાં. જે પૈકી ભરતભાઈ અને બે પુત્રો આશિષ તથા પ્રફુલ આઠ મહિના પહેલા જામીન પર છૂટ્યા હતાં. સુત્રધાર ઈશ્વર હજુ જેલમાં છે. ભાઈની હત્યાનો બદલો લેવા ઈશ્વર કેશુભાઈ મકવાણાએ બે મિત્રો સાથે મળી જામીન પર છૂટેલા ભરતભાઈ ગત રાતે છાસ લેવા નીકળ્યા ત્યારે તેમની પત્નીની નજર સામે જ છરીના ઘા ઝીંકી હત્યા કરી હતી તેમજ પથ્થરોના ઘા પણ માર્યા હતા.

માંડાડુંગર પાસે ભીમરાવનગર ઢાળીયા પાસે રહેતાં અને છૂટક મજૂરી કરતાં ભરતભાઈ નાથાભાઈ મકવાણા (ઉ.વ.૪૯) રાત્રે ૧૧.૧૫ વાગ્યે ઘરેથી નજીકની દુકાને છાસ લેવા નીકળ્યા હતી. ત્યારે ઘર નજીક પહોંચ્યા તે વખતે ત્રણેક શખ્સોએ છરીથી હુમલો કરી પછાડી દઈ પથ્થરના ઘા ફટકાર્યા હતાં અને ત્રણેય ભાગી ગયા હતાં. દેકારો થતાં ઘરની ડેલીએથી ભરતભાઈના પત્ની નિર્મળાબેન તથા પુત્રો તેમજ બીજા લોકો દોડી આવ્યા હતાં. ભરતભાઈને સિવિલ હોસ્પિટલે ખસેડાયા હતાં. પરંતુ અહીં મૃતદેહ જ પહોંચ્યો હતો. ઘટનાની જાણ થતા આજીડેમ પોલીસ દોડી ગઇ હતી અને ત્રણેય શખ્સો સામે આઇપીસી ૩૦૨, ૧૧૪, ૧૩૫(૧), એટ્રોસીટી ૩(૨)(૫) મુજબ ગુનો નોંધ્યો હતો.

વડતાલ ટેમ્પલ મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડની ચૂંટણી કોરોના વાયરસને કારણે મોકૂફ

વડતાલ

સ્વામિનારાયણ મંદિર વડતાલ સંસ્થાની ચૂંટણી ૮ એપ્રિલે યોજાવાની હતી તે કોરોના વાયરસની ગંભીરતાને જોતા મોકૂફ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આગામી ચૂંટણીની તારીખ સ્થિતિ થાળે પડતા ચૂંટણી અધિકારી જે રીતે જાણ કરશે ત્યારે યોજવામાં આવશે. મળતી માહિતી અનુસાર, વડતાલ ટેમ્પલ મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડની ૭ બેઠકો માટે દર ૫ વર્ષે ચૂંટણી યોજાય છે. જેમાં સાધુ વિભાગમાંથી એક, બ્રહ્મચારી વિભાગમાંથી એક, પાર્ષદ વિભાગમાંથી એક અને ગૃહસ્થ વિભાગમાંથી ચાર ઉમેદવારો મળીને સાત ઉમેદવારો ચૂંટવામાં આવે છે. ચાલુ વર્ષે આગામી ચૈત્રી પૂનમ તારીખ ૮ એપ્રિલનાં રોજ વડતાલ ટેમ્પલ મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડની ચૂંટણી યોજાનાર છે. જેમાં મુખ્યત્વે દેવ પક્ષ અને આચાર્ય પક્ષ વચ્ચે ચૂંટણી યોજાય છે. દરેક પક્ષ પોતાનાં ઉમેદવારો ઉભા રાખે છે.

પાડોશીએ શોર્ટ,ટીશર્ટ પહેરીને કચરો વાળતી યુવતીનો વીડિયો ઉતારતા હોબાળો

અમદાવાદ

શહેરના વેજલપુર વિસ્તારમાં ફરિયાદી યુવતીના પાડોશમાં રહેતા એક શખ્સની વિકૃત હરકત સામે આવી છે. આ મામલે આ વિકૃત પુરુષ સામે વેજલપુર પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થયો છે. વાત એમ છે કે એક યુવતી તેના ઘરે કચરો વાળતી હતી, આ દરમિયાન તેણે શોર્ટ અને ટી-શર્ટ પહેરી હતી. યુવતી નીચે નમીને કામ કરી રહી હતી ત્યારે તેને શરીરના અમુક ભાગ દેખાતા હતા. આ જોઈને પાડોશીના દિમાગમાં વિકૃતી જન્મી હતી.

યુવતીના પાડોશમાં રહેતા શખ્સે ગેલેરીમાં ઉભા રહીને યુવતીના આંતરિક ભાગો દેખાતો હોવાનો વીડિયો ઉતારતા બબાલ થઈ હતી. આ મામલે યુવતીએ પોલીસને જાણ કરતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી પ્રમાણે જીવરાજપાર્કમાં રહેતી ૨૩ વર્ષીય યુવતી કૉલેજમાં અભ્યાસ કરે છે. ગઈકાલે "જનતા કર્ફ્યૂ" દરમિયાન તે પોતાના ઘરે હતી. ત્યારે શોર્ટ અને ટી-શર્ટ પહેરીને તે કચરા-પોતા કરતી હતી. આ સમયે આરોપી ઊપરના માળે ઉભો હતો.

યુવતીને લાગ્યું હતું કે આરોપી કંઈક શંકાસ્પદ વર્તણૂક કરી રહ્યો છે. આથી યુવતીએ આ મામલે તેના પિતાને વાત કરી હતી. જે બાદમાં પિતાએ સમજાવટથી મામલો પતાવવાની વાત કરી હતી. જોકે, સાંજે પણ પાડોશી મોબાઈલ સાથે ગેલેરીમાં ઉભા રહીને કંઈક કરી રહ્યો હતો.

આ વાત બાદ યુવતી તેના પાડોશીના ઘરે ગઈ હતી, જ્યાં બબાલ થઈ હતી. જેથી પોલીસને જાણ કરતા વેજલપુર પોલીસે આરોપીની અટકાયત કરી ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

લોકો લોકડાઉનને ગંભીરતાથી લે,રાજ્ય સરકારો કડક પાલન કરાવેઃ મોદી

ન્યુ દિલ્હી

કોરોના વાઈરસના કેસ દેશમાં સતત વધી રહ્યા છે. દેશના દસથી વધારે રાજ્યોમાં સરકારે લૉકડાઉનનું એલાન કર્યું છે. તેમ છતાં લોકો સતત ઘરમાંથી બહાર નીકળી રહ્યા છે. હવે આની પર વડાપ્રધાન મોદીએ કડકાઈ વર્તી છે. પીએમે લખ્યુ છે કે લોકો લૉકડાઉનનું પાલન કરી રહ્યા નથી, સરકાર કાયદાનું પાલન કરાવે.

લૉકડાઉનની સ્થિતિ પર વડાપ્રધાને પોતાની ટ્વીટમાં લખ્યુ, લૉકડાઉનને અત્યારે પણ કેટલાક લોકો ગંભીરતાથી લઈ રહ્યા નથી. મહેરબાની કરીને આપ પોતાને બચાવો. પોતાના પરિવારને બચાવો, સૂચનાઓનું ગંભીરતાથી પાલન કરો. રાજ્ય સરકારને મારી વિનંતી છે કે તેઓ નિયમો અને કાયદાનું પાલન કરાવે. લૉકડાઉનને અત્યારે પણ કેટલાક લોકો ગંભીરતાથી લઈ રહ્યા નથી.

દેશના ૮૦ શહેર આગામી ૩૧મી માર્ચ સુધી લૉકડાઉન રહેશે. જેમાં દિલ્હી, મુંબઈ, કોલકાતા, ચેન્નાઈ, અને બેંગલુરુનો સમાવેશ થાય છે.

ઈમરજન્સી સિવાય નીકળવું નહીં,ધ્યાન નહીં રાખો તો પસ્તાવાનો વારો આવશેઃ રૂપાણી

ગાંધીનગર

આજે ગુજરાતમાં એક સાથે ૧૧ કેસ કોરોના પોઝિટિવ હોવાનું સામે આવ્યું છે અને સાથે જ રાજ્યભરના શહેરોમાં જાણે લોકો લોકડાઉનના આદેશની ઘોળીને પી ગયા હોય તેમ સવારથી જ જાહેર માર્ગો પર લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા છે. તેવામાં મુખ્યમંત્રી રુપાણીએ જનતાને આ હેલ્થ ઈમરજન્સીને ગંભીરતાથી લેવા અને પિકનિકમાં નીકળી પડ્યા હોય તેમ જાહેર રસ્તા પર નીકળી ન પડવા કહ્યું હતું.

અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ સહિતના શહેરોમાં સવારથી જ લોકોના ટોળે ટોળા જાહેર રસ્તાઓ પર ઉમટી પડ્યા હતા. તેવામાં મુખ્યમંત્રીએ લોકોને અપીલ કરતાં કહ્યું છે કે લોકો સંયમ જાળવે અને ૩૧ સુધી સ્વેચ્છાએ જ ઘરમાં રહે અને નિયમનો ભંગ ન કરે. લોકો આ રીતે નીકળી પડે છે તેનાથી રોગનો વ્યાપ વધી શકે છે.

ડાંગ જિલ્લામાં જનતા કર્ફ્યુ ને ભારે પ્રતિસાદ

કોરોના વાઈરસને અટકાવવા સાવધાન.. સમગ્ર ડાંગ બન્યું વેરાન..

આહવા

કોરોના વાઈરસ ની વૈશ્વિક મહામારીને પ્રાથમિક તબક્કામાં જ નાથવા માટે દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની હાકલને આજરોજ સમગ્ર દેશની જનતાએ કર્ફ્યુ રાખીને સફળ બનાવવા કટીબધ્ધતા વ્યક્ત કરી હતી. ત્યારે આજરોજ સમગ્ર ડાંગ જિલ્લાની જનતાએ પણ ભારે પ્રતિસાદ સાથે જનતા કર્ફ્યુ ને સફળ બનાવ્યંગ હતું. હાલમાં વિશ્વભરમાં નોવેલ કોરોના વાયરસ COVID- ૧૯ ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી દ્વારા નોવેલ કોરાના વાયરસ ફેલાતો અટકાવવા માટે અનેકવિધ પગલા લેવામાં આવ્યા છે.

જનતા કર્ફ્યુ ને ડાંગની જનતાનો ભારે પ્રતિસાદ સાંપડયો હતો. ડાંગ જિલ્લાના પ્રવેશદ્વાર વઘઈ ખાતે સવારથી જ રસ્તાઓ સુમસામ નજરે પડયા હતા. પૂર્વ પટ્ટી ધરાવતા સુબીર તાલુકા મથકે બજારો બંધ તેમજ વાહન વ્યવહાર પણ થંભી જવાના કારણે ડાંગનું વન પણ વેરાન ભાસતુ હતું. રાજયનું એકમાત્ર ગિરીમથક સાપુતારા પણ રજા હોવા છતા ખાલીખમ બન્યું હતું. કોરોના વાઈરસને અટકાવવાના ભાગરૂપે સરકારશ્રીના આહ્વાનને સમર્થન આપી લોકોએ સજ્જડ બંધ પાળ્યો હતો.

ડાંગ જિલ્લાના ત્રણે તાલુકના બજારો સહિત નગરો બંધ રહયા જ હતા પરંતુ સાથે સાથે ધવલીદોડ,ગલકુંડ,શામગહાન, સાકરપાતળ,પીપરી,ઝાવડા, મહાલ,કાલીબેલ જેવા નાના નાના ગામડાઓ પણ સુમસામ બની ગયા હતા. જિલ્લા આરોગ્યની ટીમ સતત સેવા માટે ગામડાઓમાં પણ તૈનાત કરવામાં આવી હતી. મહારાષ્ટ્ર રાજય માંથી આવતો રાજય ધોરી માર્ગ માં પણ છુટો છવાયા વાહનો નજરે પડયા હતા. આ તમામ વાહનોનું પોલીસ અને સાપુતારા સીએચસી ના ડોકટરોની ટીમ દ્વારા તપાસણી કરી જવા દેવામાં આવતી હતી.

જનતા કર્ફ્યુ ને સમર્થન આપતા સુબીર ગામના રમણભાઈ ગામીતે જણાવ્યું હતું કે અમે બધાજ એક પરિવાર સાથે રહી આ કોરોના વાઈરસને અટકાવવા સરકારે લીધેલા પગલાનું અભિવાદન કરીએ છીએ. આપણાં ભારત દેશને કોરોનામુક્ત બનાવવા અમારા ગામડાના લોકોની જનભાગીદારી છે.

શામગહાન ગામે ચંદરભાઈ પાંડુભાઈ ગાવિતના પરિવારજનોએ માદળ ઢોલ વગાડી ડોકટરો,મેડીકલ ટીમ સાથે પોલીસ વિભાગ અને સરકારી તંત્રની કામગીરીને વધાવી હતી. જયારે આહવાનગરમાં ફુવારા સર્કલ,મેઈન બજાર,ડુંગરી ફળિયાના લોકોએ વહીવટી તંત્રની ફરજ બજાવતી ટીમોને શંખનાદ,થાળીવાદન કરી પ્રોત્સાહન આપ્યું હતું. આહવાનગર સહિત સમગ્ર ડાંગ જિલ્લાના અબાલવૃધ્ધ સૌએ સ્વયંભૂ થાળીવાદન સાથે તાળીઓથી ફરજ બજાવતી ટીમનો ઉત્સાહ વધારી આનંદ વ્યક્ત કર્યો હતો.

નોવેલ કોરોના વાયરસ(COVID-2019)ને અનુલક્ષીને વલસાડ જિલ્લામાં કલમ -૧૪૪ લાગુ

વલસાડ

વિશ્વભરમાં નોવેલ કોરોના વાયરસ(COVID-2019) ને વર્લ્ડલ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. ભારતભરમાં પણ નોવેલ કોરોના વાયરસ (COVID-2019) ના કુલ - ૧૨૬ થી વધારે કેસો નોંધાયેલા છે. ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાયરસ(COVID-2019) ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. જે અનુસંધાને નોવેલ કોરોના વાયરસ(COVID-2019)ના ઝડપથી સંક્રમણને ધ્યાને લેતા તકેદારીના ભાગરૂપે લોકોની વધુ અવરજવરવાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી એન.એ.રાજપૂત દ્વારા ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩-ની કલમ ૧૪૪ તથા ગુજરાત પોલીસ એકટની કલમ-૩૭(૪) તાત્કાલિક અસરથી તા. ૩૧/૦૩/૨૦૨૦ સુધી સમગ્ર જિલ્લામાં લાગુ કરવામાં આવી છે.

મોલ, મલ્ટીપ્લેક્ષ, સિનેમા અને નાટયગૃહો કે જયાં મોટી સંખ્યામાં લોકોની અવર-જવર થતી હોય તેવા તમામ સ્થળો જાહેર જનતા માટે બંધ રાખવા, જીમ, સ્પોર્ટસ કોમ્પલેક્ષ સ્વીમીંગ પુલ, ડાન્સ કલાસીસ, ગેમ ઝોન, કલબ હાઉસ, વોટર પાર્ક, ઓડીટોરીયમ, એમ્યુઝમેન્ટ પાર્ક, પાર્ટી પ્લોટ, મેરેજ હોલ, લગ્ન વાડી કે જયાં મોટી સંખ્યાંમાં લોકોની અવરજવર થતી હોય તેવા તમામ સ્થળો જાહેર જનતા માટે બંધ રાખવા, શૈક્ષણિક સંસ્થાઓ ટયુશન કલાસ વગેરે સ્થળોએ તમામ પ્રકારનું શૈક્ષણિક કાર્ય બંધ રાખવા, તમામ હોટલ, રેસ્ટોરન્ટ ખાણી-પીણીના સ્થળો અને તમામ ફરસાણની દુકાન ભોજનાલય તથા તમામ જાહેર ખાનગી સ્થળો કે જયાં મોટી સંખ્યામાં લોકોની ભીડ થતી તેવા જાહેર સ્થળોના સંચાલકોએ નોવેલ કોરોના વાયરસ (COVID-2019) ને ફેલાતો અટકાવવા માટે સરકારશ્રી તરફથી જાહેર કરવામાં આવેલ માર્ગદર્શિકા મુજબ જરૂરી સેનીટાઈઝેશન અને હાઈજીનની વ્યવસ્થા કરી પુરતી તકેદારી રાખવાની રહેશે., કોઈપણ વ્યકિત/સંસ્થા / કોરાના વાયરસ અંગેની કોઈ પણ પ્રકારની અફવા પ્રિન્ટ કે સોશિયલ મીડીયા મારફતે ફેલાવશે તો તે ગુનો ગણાશે અને તેમના વિરૂધ્ધા કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે.જો કોઈ મુસાફર જાહેર થયેલ કોરોના વાયરસ પોઝીટીવ વિસ્તાર/દેશમાંથી છેલ્લા ૧૪ દિવસમાં મુસાફરી કરીને આવેલા હોય તો તેમણે નજીકની સરકારી હોસ્પીટલ ખાતે તથા જિલ્લા હેલ્પલાઈન નંબર ૧૦૪ ઉપર ફરજીયાત જાણકારી આપવાની રહેશે. આ હુકમ જે વ્યકિત સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે અન્યસ સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેવાને તથા સ્મશાનયાત્રાને લાગુ પડશે નહી તથા કરીયાણું-શાકભાજી- દુધ ચીજ વસ્તુતઓનું જ વેચાણ ચાલુ રાખી શકાશે. આ હુકમના ભંગ કરનાર વ્યકિત વિરૂધ્ધ ભારતીય ફોજદારી અધિનિયમની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

વલસાડ જિલ્લામાં કોરોના સંદર્ભે જાહેર સ્થળો બંધ રાખવા તથા જરૂરી સૂચનાઓનું અમલ કરવા અનુરોધ

વલસાડ

સમગ્ર વિશ્વમાં નોવેલ કોરોના વાયરસને કારણે ઉભી થયેલી પરિસ્થિતિને ધ્યાને લઇ દેશમાં તથા રાજયમાં જોવા મળેલ શંકાસ્પદ દર્દીઓની સંખ્યા અને કોરોના વાયરસ (COVID-2019) ની ભવિષ્યની અસરોને પહોંચી વળવા તેમજ રોગ અટકાયત અને નિયંત્રણની કામગીરી કાયદાકીય રીતે ત્વરિત હાથ ધરી શકાય તે હેતુસર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગર તરફથી ધ ગુજરાત એપેડેમિક રેગ્યુલેશન-૨૦૨૦ લાગુ કરવામાં આવેલ છે. જે અનુસાર તાત્કામલિક અસરથી જિમ્નેશિયમ, વોટરપાર્ક, ઓડીટોરીયમ, એમ્યુજમેન્ટન પાર્ક, પાર્ટી પ્લોઉ, મેરેજ હોલ, લગ્નવાડી, ગેમ ઝોન, રીક્રીએશનલ કલબ તા. ૩૧/૦૩/૨૦૨૦ સુધી બંધ રાખવા સુચના આપવામાં આવેલ છે. રાજયમાં ખાનગી પ્રેકટીસ કરતા તમામ મેડીકલ, હોમીયોપેથિક, આયુર્વેદિક દવાખાના, ખાનગી હોસ્પીટલોમાં કોરોના વાયરસના લક્ષણ ધરાવતો કોઈપણ શંકાસ્પેદ દર્દી જણાય કે કોરોના સંબંધિત રીપોર્ટ પોઝીટીવ આવે તો રાજય સરકારના હેલ્પ લાઈન નં. ૧૦૪, મુખ્ય્ જિલ્લા આરોગ્ય અધિકારી, અધિક નિયામક જાહેર આરોગ્ય કે નજીકની મેડીકલ હોસ્પીટલના તબીબને તેની તરત જ જાણ કરવા અને આ બાબતોની ચુસ્તપણે પાલન કરવા વલસાડ જિલ્લા મેજીસ્ટ્રેટ સી.આર.ખરસાણ દ્વારા જણાવાયું છે.

ઔદ્યોગિક એકમના કર્મચારીઓને તા.૨૯મી સુધી સવેતન રજા જાહેર

કોરોના વાયરસને સરકારે રાષ્ટ્રીય આપદા જાહેર કરી

સુરત

નોવેલ કોરાના વાઈરસના સંદર્ભે કેન્દ્ર સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા તા.૧૭મી માર્ચની યાદીથી તમામ સરકારી કચેરી/ સંકુલમાં લેવાની થતી તકેદારી સંબંધમાં માર્ગદર્શિકા પ્રસિધ્ધ કરવામાં આવી છે. કોરાના મહામારીથી ઉભી થયેલ પરિસ્થિતિને કારણે કેન્દ્ર સરકારે 'રાષ્ટ્રીય આપદા' જાહેર કરી છે, ત્યારે રાજય સરકારે કોરાના વાઈરસના સંક્રમણને નિયંત્રણમાં રાખી શકાય, નાગરિકોની સ્વાસ્થ્ય-સુખકારીને ધ્યાનમાં લઈને સરકારી કચેરી તથા સંકુલમાં પણ હાલ પુરતો તા.૨૯મી માર્ચ સુધી જાહેર જનતાનો પ્રવેશ મુલતવી રાખવા નિર્દેશ કર્યો છે. જેથી સુરત શહેર અને જિલ્લાના ઔદ્યોગિક એકમોમાં કામ કરતા શ્રમયોગીઓ-કર્મચારીઓ તા.૨૯/૦૩/૨૦૨૦ સુધી સવેતન રજા આપવા અનુરોધ કરવામાં આવે છે. તેમ છતાં કોઈ અગત્યના અને જરૂરી કામકાજ હોય તો શ્રમયોગીઓ ઘરેથી કામ કરી શકે તેવી વૈકલ્પીક વ્યવસ્થા કરવા તથા સંસ્થામાં ઓછામાં ઓછા શ્રમયોગીઓ હાજર રહે તેવી જાહેર હિતમાં વ્યવસ્થા કરવા જિલ્લા કલેકટરશ્રીની યાદીમાં જણાવાયું છે.

બે જુદા જુદા યુવકોએ કરેલી આત્મહત્યા

સુરત, તા.૨૩

શહેરના વરાછા, પાંડેસરા વિસ્તારમાં બે યુવકોએ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હોવાનો બનાવ પોલીસ મથકોમાં નોંધાયા હતા.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર વરાછા આદર્શનગર મંગુકાકાની ચાલમાં રહેતા હસમુખભાઈ ગણેશભાઈ સાંગાણીએ ગતરોજ કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. જયારે ઉત્તરપ્રદેશના ગોરખપુર ખાતે રહેતા અને હાલમાં પાંડેસરા ગીતાનગર સોસાયટીમાં રહેતા કરણ જોગી યાદવે પોતાના ઘરમાં કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. આ બંને યુવકો ૩૧ અને ૩૬ વર્ષના હોવાનું પોલીસે જણાવ્યું હતું.

સુરત પાલિકાનો નિર્ણય, કોરોન્ટાઈનનો ભંગ કરશે તેને થશે ૨૫૦૦૦નો દંડ

સુરત

કોરોના વાયરસના કારણે હવે ગુજરાતમાં પણ લોકોનો ભય વધ્યો છે. તેમ છતાં કેટલાક લોકો બેજવાબદારી પૂર્વક વર્તન કરે છે. સરકારના તમામ પ્રયત્નો અને આદેશનું ઉલ્લંઘન કરી લોકડાઉન હોવા છતાં બહાર ફરવા નીકળી પડે છે. એટલું જ નહીં તંત્ર માટે તો કોરોન્ટાઈન પીરિયડમાં રહેતા લોકો પણ માથાનો દુખાવો બની રહ્યા છે. તેવામાં સુરત મહાનગરપાલિકાએ એક મહત્વની જાહેરાત કરી છે.

સુરત મહાનગર પાલિકાએ નિર્ણય કર્યો છે કે કોરોન્ટાઈન કરેલા લોકો જો બહાર ફરતા જોવા મળશે તો તેમને ૨૫૦૦૦ રૂપિયાનો દંડ કરવામાં આવશે. સુરત મહાનગરપાલિકાના કમિશ્નર બંછાનિધિ પાનીએ કહ્યાનુસાર જે લોકો બહારના દેશમાંથી આવ્યા છે અને કોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે તે જો આ પીરિયડનો ભંગ કરશે તો તેના વિરુદ્ધ એપેડેમિક ડીસીઝ એક્ટ ૧૮૯૭ હેઠળ કાર્યવાહી થશે અને ૨૫૦૦૦નો દંડ વસુલવામાં આવશે.

કોરોના અંગે ખોટો સંદેશો ફેલાવનાર ગોધરાના યુવક સામે પોલીસ ફરિયાદ

પંચમહાલ

વિશ્વ આખું કોરોના વાયરસને કારણે પરેશાન છે ત્યારે સરકારે લોકોને કોરોના અંગે કોઈ ખોટી અફવા ન ફેલાવવા માટે અપીલ કરી છે. આ સાથે જ ભારત સરકાર અને રાજય સરકારોએ લોકોને ચીમકી પણ ઉચ્ચારી છે કે જો કોઈ અફવા ફેલાવશે તો તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે. ગુજરાતમાં પંચમહાલ જિલ્લાના ગોધરામાં કોરોના વાયરસ અંગે અફવા ફેલાવવા બદલ પોલીસ ફરિયાદ નોંધી છે. આ ફરિયાદ સાથે પોલીસે એવો સંદેશ પાઠવ્યો છે કે કોરોના અંગે ખોટી માહિતી ફેલાવતા પહેલા ૧૦૦ વાર વિચારજો.

મળતી માહિતી પ્રમાણે ગોધરામાં કોરોના વારસના બે પોઝિટિવ કેસ હોવાનો ખોટો સંદેશ ફેલાવનાર યુવક સામે પોલીસે ફરિયાદ નોંધી છે. પોલીસ ફરિયાદ પ્રમાણે યુવકે સોશિયલ મીડિયામાં ખોટો સંદેશ ફેલાવીને ભયનો માહોલ ઉભો કર્યો હતો. આ મામલે ગોધરા એ ડિવિઝન પોલીસે ચિરાગ દેસાઈ નામના યુવક સામે ફરિયાદ નોંધી છે.

નોંધનીય છે કે સ્થાનિક કક્ષાએ કોરોના અંગે અનેક ખોટા સંદેશ વાયરસ થઈ રહ્યા છે. લોકો તેમના મોબાઈલમાં આવતી સામગ્રીને ખરાઈ કર્યા વગર જ આગળ મોકલી રહ્યા છે. લોકોમાં ખોટો ડર કે ફફડાટ ન ફેલાય તે માટે પોલીસ અને તંત્ર આવું ન કરવા લોકોને અપીલ કરી રહી છે. આ મામલે કડક પગલાં પણ ભરવામાં આવી રહ્યા છે.

નર્મદામાં ૨૫ વ્યક્તિ કવોરનટાઈન હેઠળ,ઘર પર ચેતવણી ભર્યા સ્ટીકરો મારવામાં આવ્યા

૨૦ વ્યક્તિઓ ૧૪ દિવસ સુધી હોમ કવોરનટાઈન હેઠળ હોય એ લોકોના નિવાસસ્થાને આરોગ્ય વિભાગ દ્વારા લાલ સ્ટીકર લગાવી દેવામાં આવ્યા છે. નર્મદા જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા અપાયેલ સેનેટાઈઝર અધિકારીઓ પોતાના ઘરે લઈ જાય છે ની બુમ..?!

(ભરત શાહ દ્વારા)

રાજપીપળા

કોરોના વાયરસના સંક્રમણને નિવારવા નર્મદા જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા સરાહનીય કાર્ય કરાઈ રહ્યું છે. જિલ્લામાં અત્યાર સુધી ૫ વ્યક્તિઓ કવોરનટાઈન હેઠળ અને ૨૦ વ્યક્તિઓ ૧૪ દિવસ સુધી હોમ કવોરનટાઈન હેઠળ છે.જે લોકો હોમ કવોરનટાઈન હેઠળ છે એ લોકોના નિવાસસ્થાને આરોગ્ય વિભાગ દ્વારા લાલ સ્ટીકર લગાવી દેવામાં આવ્યું છે, એ સ્ટીકરમાં કઈ તારીખ સુધી તેઓ હોમ કવોરનટાઈન હેઠળ છે એ દર્શવાયું છે.તો એ તારીખ સુધી એ ઘરની કોઈએ પણ મુલાકાત ન લેવી એવી ચેતવણી પણ અપાઈ છે.



● લાલ સ્ટીકર લગાવેલ ઘરના વ્યક્તિને કોરોના વાયરસ છે એવું માની લેવું નહિ. જે તે જિલ્લામાં કોઈ પણ વ્યક્તિ વિદેશથી આવી હોય એ વ્યક્તિ સરકારના નિયમ મુજબ ૧૪ દિવસ સુધી હોમ કવોરનટાઈન હેઠળ હોવાનું આરોગ્ય શાખા દ્વારા લગાવેલ લાલ સ્ટીકર દર્શાવે છે.કવોરનટાઈન હેઠળ રહેલા વ્યક્તિ ના હાથ પર ઓળખના ભાગ રૂપે સિક્કો પણ મારવામાં આવે છે.એમને કોરોના વાયરસ છે એવું માનવુ નહિ.

● સોશિયલ મીડિયામાં કોરોના વાયરસ મામલે ખોટી અફવા ફેલાવવા બદલ ૩ વર્ષની સજા થઈ શકે છે

કોરોના વાયરસ મામલે સોશિયલ મીડિયામાં અફવાઓનું બજાર ગરમ થયું છે.તો નર્મદા જિલ્લા પોલીસ વડા ડો. હિમકર સિંહે જણાવ્યું હતું કે ખોટી અફવા ફેલાવનારને ૩ અથવા તેથી વધુ વર્ષની સજાની જોગવાઈ છે.જો અમારા ધ્યાનમાં એવું આવ્યું અથવા કોઈએ અમને એવી બાબત જણાવી તો તપાસ બાદ એની પર કાર્યવાહી પણ થઈ શકે છે.

● નર્મદા જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા અપાયેલ સેનેટાઈઝર અધિકારીઓ પોતાના ઘરે લઈ જાય છે?

કોરોના વાયરસનું સંક્રમણ અટકાવવા જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા સેનેટાઈઝરની ૫૦૦ ML ની ૩૦૦ જેટલી બોટલો સરકારી અને બિન સરકારી કચેરીઓમાં આપવામાં આવી છે.ત્યારે સેનેટાઈઝરની બોટલો કેટલાક અધિકારીઓ પોતાના ઘરે લઈ જાય છે કચેરીમાં રાખતા નથી એવી પણ બુમો ઉઠી છે.તો આ મામલે જિલ્લા વહીવટીતંત્ર યોગ્ય તપાસ કરી કાર્યવાહી કરે એ જરૂરી બન્યું છે.

નેપાળ ફરીને પરત આવેલ ભરૂચના પ્રવાસીઓને હોસ્પિટલ લઈ જવાયા

ભરૂચ

આખુ વિશ્વ જ્યારે કોરોના વાયરસનાં ચપેટમાં આવી ગયું છે ત્યારે ગુજરાતીઓ પણ ઘણાં જ જાગૃત દેખાઈ રહ્યાં છે. ભરૂચનાં વિવિધ ગામનાં લોકો નેપાળનાં પ્રવાસે ગયા હતા. તેઓ આજે રાજ્યમાં પાછા ફર્યા છે. ત્યારે તેમની આખેઆખી બસને સીધી જ સિવિલ હૉસ્પિટલ લઈ જવામાં આવી હતી. તેમા સવાર તમામ ૪૫ યાત્રીઓનું મેડિકલ પરીક્ષણ કરવામાં આવ્યું છે.

કોરોના વાયરસ સામે તકેદારી દાખવતો એક કિસ્સો સામે આવ્યો છે. જેમાં નેપાળ પ્રવાસ કરીને આવેલા ૪૫ લોકોને તેમના ઘરે નહીં પરંતુ સીધા જ સિવિલ હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યાં હતાં. જોકે, તમામ પ્રવાસીઓએ તંત્રને સહકાર આપીને પોતાની તપાસ કરાવી દીધી હતી.

આ સાથે સુરતમાંથી પણ તકેદારીનો એક કિસ્સો સામે આવી રહ્યો છે. આ મહામારી વચ્ચે સુરતનાં પાંડેસરામાં રહેતા એક કપલે પોતાના લગ્ન મોકૂફ રાખીને જનજાગૃતિનો અનોખો સંદેશ આપ્યો છે. કપલે પોતાના લગ્નમાં થનારી ભીડને ટાળવા માટે ૨૮ અને ૨૯મી માર્ચે યોજનારા લગ્ન મોકૂફ રાખ્યા છે. પાંડેસરામા રહેતા લગ્નના બંધને બંધાવા જઈ રહેલા મહારાષ્ટ્રીયન ધીરજ સુરેશભાઈ સોનવને (ઉ.વ.આ.૨૩) રહે નાગસેન નગર અને લક્ષ્મી સાહેબરાવ સોનવને (ઉ.વ.આ. ૨૨)નાની એક મહિના પહેલા જ સગાઈ થઈ હતી. બન્નેના માર્ચની ૨૮-૨૯ તારીખના રોજ લગ્ન નક્કી થયા હતાં.

અનિશ્ચિતકાળ સુધી ટળી શકે છે એનપીઆર,જનગણનાનો પ્રથમ તબક્કો

ન્યુ દિલ્હી

એક એપ્રિલથી પ્રસ્તાવિત રાષ્ટ્રીય જનસંખ્યા રજિસ્ટરને અદ્યતન કરવા અને જનગણના ૨૦૨૧ના પ્રથમ તબક્કાને કોરોના વાયરસને કારણે અનિશ્ચિત કાળ સુધી ટાળવામાં આવી શકે છે. એક-બે દિવસમાં આ મામલે ઓફિશિયલ આદેશ જાહેર થવાની આશા છે. ગૃહમંત્રાલયના એક અધિકારીએ જણાવ્યુ કે સરકારના ઉચ્ચ સ્તર પર આ સંભાવના પર ચર્ચા ચાલી રહી છે.

રાષ્ટ્રીય જનસંખ્યા રજિસ્ટર અને જનગણના હેઠળ ઘરોને સુચીબદ્ધ કરવાના કામના પ્રથમ તબક્કાને કોરોના વાયરસને કારણે ટાળવામાં આવી શકે છે. ઉલ્લેખનીય છે કે એનપીઆરને અદ્યતન કરવા અને જનગણનાના પ્રથમ તબક્કામાં ઘરોને સુચીબદ્ધ કરવાનું કામ ૧ એપ્રિલથી ૩૦ સપ્ટેમ્બર સુધી થવાનું છે. ગૃહ મંત્રાલયે ગત અઠવાડિયે કહ્યું હતું કે જનગણના ૨૦૨૧ અને રાષ્ટ્રીય જનસંખ્યા રજિસ્ટરને અદ્યતન કરવાની તૈયારીઓ અંતિમ તબક્કામાં છે અને એક એપ્રિલથી આ શરૂ થશે.

મંત્રાલયે આ વાત જનગણના અને એનપીઆરની તૈયારીઓ પર ડિરેક્ટરોના સમ્મેલન બાદ કહી છે. ઉલ્લેખનીય છે કે કેટલીક રાજય સરકારોએ એનપીઆરનો વિરોધ કર્યો અને અહી સુધી તેને લઈને ચિંતાઓ વ્યક્ત કરવા માટે કેટલાક રાજયોએ પોત પોતાની વિધાનસભામાં પ્રસ્તાવ પસાર કર્યો છે. કેરળ, પશ્ચિમ બંગાળ, રાજસ્થાન, છત્તીસગઢ અને બિહારે એનપીઆરનો વિરોધ કર્યો છે. જોકે, સ્પષ્ટ ક્યુ છે કે તે જનગણનાના પ્રથમ તબક્કામાં ઘરોને સૂચીબદ્ધ કરવાના કામમાં સહયોગ કરશે.

કોરોના વાયરસ સામે અગમચેતીના ભાગરૂપે વન, આદિજાતિમંત્રી ગણપતસિંહ વસાવાના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક

લોકોને ગભરાવાની જરૂર નથી પણ સચેત રહેવાની જરૂર છેઃ મંત્રી ગણપતસિંહ વસાવા

વિદેશથી તાજેતરમાં સૂરત-શહેર જિલ્લામાં આવેલા વ્યકિતની જાણ થાય તો ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૧૨૩ ૮૦૦૦ જાણ કરવા અનુરોધ

સૂરત

કોરોના વાયરસ સામેની તકેદારીના ભાગરૂપે સુરત શહેર-જિલ્લામાં વહીવટીતંત્ર દ્વારા લેવામાં આવેલા પગલાઓ અંગેની સમીક્ષા બેઠક વન, આદિજાતિમંત્રીશ્રી ગણપતસિંહ વસાવા તથા આરોગ્ય રાજયમંત્રીશ્રી કિશોરભાઈ કાનાણીના વડપણ હેઠળ બેઠક મળી હતી.

જિલ્લા સેવા સેદન ખાતે યોજાયેલી બેઠકમાં શ્રી વસાવાએ કહ્યું કે, લોકોએ ગભરાવાની જરૂર નથી પણ સચેત રહેવાની જરૂરી છે. લોકો કામ સિવાય બહાર ન નીકળે અને એકબીજાના સંપર્કમાં ન આવે તેવી અપીલ મંત્રીશ્રીએ કરી હતી. ખાસ કરીને જિલ્લાના જે ગામોમાં એન.આર.ઓ.ની સંખ્યા વધુ છે તેવા ગામોમાં તાજેતરમાં વિદેશથી આવેલા વ્યકિતની જાણ તંત્રને કરવાનો અનુરોધ કર્યો હતો.

જિલ્લા કલેકટરશ્રી ધવલ પટેલે વિગતો આપતા જણાવ્યું હતું કે, ભારત સરકારની મિનીસ્ટ્રી ઓફ એક્ષ્ટર્નલ અફેર્સ દ્વારા આપવામાં આવેલી વિગતો અનુસાર માર્ચ મહિના દરમિયાન વિદેશથી ભારતમાં આવેલા હોય અને પાસપોર્ટમાં સૂરતનું સરનામું હોય તેવા ગ્રામ્યના ૩૭૬ તથા શહેરના ૩૫૯૫ મળી કુલ ૩૯૭૧ જેટલા લોકો છે જેમાંથી ૧૧૦૦ જેટલા લોકોને પહેલેથી જ સ્કીનીગ કે કવોરેન્ટાઈન કરવામાં આવ્યા છે જયારે બાકીના ૨૮૦૦ જેટલા લોકોના એડ્રેસ પર જઈ આરોગ્ય અધિકારી દ્વારા તેઓનું સ્ક્રીનીગ કે કવોરેન્ટાઈન કરવાની કામગીરી કરવામાં આવી રહી છે.

બેઠકમાં શહેરી વિસ્તારમાં સોસાયટીના પ્રમુખ-મહામંત્રી અને ગ્રામ્યવિસ્તારમાં સરપંચ-તલાટીઓએ પોતાના ગામ કે સોસાયટીઓમાં તાજેતરમાં વિદેશમાંથી આવેલા હોય તેવા નાગરિકો અંગેની જાણ ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૧૨૩ ૮૦૦૦ પર તંત્રને કરવાનો અનુરોધ કરાયો હતો.

કોરોના વાયરસની સામે અગમચેતીના ભાગરૂપે સ્મીમેર અને નવી સીવીલ હોસ્પિટલના ૧૦૦-૧૦૦ આઈસોલેશન વોર્ડ તથા એક ખાનગી હોસ્પિટલમાં પણ વ્યવસ્થા ઉભી કરવા અંગે વિચાર મંથન કરાયું હતું.

સુરતની એ. પી. એમ.સી.માર્કેટના સહારા દરવાજા ખાતે આવેલા કૃષિ બજાર દ્વારા લોકોને ઘર બેઠા શાકભાજી, કરીયાણું મળી રહે તે માટેની ફ્રી હોમ ડીલીવરીની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે લેન્ડ લાઈન નંબર ૦૨૬૧-૨૪૯૦૧૭૦/૭૧ નંબરો પર ફોન કરીને જીવન જરૂરીયાતની વસ્તુઓ ઘર બેઠા મંગાવી શકે છે.

બેઠકમાં સાંસદશ્રીમતિ દર્શનાબેન જરદોશ, સાંસદશ્રી સી. આર. પાટીલ, ધારાસભ્યો, સરકાર દ્વારા ખાસ ફરજ પર મૂકવામાં આવેલા સિનીયર આઈ.એ.એસ. અધિકારીશ્રી મહેન્દ્ર પટેલ, મ્યુ.કમિશનરશ્રી બંછાનિધી પાની, પોલીસ કમિશનરશ્રી આર.બી.બ્રહ્મભટ્ટ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી હિતેશ કોયા, મહાનગરપાલિકા, સ્મીમેર, સિવીલ અને જિલ્લાના આરોગ્યના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સુરત આરટીઓ કચેરી ડ્રાઈવિંગ લાયસન્સ, વાહન નોંધણી સહિતની કામગીરી તા.૨૯મી સુધી બંધ રહેશે

માત્ર BS-IV વાહનોની નોંધણીની કામગીરી તા.૩૧મી માર્ચ સુધી શરૂ રહેશે

સુરત

સુરત પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની યાદીમાં જણાવ્યાનુસાર કોરોના વાયરસની પરિસ્થિતિને ધ્યાને લેતા તા.૨૯/૩/૨૦૨૦ સુધી ડ્રાઈવિગ લાઈસન્સ ટેસ્ટ, વાહનની નોંધણી બાદની અરજીઓ, ડ્રાઈવીંગ લાયસન્સ ઈસ્યુ થયા બાદની વિવિધ અરજીઓની કામગીરી સ્થગિત કરવામાં આવી છે. પરંતુ સુપ્રિમ કોર્ટના તા.૨૪/૧૦/૨૦૧૮ના ચુકાદાને અનુલક્ષીને તા.૩૧/૩/૨૦૨૦ સુધી BS-IV ના વાહનોની નોંધણી કરવી અનિવાર્ય હોઈ આ BS-IV નોંધણીની કામગીરી શરૂ રહેશે. તેમજ જે અરજીઓ માટે અરજદારોએ આરટીઓ કચેરી ખાતે ઉપસ્થિત રહેવાની જરૂરી નથી તેવી ફેસલેસ સર્વિસના નિકાલની કામગીરી યથાવત રહેશે. વાહન સંબધિત કામગીરી માટે અરજદાર ઓનલાઈન ટેક્ષ અને ફી ભરી શકશે. આ સિવાયની તમામ સેવાઓ માટે અરજદારોએ આરટીઓ કચેરીએ તા.૨૯મી માર્ચ સુધી આવવાનું રહેશે નહી. જેની સર્વેએ નોંધ લેવા આરટીઓ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

કોરોના વાયરસ અંગે રાષ્ટ્રીય હેલ્પ લાઈન નંબર જાહેર કરાયો

વોટ્સએપ ઉપર કોરોના હેલ્પડેસ્ક કાર્યરત ૯૦૧૩૧ ૫૧૫૧૫ નંબર પરથી પ્રશ્નો પૂછી શકાશે

નવસારી

ભારત સરકાર દ્વારા લોકોના કોરોના વાયરસ અંગેના કોઈપણ પ્રશ્નોનો ઉકેલ અને યોગ્ય માર્ગદર્શન માટે લોકપ્રિય મેસેજિંગ એપ્લિકેશન વોટ્સએપ પર ચેટબોટ શરૂ કર્યું છે. વોટ્સએપ ચેટબોટને માય ગોવ કોરોના હેલ્પડેસ્ક કહેવામાં આવે છે અને તે બધા વોટ્સએપ વપરાશકર્તાઓ માટે ઉપલબ્ધ છે. આ ચેટબોટનો ઉપયોગ કરવા લોકોએ પોતાના ફોનના કોન્ટેક્ટ્સમાં ૯૦૧૩૧ ૫૧૫૧૫ નંબર સેવ કરી વોટ્સએપ પર એક સંદેશ મોકલવાનો રહેશે. સંદેશોના પ્રતિસાદમાં સ્વચાલિત, સ્પષ્ટ અને ઝડપી પ્રત્યુત્તર મળશે. આ ચેટબોટ થકી ફેલાતી બિમારી વિશે લોકોમાં જાગૃતતા લાવવાનો આ એક ઉમદા પ્રયાસ છે.

આ વોટ્સએપ ચેટબોટ ઉપરાંત સરકારે કોરોના વાયરસ રાષ્ટ્રીય હેલ્પલાઈન નંબર ૦૯૧ ૧૧ ૨૩૯૭૮૦૪૬ અને ટોલ ફ્રી ૧૦૭૫ નંબર કાર્યરત કરવામાં આવ્યો છે. તેમજ ઈમેઈલ આઈડી પણ જાહેર કર્યું છે જ્યાં નાગરિકો કોરોના વાયરસ માહિતગાર થઈ શકશે.

જીમ,પાર્ટી પ્લોટ અને લગ્નની વાડીઓ તા. ૩૧મી સુધી બંધ

નવસારી

સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસના કારણે ઉભી થયેલી પરિસ્થિતિને ધ્યાને લઈ, દેશમાં તથા રાજયમાં જાવા મળેલા શંકાસ્પદ દર્દીઓની સંખ્યા જાતાં રાજયમાં અગમચેતીના પગલાંરૂપે રાજય સરકાર ઘ્વારા કોરોના વાયરસ ઘ્બ્સ્ત્ઝ્ર-૧૯ ની ભવિષ્યની અસરોને પહોંદ્વચી વળવા તેમજ રોગ અટકાયત અને નિયંત્રણની કામગીરી કાયદાકીય રીતે ત્વરિત હાથ ધરી શકાય તે હેતુસર એપેડેમિક ડીસીઝ એકટ ૧૮૯૭ અન્વયે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા કોરોના વાયરસ પહોંદ્વચી વળવા તેમજ રોગ અટકાયત માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.જેઅંતર્ગત નવસારી જિલ્લા મેજીસ્ટ્રેટ આદ્રા અગ્રવાલને મળેલ સત્તાની રૂએ નવસારી જિલ્લામાં આવેલી તમામ જીમ્નેશીયમ, વોટરપાર્ક, ઓડીટોરિયમ, એમ્યુઝમેન્ટ પાર્ક, પાર્ટી પ્લોટ, મેરેજ હોલ, લગ્નવાડી, ગેમ ઝોન, રીક્રીએશન કલબ તાત્કાલિક અસરથી તા.૩૧/૦૩/૨૦૨૦ સુધી સતત બંધ રાખવા જાહેરનામું ફરમાવવામાં આવ્યું છે. આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સજાને પાત્ર થશે.

જિલ્લામાં વહીવટી તંત્રના આધેશોના ચુસ્તપણે અમલ

કોરોના વાયરસ અંગે માહિતી આપતા બેનર-હોર્ડિંગ લગાવાયા

નવસારી

જિલ્લાના વહીવટી તંત્ર દ્વારા જારી થયેલા આદેશોના ચુસ્તપણે અમલના પગલે જિલ્લા અને તાલુકાઓની વિવિધ કચેરીઓમાં કોરોના વાયરસના સંક્રમણથી બચવા વિવિધ કચેરીઓમાં પ્રવેશ સ્થળે સાબુ અને પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી. કચેરીમાં પ્રવેશતા તમામ અધિકારીઓ, કર્મચારીઓ સહિત અરજદારોને પણ સાબુ અને પાણીથી હાથ ધોઈ અંદર પ્રવેશવાનું ફરજીયાત કરવામાં આવ્યું છે. આ ઉપરાંત દરેક કચેરીમાં કોરોના વાયરસ અંગે માહિતી આપતા બેનર-હોર્ડિંગ્સ લગાવવામાં આવ્યા છે. તમામ ધાર્મિક સ્થાનો પણ દર્શનાર્થીઓ માટે સંપૂર્ણપણે બંધ કરવામાં આવ્યા છે અને પ્રવેશદ્વારે હોર્ડિંગ પણ લગાડવામાં આવ્યા છે.

આરોગ્ય વિભાગ દ્વારા જિલ્લાની વિવિધ કચેરીઓમાં સેનિટાઈઝેશનની પ્રક્રિયા પણ શરુ કરવામાં આવી છે.

કોરોના વાયરસના કારણે

બેંકોની એનપીએ ધોરણોમાં ફેરફાર કરવા રીઝર્વ બેંકને ચેમ્બરની રજૂઆત

એનપીએની મુદત ૯૦ને બદલે ૧૮૦ દિવસ કરવા માંગણી

સુરત

ઘી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા આજે કેન્દ્રીય નાણાંમંત્રી શ્રીમતી નિર્મળાબેન સિથારામન અને આરબીઆઈના ગવર્નર શ્રી શક્તિકાંત દાસને કોરોના વાયરસના કારણે ઉદ્ભવેલ સ્થિતિને ધ્યાને લઈ બેંક NPA ના ધોરણોમાં ફેરફાર કરવા સૂચવવામાં આવ્યું છે.

હાલમાં, એનપીએ ધોરણો આરબીઆઈ દ્વારા તેના માસ્ટર પરિપત્ર હેઠળ આવક માન્યતા, સંપત્તિના વર્ગીકરણ અને પ્રગતિને લગતી જોગવાઈ અંગેના પ્રુડેન્શિયલ ધોરણો હેઠળ વ્યાખ્યાયિત કરવામાં આવ્યા છે. આ ધોરણો, બેંકો દ્વારા લોન એકાઉન્ટ્સના એનપીએ માપદંડને વ્યાખ્યાયિત કરે છે, આ જોગવાઈઓ મુજબ હાલમાં કોઈપણ બેંકનું કોઈપણ લોન એકાઉન્ટ જે ૯૦ દિવસના સમયગાળા માટે પ્રિન્સીપલ અથવા વ્યાજની પ્રાપ્તિના માધ્યમથી કોઈપણ આવક પેદા કરવામાં નિષ્ફળ જાય છે, તે પછી વર્ગીકૃત એનપીએ કરવામાં આવે છે.

ચેમ્બરે ભલામણ કરી છે કે, આ વ્યાખ્યાને હાલના ૯૦ દિવસની જોગવાઈને બદલે ૧૮૦ દિવસમાં બદલાવવામાં આવે. આગળ, સીસી અથવા ઓડી સુવિધા પ્રાપ્ત કરનારા લોન એકાઉન્ટ્સ માટે ×આઉટ ઓફ ઓર્ડર× એકાઉન્ટ્સ માટે એક શરત છે. વર્તમાન જોગવાઈ મુજબ, એકાઉન્ટધારકે હાલની પરિસ્થિતિમાં દર ૯૦ દિવસે બેલેન્સ શીટ, પી એન્ડ એલ અને સ્ટોક સ્ટેટમેન્ટ સબમિટ કરવું પડે છે. કોરોના વાયરસને કારણે ધંધા-રોજગારમાં લોકડાઉનની સ્થિતિ હોવાના કારણે ચેમ્બરે હાલની જોગવાઈને ૯૦ દિવસની જગ્યાએ ૧૮૦ દિવસ માટે કરવા સૂચવ્યું છે.હાલની સ્થિતિથી ખેડૂત ઉદ્યમોને પણ તકલીફ પડેલ હોઈ, પાકની સામે લોન માટે એનપીએ ધારાધોરણમાં સુધારો કરવાની ભલામણ કરીને ૨ પાક સીઝનની હાલની જોગવાઈને બદલે ૩ સુધીના વસુલાતના ધોરણોને આગળ વધારીને ખેડૂત સમુદાયના હિતને પણ ધ્યાનમાં લીધેલ છે. સંપત્તિની સિક્યોરિટાઈઝેશન સામે લોનમાંથી પ્રાપ્તિની પ્રાપ્તિ માટે, એનપીએની વ્યાખ્યામાં આવા લોન ખાતાઓમાંથી ૧૮૦ દિવસ સુધી નોન રીલિઝિશન કરીને તેને ૯૦ દિવસ સુધી વધારવાની ભલામણ કરવામાં આવે છે.ચાલુ નાણાંકીય વર્ષમાં ચાલુ નાણાકીય વર્ષનો આખો છેલ્લો ક્વાર્ટર નાશ પામ્યો છે, વધુ ૧ ક્વાર્ટર સુધી લોકડાઉનમાં રહેવાની સંભાવના છે, એનપીએના આધારે ખાતાઓના વર્ગીકરણની જોગવાઈમાં સુધારો કરવાની ભલામણ કરી છે, હાલમાં લોન ખાતું છે જો તે ૧૨ મહિના સુધી એનપીએ હેઠળ રહે તો Sub-Standard Account તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે અને Doubtful Account જો એકાઉન્ટ ૧૨ મહિનાના સમયગાળા માટે વર્ગીકૃત કરવામાં આવે છે, તો ચેમ્બરે ભલામણ કરી હતી કે, ડિસેમ્બર - ૨૦૧૯ પછી બાકીના ૧૫ મહિના સુધી નીચા ધોરણમાં વર્ગીકરણ કરવાની જોગવાઈ થવી જોઈએ.

જો સરકાર દ્વારા સૂચિત ભલામણનો અમલ કરવામાં આવે તો તે વ્યવસાયિક પ્રવૃત્તિ પર કોરોના વાયરસના વિપરીત પ્રભાવને પહોંચી વળવા બેન્કો તેમજ બેંક ગ્રાહકોને મોટી રાહત થશે.

ઉચ્છલ, નિઝર અને સોનગઢમાં તાત્કાલીક ચેક પોસ્ટ ઉભી કરાઈ

તાપી જિલ્લામાં પણ કલમ ૧૪૪નો અમલ

વ્યારા

તાપી જિલ્લામાં વર્લ્ડ હેલ્થ ઓર્ગનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી તરીકે જાહેર ઘોષિત થયેલા નોવેલ કોરોના વાયરસના સંક્રમણની શક્યતાઓ નિવારવા કલેક્ટર આર.જે.હાલાણીના સીધા માર્ગદર્શન હેઠળ વ્યાપક વ્યવસ્થાઓ ગોઠવીને જિલ્લા વહિવટી તંત્ર દ્વારા સઘન કામગીરી કરવામાં આવી રહી છે. કેંદ્ર/રાજય સરકારની માર્ગદર્શિકાનું ચુસ્તપણે અમલ કરવા જિલ્લાના ભાગરૂપે ઉચ્છલ, નિઝર અને સોનગઢ ખાતે ચેકીગ પોસ્ટ ઉભી કરીને અન્ય વિસ્તારમાંથી આવતા લોકોનું ચેકીગ કરવામાં આવે છે. જિલ્લામાં ભરાતા તમામ હાટ બજાર પર પ્રતિબંધ મુકી દેવાયો છે. વધુમાં જિલ્લાના તમામ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર અને પેટા આરોગ્ય કેન્દ્રો પર કોમ્યુનિટી હેલ્થ ઑફિસર તથા આરોગ્યકર્મીઓ દ્વારા સ્કીનીગ કરવામાં આવી રહયું છે. ડ્રોપલેટથી સંક્રમણનું જોખમ ધરાવતા કોરોના વાયરસના ફેલાવાની શક્યતાઓ અટકાવવા જાહેરમાં થુંકનાર વ્યક્તિઓ સામે કડક કાર્યવાહી કરીને દંડ વસુલ કરવામાં આવી રહ્યો છે. ઉપરાંત આયુર્વેદિક વિભાગ દ્વારા વિવિધ સ્થળોએ આરોગ્યવર્ધક ઉકાળાનું વિતરણ કરવામાં આવી રહ્યું છે.

કોરોના વાયરસનો વ્યાપ જિલ્લાં વધે નહિ અને વધુ લોકો સંક્રમિત ન થાય માટે સરકારની સુચના મુજબ જિલ્લાની સરકારી કચેરીઓમાં તા.૨૯ માર્ચ-૨૦૨૦ સુધી પૂર્વમંજુરી સિવાય અને અગત્યના ન હોય તેવા કામો માટે મુલાકાતીઓ માટે પ્રવેશ બંધ કરાયો છે. તમામ જનસેવા કેન્દ્રો પણ બંધ કરવામાં આવ્યા છે. દવાઓ, કરિયાણું અને જીવનજરૂરી ચીજવસ્તુઓના વેચાણ સિવાયની ચીજવસ્તુઓ માટે શોપીંગ મોલ્સ બંધ રાખવાની સૂચનાઓ પણ આપવામાં આવી છે.

કલેક્ટરે આજે યોજેલ બેઠકમાં રવિવાર તા. ૨૨ માર્ચ-૨૦૨૦ના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીની જનતા કરફ્યુની અપીલનું સમર્થન કરીને જનજાગૃતિ, તકેદારી અને સાવચેતી સાથે કેન્દ્ર અને રાજય સરકારની ગાઇડ લાઇન્સને અનુસરીને આ વૈશ્વિક મહામારીનો ખોટા ભય કે ડર વગર સામનો કરવા પણ અનુરોધ કર્યો છે.

કોરોના વાયરસના ચેપથી બચવા શું કરવું અને શું ન કરવું તે અંગે જાગૃતિ કેળવવા આરોગ્ય શિક્ષણ આપવામાં આવ્યું. આંગણવાડી કાર્યકરો અને મુખ્ય સેવિકાઓ દ્વારા ગૃહ મુલાકાતો યોજી લોકોને હેન્ડવૉશની યોગ્ય પદ્ધતિ અંગે માર્ગદર્શન આપવામાં આવે છે. સમગ્ર જિલ્લાના વિસ્તારોમાં ગામના નોટીસ બોર્ડ-બ્લેક બોર્ડ પર કોરોના વાયરસના ચેપથી બચવા શું કરવું અને શું ન કરવું તે અંગેની માહિતીના લખાણ સાથે બેનર્સ, પ્રચાર પત્રિકા અને સોશિયલ મીડિયાના માધ્યમથી પ્રચાર-પ્રસાર કરવામાં આવી રહ્યો છે. ઉપરાંત આરોગ્ય કર્મચારીઓ દ્વારા વ્યક્તિગત સંપર્ક સાધી હેન્ડવૉશનું નિદર્શન અને સંક્રમણથી બચવા તકેદારીના પગલાઓ અંગે આરોગ્ય શિક્ષણ આપવામાં આવી રહ્યું છે.

નવસારીનો દાંડી બીચ તા. ૩૧ મી માર્ચ સુધી બંધ રહેશે

નવસારી

તાજેતરમાં વિશ્વભરમાં પ્રસારીત થયેલા કોરોના વાયરસની હાડમારીના લીધે ઉભી થયેલી પરિસ્થિતિ તેમજ સરકારશ્રી તરફથી સૂચના અનુસાર કોરોના વાયરસનો વધુ પ્રસાર ન થાય તેની સાવચેતી માટે નવસારી જિલ્લામાં આવેલો દાંડી બીચ ઉપર મોટી સંખ્યામાં લોકો દરિયાકિનારે એકઠા થતા હોય છે. જેનાથી કોરોના વાયરસનો ફેલાવાની શકયતા રહેલ છે. જેથી કોરોના વાયરસનો વધુ પ્રસાર ન થાય તેની સાવચેતી માટે નવસારી જિલ્લામાં આવેલ દાંડી બીચ તાત્કાલિક અસરથી આગામી તા.૩૧/૦૩/૨૦૨૦ સુધી બંધ રહેશે. જેની જાહેર જનતાને નોદ્વધ લેવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ નવસારીની યાદીમાં જણાવાયું છે.

માસ્ક અને સેનેટાઈઝરનો વધુ ભાવ વસુલનાર પાંચ મેડિકલ સ્ટોરને દંડ

ત્રણ મેડીકલ સ્ટોરોનું વેચાણ તાત્કાલિક અસરથી બંધ કરાવવામાં આવ્યું

સુરત

કેન્દ્ર અને રાજય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા નોવેલ કોરાની વાયરસ અંગે આપવામાં આવેલા દિશાનિર્દેશ પ્રમાણે સુરત શહેર અને જિલ્લામાં હેન્ડ સેનેટાઈઝરના વેચાણ અંગે કાનુની માપ વિજ્ઞાન અને ગ્રાહક સુરક્ષા વિભાગ દ્વારા 'ધી લીગલ મેટ્રોલોજી એક્ટ-૨૦૦૯' અંતર્ગત આવશ્યક તપાસ હાથ ધરવામાં આવી છે. જેમાં શહેર તથા જિલ્લામાં કુલ ૫૬ મેડીકલ સ્ટોર્સની તપાસણી કરવામાં આવી છે. તા.૧૯ માર્ચના રોજ જિલ્લા પુરવઠા વિભાગના માર્ગદર્શન હેઠળ અને મદદનીશ કમિશનર, ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ અને કાનુની માપ વિજ્ઞાન અને ગ્રાહક સુરક્ષા વિભાગ દ્વારા સુરતના મેડીકલ સ્ટોર્સની ઓચિંતી તપાસણી હાથ ધરવામાં આવી હતી. સુરત શહેરના પીપલોદ ઉધના તથા લાલ દરવાજા, રેલ્વે સ્ટેશન રોડ વિસ્તારના કુલ ૧૬ મેડીકલ સ્ટોરની તપાસણી કરવામાં આવતાં (૧) વાય-લાઈફ સર્જીકલ કંપની, લાલ દરવાજા, રેલવે સ્ટેશન રોડ, સુરત (૨) શિવમ મેડીકલ સ્ટોર, લાલ દરવાજા, રેલ્વે સ્ટેશન રોડ, સુરત (૩) હાર્દિક મેડીકલ સ્ટોર, ઉધના મેઈન રોડ, સુરત (૪) પોપ્યુલર મેડીકલ સ્ટોર, ઉધના, સુરત તથા (૫) ગાયત્રી મેડીકલ, ઉધના દરવાજા, સુરત એમ કુલ ૦૫ મેડીકલ સ્ટોર સામે ફેસ માસ્ક તથા હેન્ડ સેનેટાઈઝરમાં નફાનો ગાળો વધુ રાખી વધુ ભાવ લેવામાં આવતું હોવાનું તપાસમાં જણાતાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરી રૂ.૨૦,૦૦૦/- નો દંડ સ્થળ પર વસુલ કરવામાં આવ્યો છે.

ઉપરાંત, સુરતના ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના નિરીક્ષકો દ્વારા લાલ દરવાજા વિસ્તારમાં આવેલી (૧) શિવમ મેડીકલ સ્ટોર (૨) દિશા કેમીસ્ટ (૩) આયુષ મેડીકલ સ્ટોર્સ નામના મેડીકલ સ્ટોર ખાતે ડ્રગ્સ-એક્ટ મુજબ ગેરરીતિ માલુમ પડતા આ ત્રણેય મેડીકલ સ્ટોરનુ વેચાણ તાત્કાલિક અસરથી બંધ કરાવવામાં આવ્યું છે. હાલમા કોરોના વાયરસને ધ્યાનમાં રાખી જિલ્લા પુરવઠા અધિકારીશ્રીની સુચના મુજબ ફૂડ એન્ડ ડ્રગ્સ, કાનુની માપ વિજ્ઞાન તથા પુરવઠા વિભાગની ટીમો દ્વારા ચેકિંગની કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે.

જાહેર જનતાને વધુ પડતાં ભાવો લેવા, અને નફાખોરી બાબતની કોઈ ફરિયાદ કે રજુઆત હોય તો મદદનીશ નિયંત્રક કાનુની માપ વિજ્ઞાન અને ગ્રાહક સુરક્ષા અધિકારી, એ-બ્લોક, અઠવાલાઈન્સ ખાતે સંપર્ક કરી શકે છે એમ કાનુની માપ વિજ્ઞાન અને ગ્રાહક સુરક્ષા વિભાગ, સુરતની યાદીમાં જણાવાયું છે.

ભાગળ પર શાકભાજી ખરીદવા લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા

સુરત

લોકડાઉનમાં જીવન-જરૂરીયાતની ચીજવસ્તુઓનો સપ્લાય ચાલુ રાખવાની સરકારી જાહેરાત હોવા છતાં પણ લોકો શાકભાજી, મેડીકલ સ્ટોર, કરિયાણાની દુકાનો ઉપર ખરીદી કરવા માટે આજે સવારથી જ દોડધામ આદરી દીધી હતી. ટોળામાં ભેગા થતાં લોકોને પોલીસ દ્વારા એકબીજાથી દૂર રહીને ખરીદી કરવાની સૂચના આપવામાં આવી રહી છે.

કોરોના વાયરસને કારણે લોકડાઉન કરાતા આજે સવારથી જ જીવન જરૂરીયાતની ચીજવસ્તુ (શાકભાજી)ઓ ખરીદવા માટે લોકો ઉમટી પડ્યા હતા. મેડીકલ સ્ટોર ઉપર પણ લોકો દવા ખરીદવા માટે પડાપડી કરતા હતા. શહેરમાં ૧૪૪મી કલમ લાગુ હોવા છતાં પણ લોકોની જીવન જરૂરીયાતની ચીજવસ્તુ ખરીદવા માટેની હોડ જીવલેણ સાબિત થઈ શકે તેમ છે.

લોકડાઉનમાં સરકારે તમામ જરૂરીયાતની ચીજવસ્તુઓનો પુરવઠાનો સપ્લાય યથાવત રહેવાની વારંવાર જાહેરાત છતાં પણ લોકો ખરીદી કરવા તૂટી પડે છે. જે આજના માહોલમાં યોગ્ય નથી.

બિનજરૂરી બહાર નીકળનાર લોકો વિરૂદ્ધ પોલીસ કેસ કરવા રાજ્ય પોલીસ વડાનો હુકમ

ગુજરાત પોલીસ વડા શિવાનંદ ઝાએ કલમ ૧૪૪ અને ૨૭૦ હેઠળ કાનૂની કાર્યવાહી કરવા પરિપત્ર જારી કર્યો

સુરત

જીવલેણ 'કોરોના'ના રોગચાળા સામે અવેરનેસ માટે રવિવારે અપાયેલા 'જનતા કરફ્યૂ'ના એલાનને સફળતા મળી છે. હવે, સોમવારથી પ્રજાજનો બિનજરૂરી કામ વગર બહાર ન નીકળે તે માટે કલમ ૧૪૪નો અમલ કરાવવા DGP શિવાનંદ ઝાએ રાજ્યની પોલીસને તાકીદ કરી છે. દૂધ, અનાજ, શાક-ભાજી અને દવા જેવી જીવનજરૂરી ચીજવસ્તુ વેચતા એકમો ઉપરાંત સરકારી કચેરીઓ, બેન્કોને બાદ કરતાં અન્ય વ્યવસાયો 'લોકડાઉન' રહેશે. ખરેખર જરૂરિયાત હોય તેવી ચીજવસ્તુ ખરીદવા લોકો બહાર નીકળી શકશે પણ ખરીદીના બહાને ઘરની બહાર નીકળી ટોળાંશાહીની સ્થિતિ સર્જી 'રોગચાળો વકરે' તેવી પ્રવૃત્તિ જાણ્યે અજાણ્યે પણ ન થાય તેવી કાર્યવાહી કરવા DGPએ તાકીદ કરી છે. પ્રજાજનો જરૂરી કામ વગર બહાર ન નીકળતાં ઘરમાં જ રહે તેવી અપીલ કરાઈ છે. કામ વગર બહાર નીકળી ટોળાંશાહી કરતાં તત્વો પોલીસની સમજાવટથી ન માને તો કલમ ૧૪૪નો કડક અમલ કરી કાર્યવાહી કરવાની સૂચના આપવામાં આવી છે.

'ધ ગુજરાત એપેડેમિક રેગ્યુલેશન એક્ટ ૨૦૨૦' હેઠળ રોગચાળો નાથવા માટે અપાયેલી સત્તાઓનો ઉપયોગ કરીને ગુજરાત પોલીસ કાયદાકીય રાહે અમલ કરાવશે. રવિવારે રાતે નવ વાગ્યે 'જનતા કરફ્યૂ' પૂર્ણ થયાં પછી લોકો મોટી સંખ્યામાં બહાર નીકળી પડ્યાં હતાં. DGP શિવાનંદ ઝાએ રાજ્યના તમામ પોલીસ કમિશનર, રેન્જ IGP અને SP સાથે વીડિયો કોન્ફરન્સ કરી વ્યાપક લોકહીતમાં જરૂર પડ્યે કડક કાયદાકીય કાર્યવાહી કરવા તાકીદ કરી છે.

કોરોનાના રોગચાળા સામે પ્રજાજનોની સ્વયંશિસ્તભરી લડત આવશ્યક છે. રવિવારે જનતા કર્ફ્યુ દરમિયાન પ્રજાજનોએ અભૂતપુર્વ સંયમ દાખવ્યો હતો. કોરોનાના 'ચેપની ચેઈન' તોડવા માટે ગુજરાત સરકારે વ્યાપક જનહીતમાં લોકડાઉનનો આદેશ કર્યો છે. જીવનજરૂરી ચિજવસ્તુ વેચતા એકમો સિવાયના વ્યવસાયો 'લોક ડાઉન'માં સામેલ છે. 'લોક ડાઉન' દરમિયાન ખૂબ જ જરૂરી કામ હોય તે સિવાય બહાર નીકળવાનું પ્રજાજનોએ ટાળવું જોઈએ. ભિષણ રોગચાળાથી બચવા પ્રજાજનો થોડા દિવસ સંયમ જાળવવાની કાયદાકીય પ્રક્રિયામાં સહકાર આપે તે જરૂરી છે.

કોરોનાનો ચેપ લાગે તેવું કૃત્ય કરનાર સામે FIR નોંધી કાર્યવાહી કરવાની તાકીદ રાજ્યના DGP શિવાનંદ ઝાએ પરિપત્ર બહાર પાડીને કરી છે. પરિપત્રમાં જણાવાયું છે કે, કોરોના વાયરસથી જીવને જોખમ છે એટલે તેના સંક્રમણને અટકાવવા કાયદાકીય જોગવાઈ કરાઈ છે. IPC કલમ ૨૬૯ હેઠળ કોઈ વ્યક્તિ કે જિંદગીને રોગનો ચેપ થાય તે સંભવ છે તે બાબત જાણવા છતાં આવું કૃત્ય કરનાર સામે આ જામીનલાયક કોગ્નીઝેબલ ગુનો નોંધવો. કોરોના વાયરસથી જીવને જોખમ છે માટે તેનો ફેલાવો કરનાર સામે IPC કલમ ૨૭૦ હેઠળ કાર્યવાહી કરી શકાય છે. જ્યારે, ક્વોરેન્ટાઈન અંગેના કાયદાને અવગણી નિયમભંગ કરવા બદલ કલમ ૨૭૧ હેઠળ અને જાહેરનામા ભંગ બદલ કાર્યવાહી કરવાની રહેશે. રાજ્યના તમામ પોલીસ કમિશનર અને જિલ્લા પોલીસ વડાને જરૂરી કાર્યવાહી કરવા DGP શિવાનંદ ઝાએ પરિપત્રમાં જણાવ્યું છે.

લાજપોર જેલમાં કોરોન્ટાઈન વોર્ડમાં ૫૦ કેદીઓ રખાયા

નવા આવતા કેદીઓથી જેલ વહીવટી તંત્ર સતર્ક

સુરત

સમગ્ર ભારત સહિત ૧૮૦થી વધુ દેશોમાં કોરોના નામના વાઈરસે અજગર ભરડામાં લીધો છે. ત્યારે લાજપોર જેલમાં રહેલા કાચા કામના કેદીઓ માટે અલગ કોરોન્ટાઈન બેરેક ખોલવામાં આવ્યો છે. જેમાં અત્યાર સુધીમાં ૫૦ કાચા કામના કેદીઓને રાખવામાં આવી રહ્યા હોવાનું જેલ અધિક્ષક એમ.એલ. નિનામાએ જણાવ્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સુરત સહિત સમગ્ર ગુજરાતમાં ૧૮થી વધુ કેસો કોરોના વાઈરસના પોઝિટિવ કેસો આવ્યા છે. ત્યારે અગમચેતીના પગલાના ભાગરૂપે લાજપોર જેલમાં રહેલા કેદીઓ તથા બહારથી આવેલા કાચા કામના કેદીઓને જરૂર જણાય તો તેઓને અલગ કોરોન્ટાઈન બેરેકમાં રાખવામાં આવી રહ્યા છે. અત્યાર સુધીમાં કોરોન્ટાઈન બેરેકમાં ૫૦થી વધુ કેદીઓને રાખવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું.

લોકડાઉનનો ચુસ્ત અમલ કરવા મ્યુનિ. કમિશનરની જાહેર અપીલ

આવશ્યક ઉત્પાદન સિવાયના હજીરાના ઉદ્યોગો બંધ

સુરત, તા.૨૩

શહેરમાં કોરોના વાયરસના કેસોમાં ચિંતાજનક રીતે વધારો થઈ રહ્યો છે. જેથી લોકોએ ઘરે જ રહેવા માટે મનપા કમિશનર બચ્છાનિધિ પાનીએ અપીલ કરી છે.

મનપા કમિ. બચ્છાનિધિ પાનીએ અપીલ કરી હતી કે કોરોના વાયરસ દર્દીમાં વધારો થઈ રહ્યો છે. ગુજરાતમાં ડબલ કેસો નોંધાઈ રહ્યા છે. લોકોએ બહાર નીકળવાનું ટાળે નહીંતર અત્યાર સુધીની તમારી મહેનત ઉપર પાણી ફરી વળશે.

તા.૨૫મી સુધી આવશ્યક ચીજ વસ્તુ ખરીદવાની જરૂરીયાત ન હોય, તો ઘરની બહાર નીકળવું જ નહીં હજીરાની આવશ્યક ચીજવસ્તુઓ માટેના ઉદ્યોગો ચાલુ રહેશે. જે જરૂરીયાત ન હોય તેવા પ્લાન્ટ બંધ રહેશે તેમ મનપા કમિશનર બચ્છાનિધિ પાનીએ જણાવ્યું હતું.

પાંડેસરા ખાતે રહેતા શ્રેયાબેન રાઠોડ ગુમ

સુરત

પોલિસ કમિશનર કચેરી, ડી.સી.બી. પોલીસના જણાવ્યા અનુસાર તા.૦૫/૦૩/૨૦૨૦ ના રોજ મકાન નં.૮૭, શિવાજીનગર, ગોવાલક રોડ, પાંડેસરા (મૂળ વતન-સેલગામ દેવરી, થાનાઃશાહપુર, જિ. બુરાનપુર. મ.પ્ર) ખાતે રહેતા ૧૬ વર્ષીય શ્રેયાબેન સજન શેટગુરૂદયાલ રાઠોડ ગુમ થયા છે. તેઓ શરીરે પાતળા બાંધાના, રંગે ગૌર વર્ણ, ઉંચાઈ ૫.૦ ફૂટ છે. તેમણે શરીરે કાળા રંગની કુર્તી તથા કળા રંગની લેગીઝ પહેરેલ છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલીસ સ્ટેશન અથવા પાંડેસરા પોલીસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

વરાછામાંથી જયેશભાઈ શિયાળ ગુમ

સુરત

પોલિસ કમિશનર કચેરી, ડી.સી.બી. પોલીસના જણાવ્યા અનુસાર તા.૦૫/૦૩/૨૦૨૦ ના રોજ ઘર નં.૧૫, ઈશ્વરનગર સોસાયટી, હીરાબાગ પાસે, વરાછા (મૂળ વતન-રાજથળી, તા. પાલીતાણા જિ.ભાવનગર) ખાતે રહેતા ૩૧ વર્ષીય જયેશભાઈ મેઘજીભાઈ શિયાળ ગુમ થયા છે. જયેશભાઈ શરીરે મધ્યમ બાંધાના, રંગે ગૌર વર્ણ, ઉંચાઈ ૫.૪ ફૂટ છે. તેમણે શરીરે વાદળી રંગનો શર્ટ તથા કાળા રંગનું પેન્ટ પહેરેલ છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલીસ સ્ટેશન અથવા વરાછા પોલીસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

કાતરગામમાં રહેતા મિરલબેન ડાવરા ગુમ

સુરત

કતારગામ પોલીસના જણાવ્યા અનુસાર તા.૧૧/૦૩/૨૦૨૦ ના રોજ ઘર નં.૭, બીજા માળે, પ્રગતિપાર્ક સોસાયટી, કતારગામ (મૂળ વતન-લીમડા, તા. ઉમરાળા, જી.ભાવનગર) ખાતે રહેતા તળસીભાઈ ગણેશભાઈ ડાવરાની ૨૪ વર્ષીય પુત્રી મિરલબેન તેમના મોટા બાપુજીના ઘરે મુકતાનંદ સોસાયટી, વિભાગ-૨, સ્વામીનારાયણ મહિલા મંદિરની બાજુમાં, ડભોલી ચાર રસ્તા ખાતે ચાંદલા વિધિમાં ગયા હતા જ્યાંથી કોઈને કઈક કહ્યા વિના ક્યાંક ચાલ્યા ગયા છે. મીરલબેન શરીરે પાતળા બાંધાના, રંગે ઘઉંવર્ણ, ઉંચાઈ ૫.૫ ફૂટ છે. તેમણે શરીરે લાઈટ ગ્રે રંગની કુર્તી તથા બ્લુ રંગની લેગીઝ પહેરેલ છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલીસ સ્ટેશન અથવા કતારગામ પોલીસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

તા.૩૧મી તિજોરી કચેરી મોડે સુધી ખુલ્લી રહેશે

સુરત

ગુજરાત તિજોરી નિયમો-૨૦૦૦ના નિયમ-૩૦૫થી મળેલી સત્તાની રૂએ જિલ્લા કલેક્ટર સી.આર.ખરસાણે વલસાડ જિલ્લાની તિજોરી અને પેટા તિજોરી કચેરી તથા જિલ્લામાં આવેલી ભારતીય સ્ટેસટ બેંક અને બેંક ઓફ બરોડાની તમામ શાખાઓ તથા ચેકોની લેવડદેવડ કરતી સંબંધિત બેંકો તા.૩૧/૩/૨૦૨૦ને મંગળવારના રોજ સરકારી બીલો અને હાઈવેલ્યુના ચેકોનું ક્લીયરન્સ તથા સંપૂર્ણ પેમેન્ટ પૂર્ણ ન થાય ત્યાં સુધી ખુલ્લી રાખવા જણાવ્યું છે.

કોરોના વાયરસ સામે લડવા સુરતમાં લોક ડાઉન

સુરત શહેરના ઓવર બ્રીજ ઉપરાંત બ્રીજ બંધ કરી દેવાતા શહેરના વિવિધ વિસ્તારો વિખુટા પડી ગયા

દુધ, શાકભાજી તથા કરીયાણું ખરીદવા સવારે મોટી સંખ્યામાં માર્ગો પર દેખાયા

શહેરના માર્ગો અને બ્રિજો પોલીસે કોડન કર્યાઃ ઈમરજન્સી સેવા સહિત જરૂરિયાતમંદો સિવાયના વાહન ચાલકોને ઘરે પરત કરાયા

સુરત, તા.૨૩

કોરોના વાયરસને નિયંત્રણમાં લેવા માટે રાજ્ય સરકારે તા. ૨૫મી માર્ચ સુધી લોકડાઉન કરવાનો નિર્ણય લેતા આજે સમગ્ર સુરત શહેરમાં સતત બીજા દિવસે લોકડાઉન રહેવા પામ્યુ હતુ. જીવન જરૂરિયાત ચીજ વસ્તુની દુકાનો તથા સરકારી ઈમરજન્સી સેવાઓ સિવાય લોકડાઉનનો ચુસ્તપણે પાલન કરવા સરકાર તરફથી લોકોને અપીલ કરાઈ છે. સરદાર માર્કેટની શાકભાજી લેવા અને આપવા આવનારાની પાખી હાજરી જોવા મળી હતી. સરદાર માર્કેટની પ્રશાસન દ્વારા સરદાર માર્કેટની આવનારાઓને એક બીજાને દુરી બનાવી રાખવાની સૂચના આપવામાં આવી છે. આજે લોકડાઉનના પગલે શહેર પોલીસ કમિશનર બ્રહ્મભટ્ટ દ્વારા શહેરના મોટા ભાગના રસ્તા, ફ્લાય ઓવર બ્રિજો , નદી ઉપરના બ્રીજો કોડન

કોરોના વાયરસ સામેની લડતમાં સુરતીજનો સ્વયંભૂ હોમ કોરોન્ટાઈન

કરીને બંધ કરી દેવામાં આવ્યા હતા. ઈમરજન્સી વગર ગાડી લઈને નીકળી પડનારાને ફરજ ઉપરની પોલીસ દ્વારા સમજાવીને ઘરે પરત મોકલી રહ્યા છે. જેને કારણે આજે પણ સુરત શહેરના માર્ગો ઉપર સ્વયંભૂ કર્ફ્યુ જેવી પરિસ્થિતિ નજરે પડી હતી.

રિંગ રોડ સ્થિત ટેક્સટાઈલસ માર્કેટોએ આજે સતત બીજા દિવસે બંધ પાળીને કોરોના વાયરસની ચેઈન તોડવા માટેના યજ્ઞમાં સરકારની માર્ગદર્શિકાને અનુસરી રહ્યા છે.

શહેરમાં તમામ વિસ્તારના દુકાનદારો-મોલ (મેડીકલ અને જીવન જરૂરીયાતની ચીજવસ્તુનું વેચાણ કરનારા સિવાય) સહિતની દુકાનોએ પણ સ્વયંભુ જડબેસલાક બંધ પાળીને લોકડાઉનની સરકારી અપીલમાં સહકાર આપીને પરિવાર સામે ઘરે રહીને કોરોના વાયરસની સામેની લડતમાં પોતાનો ફાળો આપ્યો હતો.

સુરત શહેરમાં કોરોના વાયરસનું સંક્રમણ પ્રજામાં વધુ સંપર્કથી ફેલાય નહીં, તે માટે રાજ્યમાં તા.૨૫મી માર્ચ બુધવાર સુધી લોકડાઉન રાખ્યું છે.

સુરત પો.કમિ. બ્રહ્મભટ્ટ અને મનપા કમિ. બચ્છાનિધિ પાનીએ સુરતની પ્રજાને ઘરથી બહાર નહીં નીકળવા વારંવાર અપીલ કરે છે.

રત્નકલાકારનું અપહરણ કરી મારમારી રૂા.૭૦ હજાર પડાવ્યા

ગણતરીના સમયમાં પોલીસે ત્રણેય આરોપીને પકડી પાડ્યા

સુરત

પુણાગામ વિસ્તારના રત્નકલાકારનું અપહરણ કરી રૂમમાં પૂરી દઈ ઢોર માર મારી રૂા.૩૦,૦૦૦ની માંગણી કરનાર ત્રણ ઈસમોને આ રૂપિયા લેવા જતાં પોલીસે ઝડપી પાડ્યા હતા.

પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર પુણાગામ વિસ્તારના કલ્યાણ નગરમાં રહેતા દર્શન હર્ષદભાઈ બારદ (ઉ.વ.૨૨) પોતે હીરા ઘસવાનું કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગતરોજ રાત્રિના નવેક વાગ્યાના અરસામાં દર્શનભાઈનું ત્રણ ઈસમોએ અપહરણ કરી લીધું હતું. જેમને આ ઈસમોએ એક રૂમમાં ગોંધી રાખી, ઢીક મુક્કીનો ઢોર માર માર્યો હતો. આ અપહરણકર્તાઓએ દર્શનભાઈ પાસેથી રૂા.૩૦,૦૦૦ની માંગણી કરી હતી અને આ નાણાં જો તેઓ તેઓને નહીં આપે તો તેમને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આરોપીઓની ધમકીથી ગભરાઈ ગયેલા દર્શનભાઈએ રૂા.૩૦,૦૦૦ની યેનકેન રીતે વ્યવસ્થા કરી તેઓને આપવા માટે ગયા હતા. ત્યારે પોલીસે આ ત્રણેય આરોપીઓને ઝડપી પાડ્યા હતા.

બનાવ અંગે પોલીસે દર્શનભાઈની ફરિયાદ લઈ ઈપીકો કલમ ૩૬૪એ, ૩૬૫, ૩૨૩, ૫૦૬(૨), ૧૧૪ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસે ઝડપેલા આરોપીઓમાં (૧) રણજીત ઉર્ફે લાલો ઉર્ફે કાનો મંગાભાઈ પરસાલિયા (ઉ.વ.૧૯, રહે. છાપરાભાઠા, અમરોલી), હરેશકુમાર પાંચાભાઈ ખાટરિયા (ઉ.વ.૨૭, રહે. સંતોષીનગર સોસાયટી, એલ.એચ. રોડ, વરાછા), (૩) મયુર ઉર્ફે માલો રાજુભાઈ ગોહિલ (ઉ.વ. ૧૯, રહે. સંતોષીનગર સોસાયટી, એલ. એચ. રોડ, વરાછા) નાઓનો સમાવેશ થાય છે.

નવસારી જિલ્લામાં તા. ૩૧મી માર્ચ સુધી કલમ ૧૪૪નો અમલ લાગુ

આવશ્યક સેવા સિવાઈના ધંધા, ઉદ્યોગ, દુકાનો બંધ

નવસારી

વિશ્વભરમાં નોવેલ કોરોના વાયરસ ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન ધ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાયરસને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. જે અનુસંધાને નોવેલ કોરોના વાયરસના ઝડપથી સંક્રમણને ધ્યાને લેતા તકેદારીના ભાગરૂપે લોકોની વધુ અવરજવરવાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી કે.જે.રાઠોડે દ્વારા ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩-ની કલમ ૧૪૪ તથા ગુજરાત પોલીસ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩ હેઠળ મળેલ સત્તાની રૂએ તાત્કાલિક અસરથી આગામી તા. ૩૧/૦૩/૨૦૨૦ સુધી સમગ્ર જિલ્લામાં લાગુ કરવામાં આવી છે.

આ હુકમ હેઠળ સમગ્ર નવસારી જિલ્લામાં જાહેર સ્થળોએ સક્ષમ અધિકારીશ્રીની પૂર્વ લેખીત પરવાનગી વગર કોઈ પણ પ્રકારના સભા, સરઘસ, સંમેલન કે મેળાવડા કે લોકમેળા કે જે પ્રસંગે વિશાળ સંખ્યામાં લોકો એકત્રિત થાય તેવા કોઈ આયોજન કરવા નહી કે આવા આયોજનમાં વિશાળ સંખ્યામાં લોકોએ હાજર રહેવું નહી. તમામ થિયેટરો મોલ, નાટયગૃહો, મલ્ટીપ્લેક્ષ, વિડીયો સિનેમા, ટુરીંગ સિનેમાં, ડ્રાઈવીંગ સિનેમાં, મનોરંજન કરતી તમામ નાટયમંડળીઓ તથા દરિયા કિનારા પર આવેલા મનોરંજન-ખાણીપીણીની તમામ સ્થળો કે જયાં મોટી સંખ્યામાં લોકોની અવર-જવર થતી હોય તેવા તમામ સ્થળો જાહેર જનતા માટે બંધ રાખવા. જીમ, સ્પોર્ટસ કોમ્પલેક્ષ સ્વીમીંગ પુલ, ડાન્સ કલાસીસ, ગેઇમ ઝોન, કલબ હાઉસ, વોટર પાર્ક, ઓડીટોરીયમ, એમ્યુજમેન્ટ પાર્ક, પાર્ટી પ્લોટ, મેરેજ હોલ, લગન્ વાડી કે જયાં મોટી સંખ્યામાં લોકોની અવરજવર થતી હોય તેવા તમામ સ્થળો જાહેર જનતા માટે બંધ રાખવા. શૈક્ષણિક સંસ્થાઓ ટયુશન કલાસ વગેરે સ્થળોએ તમામ પ્રકારનું શૈક્ષણિક કાર્ય બંધ રાખવા. તમામ હોટલ, રેસ્ટોરન્ટ, ખાણી-પીણીના સ્થળો અને ટી-સ્ટોલ, હાટ બજાર, ભોજનાલયો તથા તમામ જાહેર ખાનગી સ્થળો કે જયાં મોટી સંખ્યામાં લોકોની ભીડ થતી તેવા જાહેર/ખાનગી સ્થળો તથા દુકાનો બંધ રાખવા. હોટલ્સ રેસ્ટોરન્ટસમાં માત્ર પાર્સલ અને ડીલીવરી સેવા ચાલુ રાખી શકાશે.

નોવેલ કોરોના વાયરસ ને ફેલાતો અટકાવવા માટે સરકારશ્રી તરફથી જાહેર કરવામાં આવેલ માર્ગદર્શિકા મુજબ જરૂરી સેનીટાઈઝેશન અને હાઈજીનની વ્યવસ્થા કરી પુરતી તકેદારી રાખવાની રહેશે., કોઈપણ વ્યકિત/ સંસ્થા/ કોરાના વાયરસ અંગેની કોઈ પણ પ્રકારની અફવા પ્રિન્ટ કે સોશિયલ મીડીયા મારફતે ફેલાવશે તો તે ગુનો ગણાશે અને તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે. જા કોઈ મુસાફર જાહેર થયેલ કોરોના વાયરસ પોઝીટીવ વિસ્તાર/ દેશમાંથી છેલ્લા ૧૪ દિવસમાં મુસાફરી કરીને આવેલા હોય તો તેમણે નજીકની સરકારી હોસ્પીટલ ખાતે તથા જિલ્લાનો કંટ્રોલ રૂમનો ફી નંબર (૦૨૬૩૭) ૨૩૩૦૦૨/૨૫૯૪૦૧ તથા હેલ્પલાઈન નંબર ૧૦૪ ઉપર ફરજીયાત જાણકારી આપવાની રહેશે.

આ હુકમ જે વ્યકિત સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેવાને તથા સ્મશાનયાત્રાને લાગુ પડશે નહીં તથા કરીયાણું-શાકભાજી- દુધ ચીજ વસ્તુઓનું જ વેચાણ ચાલુ રાખી શકાશે. આ હુકમના ભંગ કરનાર વ્યકિત વિરૂધ્ધ ભારતીય ફોજદારી અધિનિયમની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

જિલ્લામાંથી ૧૨ બુટલેગરોની પાસા હેઠળ ધરપકડ કરાઈ

૧૦ ઈસમો વિરૂદ્ધ પાસા હેઠળ કાર્યવાહી કરવા સુચના

વલસાડ

સમગ્ર ગુજરાત રાજયમાં દારૂબંધીના કાયદાનો કડક અમલ થાય તે માટે સરકારશ્રી સતત પ્રયત્ન શીલ છે. પરંતુ વલસાડ જિલ્લાની આજુબાજુમાં કેન્દ્રલ શાસિત પ્રદેશ દમણ અને દાદરા નગર હવેલી (સેલવાસ) આવેલા છે. અને ત્યાંઆ દારૂબૂધીનો કાયદો લાગુ ન પડતો હોય અમૂક ઈસમો કેન્દ્રલ શાસિત પ્રદેશ દમણ અને દાદરા નગરહવેલીમાંથી ગેરકાયદેસર રીતે અત્રેના જિલ્લામાં દારૂ ઘુસાડવાના સતત પ્રયત્નોદ થતા રહે છે. જેના ઉપર અંકુશ મુકવા માટે ધી ગુજરાત અસામાજીક પ્રવૃત્તિ પ્રતિબંધક અધિનિયમ-૧૯૮૫ (પાસા) હેઠળ કાર્યવાહી કરવા પોલીસ અધિક્ષકશ્રીને સુચના આપતાં તેઓ તરફથી આવા દારૂના ગેરકાયદેસર વેપલો કરતા ઈસમો (બુટલેગર)ની પાસા એકટ હેઠળ દરખાસ્તત આવતા જિલ્લાા મેજીસ્ટ્રે ટ સી.આર.ખરસાણ તરફથી એપ્રિલ-૨૦૧૯ થી માર્ચ-૨૦૨૦ સુધીમાં કુલ-૨૩ કેસોમાં રૂા. ૪,૦૦,૬૪,૧૪૫/- રકમનો મુદ્દામાલ પકડાયેલ આવા ઈસમો ઉપર પાસાનામ કાયદાનું શષા ઉગામી કડક કાર્યવાહી હાથ ધરતા આવા ઈસમો પૈકી (૧) સંદિપભાઈ મનુભાઈ કોળી પટેલ (૨) રફીક નુર મહમદ ઈશાક બેગ (૩) જયેશભાઈ પ્રેમાભાઈ આહિર (૪) મનીષ ઉર્ફે બાલી દામજી કાનપરા (૫) લાલજી રામસમુજ યાદવ (૬) વિરલ ઉર્ફે વિરૂ સુરેશભાઈ પટેલ (૭) રૂદ્રેશભાઈ ચંદુભાઈ પટેલ (૮) સુરેશ ઉર્ફે સૂર્યો ગધેડો કનુભાઈ રાઠોડ (૯) સોહેલ ઉર્ફે પપ્પુ મહેશભાઈ કામળી પટેલ (૧૦) જીતલાલ ઉર્ફે છોટુ ભૈયા લલઈ રામલાલ વર્મા (૧૧) નિશાબેન દિલીપભાઈ રણછોડભાઈ પટેલ (૧૨) જ્ઞાનેશ્વર ઉર્ફે અનીલ ઉર્ફે ચીકના દયારમ પાટીલની દારૂના બુટલેગર તરીકે તથા (એક) વિવેક ઉર્ફે શ્રીનાથ ઉર્ફે કાલુ સુભાષ તિવારીને ભયજનક વ્યરકિત તરીકે પાસા હેઠળ ધરપકડ કરી રાજયની વિવિધ જેલોમાં મોકલી આપવામાં આવેલ છે. બાકી અન્યી ૧૦ ઈસમો વિરૂધ્ધા પણ પાસા હેઠળ હુકમો કરી તેઓને જેલભેગા કરવા પોલીસ અધિક્ષકશ્રી વલસાડને સુચના આપવામાં આવી છે.

તિલકવાડાના વોરાની માઈનોર કેનાલમાં ગાબડું : ખેડૂતોના તૈયાર કેળાના પાકને નુકશાન

કેનાલ ની ઉપર થી ઓવરફ્લો પાણી વહેતા ચારેક ફૂટ નું ગાબડું પડ્યું હોય પાણી બંધ કરી મરામત નહિ કરાય તો મોટા નુકસાન ની ભીંતી



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

એક તરફ સમગ્ર વિશ્વ કોરોનાના હાઉ વચ્ચે ફફડી રહ્યું છે ત્યારે નર્મદા જીલ્લાના તિલકવાડાના વોરાની માઈનોર કેનાલમાં ગાબડું પડતા આસપાસ આવેલા ખેડૂતોના કેળાં ના ખેતરો માં પાણી ઘૂસી જતા મોટું નુકસાન થયું હોવાની વાત જાણવા મળી છે.

વોરા સેવાડા માઈનોર કેનાલ માં ૨ દિવસ થી ચારેક ફૂટ જેવું ગાબડું પડ્યું છે. કેનાલની ઉપર થી ઓવરફ્લો પાણી હજુ પણ વહી રહ્યું છે ત્યારે આસપાસ ખેતર ધરાવતા ખેડૂતો પણ માથે હાથ દઈ બેઠા છે કેમ કે નજીકના ખેતરો માં પાણી ઘૂસી જતા કેળાંના તૈયાર પાક ને નુકસાન થયું હોય જો વહેલી તકે પાણી બંધ નહિ કરાય તો ગાબડું વધશે તો નજીકના તમામ ખેતરો પાણી માં ગરકાવ થાય એવી સ્થિતિ હાલ જોવા મળી રહી છે.

ગ્રામજનોના જણાવ્યા મુજબ અગાઉ પણ આવી સ્થિતિ જોવા મળી હતી જેમાં કોઈક કારણોસર હદ કરતા વધુ પાણી છોડતા પાણી કેનાલ ઉપર થી પસાર થતા વારંવાર નજીકના ખેતરો પાણીમાં ડૂબ્યા છે ત્યારે ગણતરી માં લેવલ મુજબ પાણી છોડાઈ તો ખેડૂતોના પાકને નુકસાન ન થાય અને કેનાલ માં ગાબડાં પણ ન પડે. હાલ તો લોકો એ પથ્થરો મૂકી પાણી બંધ કરવા પ્રયાસ કર્યો છે પરંતુ કેનાલ માં પાણી બંધ કરી તાત્કાલિક આ માઈનોર કેનાલ ની મરામત થાય તેવી માંગ ખેડૂતો કરી રહ્યા છે.

કોરોનાનો હાઉ છતાં રાજપીપળા સિવિલ હોસ્પિટલની ઘોર બેદરકારી..?! :વોર્ડમાંથી નીકળતું દુર્ગંધ મારતું પાણી બહાર વહેતા અનેક સવાલ

- **સિવિલ હોસ્પિટલ ની લેબોરેટરી ની બાજુમાં આવેલી ડબક માંથી બહાર નીકળતું ગંદુ પાણી કમ્પાઉન્ડ માં વહેતા મચ્છરોનો ઉપદ્રવ**
- **રાજપીપળા નગર પાલિકા તંત્ર કોરોના ના હાઉ બાદ પણ આવી ઘોર બેદરકારી બદલ સિવિલને નોટિસ ફટકારે તેવી લોકમાંગ ઉઠી છે**



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લાની વડી રાજપીપળા સિવિલ હોસ્પિટલ ના ખોખલા વહીવટ ના કારણે વારંવાર દર્દીઓ અને હાજર સ્ટાફ પણ હેરાન થતો હોવાની બુમો ઉઠતી હતી ત્યારે હાલ કોરોના ના હાઉ વચ્ચે પણ સિવિલ ની લાલીયાવાડી સામે આવી છલકાતી જોવા મળી રહી હોય વારંવાર ની ગંભીર બેદરકારી બાદ પણ સત્તાધીશો ના પેટનું પાણી હાલતું નથી. હાલ બે દિવસ થી સિવિલ કમ્પાઉન્ડ માં ડબક માંથી નીકળતું ગંદુ અને દુર્ગંધ મારતું પાણી બહાર વહી રહ્યું હોય ખાબોચિયા ભરાઈ જતા મચ્છરો પણ આક્રમણ કરી રહ્યા છે.

જાણવા મળ્યા મુજબ રાજપીપળા સિવિલમાં દરેક વોર્ડ માંથી આવતું પાણી લાબીરેટરી પાસેની ડબકોની ચેમ્બરો માંથી પસાર થાય છે પરંતુ અમુક ચેમ્બરો માંથી આ દુર્ગંધ મારતું પાણી બહાર નીકળી સિવિલના રોડ પર ફરી વળતા ત્યાં લેબ,રસોડા તરફ જતા માર્ગ ઉપર ખાબોચિયા ભરાઈ જતા મચ્છરો નો ભારે ઉપદ્રવ જોવા મળી રહ્યો છે. જોકે આવી સ્થિતિ વારંવાર જોવા મળતી હોવા છતાં તેનો કોઈ કાયમી ઉકેલ ન કરી ઢીંગડા મારતી કામગીરી કરાતા ત્યાં દાખલ દર્દીઓ અને સ્ટાફ માટે જોખમરૂપ હોય હાલ કોરોના ના હાઉ બાદ દરેક જીલ્લા નું તંત્ર સાબદુ થયું હોવા છતાં સિવિલ સત્તાધીશો હજુ કુંભકર્ણ ની નિંદ્રા માં હોય એમ જણાઈ રહ્યું છે.પાલીકા તંત્ર આવી ઘોર બેદરકારી બદલ સિવિલને નોટિસ ફટકારે એ જરૂરી લાગી રહ્યું છે.

કોરોનાના વાયરસને અનુલક્ષીને મહારાષ્ટ્રમાં આવતી જતી તમામ બસો બંધ

સુરત

સમગ્ર વિશ્વમાં નોવેલ કોરોના વાયરસને કારણે ઉભી થયેલી પરિસ્થિબતિને ધ્યાલને લઇ દેશમાં તથા રાજયમાં જોવા મળેલ શંકાસ્પવદ દર્દીઓની સંખ્યાઉ અને કોરોના વાયરસ (COVID-૨૦૧૯) ની ભવિષ્યાની અસરોને પહોંચી વળવા તેમજ રોગ અટકાયત અને નિયંત્રણની કામગીરી કાયદાકીય રીતે ત્વ)રિત હાથ ધરી શકાય તે હેતુસર આરોગ્યે અને પરિવાર કલ્યારણ વિભાગ, ગાંધીનગર તરફથી ધ ગુજરાત એપેડેમિક રેગ્યુ?લેશન-૨૦૨૦ લાગુ કરવામાં આવેલ હોવાનું જિલ્લા મેજીસ્ટ્રેટ સી. આર. ખરસાણ દ્વારા જણાવાયું છે. કોરોના વાયરસ શ્વાસો શ્વાસ તથા ડ્રોપલેટ દ્વારા સીધા સંપર્કથી થતો હોય છે. જેથી આ રોગના દર્દીના સંપર્કમાં આવનાર અન્યા વ્યવકિત પણ સહેલાઈથી ચેપગ્રસ્તત બને છે. જેથી મહારાષ્ટ્રિ રાજયમાંથી આવતી તેમજ ત્યાંા જતી તમામ બસોને તા.૩૧/૦૩/૨૦૨૦ સુધી મોકૂફ રાખવા તેમજ તમામ બસો નિયમિત રીતે સાફ કરાવવાની સુચના આપી અને ચુસ્તસ પણે પાલન કરવા જણાવવામાં આવેલ છે.

રાજપીપળામાં હોમ કોરોન્ટાઈલમાં રાખેલા વ્યક્તિના ઘરે ફરજ પર જવાનો ઈન્કાર કરનાર GRD સામે ગુનો દાખલ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હાલમાં વિશ્વભરમાં નોવેલ કોરાના વાઈરસને વૈશ્વિક મહામારી જાહેર કરેલ હોય સરકાર દ્વારા આ વાઈસરના ઝડપી સંક્રમણને ધ્યાને લઈ અટકાવવા માટે કોરોના ગ્રસ્ત બીમારીમાં સંપડાયેલ તેમજ વિદેશથી આવેલા તમામ નાગરિકોને હોમ ક્વોરેટિન માં રાખવામાં આવનાર હોય તકેદારીના ભાગરૂપે ફરજ બજાવવા માટે નાંદોદ જીઆરડીમાં ફરજ બજાવતા અલ્પેશ વસાવાને એક વ્યક્તિના ઘરે ફરજ પર જવાનું જણાવતા તેના દ્વારા ફરજ ઉપર હાજર થઉ અને કોરોના વાઈરસ લાગે તો જવાબદારી કોની.?તેમ જણાવી ફરજમાં હાજર રહેવાનો ઈન્કાર કર્યા બાદ અન્ય GRDના જવાનોને પણ આવી ફરજ ઉપર હાજર ન રહેંવાનું જણાવી ભય તેમજ ગભરાટ પેદા કરી તેની જવાબદારી માં ચુક કરતા પોલીસે અલ્પેશ વસાવા વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી કરી હતી.

સુરતમાં કુલ ૧૭૯૩ લોકો હોમ કોવોરોન્ટાઈન હેઠળ

આઠ લોકો ઘરે નહીં મળતા પોલીસ કેસ કરાયા

સુરત

ગત રોજ તા. ૨૨ના સાંજે ૬ કલાકે મ્યુ. કમિશ્રનશ્રીની અધ્યક્ષતામાં વિભાગીય વડાશ્રીઓ તમામ ઝોનલ ચીફશ્રીઓ, આરોગ્ય અધિકારી અને ડીનશ્રી સ્મીમેર સાથે કોરોના વાયરસ અન્વયે કરવામાં આવેલ કામગીરી બાબતે સમીક્ષા મીટીંગનું આયોજન કરવામાં આવેલ છે.

સુરત શહેરમાં કુલ ૧૭૯૩ કોરોનાના શંકાસ્પદ વ્યક્તિઓનું હોમ કવોરોન્ટાઈન કરવામાં આવેલ છે. જેમાંથી ૪૩ કોરોનાના શંકાસ્પદ વ્યક્તિઓએ હોમ કવોરોન્ટાઈનના નિયમનો ભંગ કરેલ છે. જેમાંતી કુલ ૩૦ કોરોનાના શંકાસ્પદ વ્યક્તિઓને ઘરે પરત લાવવામાં આવેલ છે. જ્યારે કુલ ૧૩ કોરોનાના શંકાસ્પદ વ્યક્તિઓએ જાતે સરકારી ફેસીલીટીમાં ગયેલ છે. કુલ ૫ કરોનાના શંકાસ્પદો કે જેઓએ હોમ કવોરોન્ટાઈનના નિયમનો ભંગ કરેલ તેમની સામે એફ.આર.આઈ દાખલ કરેલ છે. તેમજ કુલ રૂ. ૨૫ હજારનો દંડ વસુલ લેવામાં આવેલ છે. કુલ ૧૮૪૪ કોરોનાના શંકાસ્પદ વ્યક્તિઓને તેઓના નિવાસસ્થાને તેમજ સરકારી ફેસીલીટીમાં કવોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

નવસારી જિલ્લા કોરોના વાયરસનો કેસ નોંધાયો નથી

કવોરોન્ટાઈન વોર્ડની વ્યવસ્થા ઉભી કરાઈ

નવસારી

આજરોજ નવસારીના ધારાસભ્યશ્રી પિયુષભાઈ દેસાઈએ નવસારી સિવીલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી. તેમણે હોસ્પિટલમાં ક્વોરોન્ટાઈન વોર્ડ, આઈસોલેશન વોર્ડની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન ડો. ડેલીવાલાએ કરવામાં આવેલી તૈયારીઓની વિગત આપતા કહયું હતું કે, ક્વોરોન્ટાઈન વોર્ડ ૧૦૦, ટ્રાવેલ વીઝીટરી ૧૦૫૦, ૩૫ જગ્યાએ સેનેટાઈઝેશનની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

ધારાસભ્યશ્રી પિયુષભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, લોકોની સલામતી માટે લોકો એકઠા થવાનું ટાળે. કોરાના વાયરસથી લોકોએ ડરવાની બિલ્કુલ જરૂર નથી. નવસારી જિલ્લામાં આ રોગનો એક પણ દર્દી જોવા મળ્યો નથી. પણ, આ વાયરસ સામે સાવચેતી એ જ સલામતી છે. એટલે જ રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલી સૂચનાનો અસરકારક અમલ કરવામાં આવી રહયો છે.

આ રોગના લક્ષણો જણાય તો તાત્કાલિક સારવાર લેવી જોઈએ અને કોઈ અસરગ્રસ્ત જણાય તો તરત જ ૧૦૪ નંબર પર સંપર્ક સાધીને જાણ કરી શકાય છે. નગરપાલિકા દ્વારા સફાઈ કામગીરી સઘન રીતે થાય એવી સૂચના આપી દેવામાં આવી છે. નાગરિકો આ વાયરસથી બચવા માટે જાહેર કરવામાં આવેલી સાવચેતીઓનું અવશ્ય પાલન કરે અને ધાર્મિક કે સામાજિક પ્રસંગોમાં કે ભીડભાડવાળી જગ્યાએ જવાનું ટાળવું જોઈએ. વારંવાર હાથ સાબુ કે સેનીટાઈઝરથી ધોવા જોઈએ. જયાં ત્યાં થુકવું ન જોઈએ.

ચેમ્બર ઓફ કોર્મસની ઓફિસ ૨૮મી સુધી બંધ

સુરત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી કેતન દેસાઈ અખબારી યાદીમાં જણાવે છે કે, કોરોના વાયરસ અને વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને શનિવાર, તા. ૨૧ થી ૨૮ માર્ચ ૨૦૨૦ સુધી ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની ઓફિસ બંધ રહેશે. જેની નોંધ લેવા સર્વે સભ્યોને વિનંતી કરવામાં આવી છે. અગત્યના કામ માટે મોબાઈલ નં. ૭૨૧૧૧૭૩૧૧૩ અથવા ૭૨૧૧૧૭૩૧૧૭ ઉપર સંપર્ક કરવા જણાવવામાં આવ્યુ છે.

રાજપીપલા : કોરોના સામે રક્ષણ મેળવવા ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વાર ઠેર ઠેર ઉકાળા વિતરણ



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

કોરોના વાઈરસની મહામારી ને WHO દ્વારા વૈશ્વિક મહામારી ઘોષિત કરાઈ છે સમગ્ર દુનિયા ને કોરોના વાઈરસે બાનમાં લીધું છે ત્યારે વિવિધ દેશો દ્વારા કોરોના વાઈરસ વિરોધી દવાઓ શોધવાનું ચાલુ છે પણ હજી સુધી કોઈ નક્કર ઈલાજ મળી શક્યો નથી.

ત્યારે રાજપીપળા ખાતે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા કોરોના સામે રક્ષણ માટે આયુર્વેદિક ઉકાળા નું વિતરણ કરાયું હતું જોકે આયુર્વેદિક ઉકાળો એ કોરોનાનો ઈલાજ નથી પરંતુ એનાથી શરીર માં રોગપ્રતિકારક શક્તિ વધે છે. જેથી કોરોના જેવા વાઈરસનું ઈન્ફેક્શન લાગતા રોકી શકવામાં ઘણો ફાયફો મળે છે જે હેતુથી ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા રાજપીપળા શહેર માં અનેક સ્થળોએ આયુર્વેદિક ઉકાળા નું વિતરણ શરૂ કરી લોકો માટે એક સેવાકાર્ય શરૂ કર્યું છે.

આ ઉકાળા વિતરણ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી મુખ્ય ઓફીસ,સ્ટેશન રોડ,એડવોકેટ ધ્રુવ સોનીના ઘરે, સ્ટેશન રોડ,૨૪ કેરેટ ગિફ્ટ શોપ લીમડાચોક સહિત અન્ય જગ્યાઓએ ચાલુ છે જેનો મહત્તમ લાભ લેવા પ્રજાજનો ને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા અપીલ કરાઈ છે.

સુરત શહેરમાં બે લોકોનો ટેસ્ટ કોરોના પોઝિટિવ : ૭ શંકાસ્પદ આયશોલેશનમાં

દરદીઓના સંપર્કમાં આવેલા ૧૪ લોકો કોરોન્ટાઈન કરાયા

સુરત

સુરત શહેરમાં બે વધુ કોરોના વાયરસનો ટેસ્ટ પોઝિટિવ આવતા સુરત શહેરમાં પોઝિટિવ કેસ પાંચ થયા હતા. સુરત મહાનગરપાલિકાના આરોગ્ય અધિકારી ડૉ. આશિષ નાયકના જણાવ્યા મુજબ ગઈકાલે બે દર્દીમાં કોરોના વાયરસનાં ટેસ્ટ પોઝિટિવ આવતા આ દર્દીના સંપર્કમાં આવેલા કુલ ૧૪ જણાંને કોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. લોકલ ટ્રાન્સમિશનના ૬૭ વર્ષીય વૃદ્ધનું મૃત્યુ થતાં લોકલ ટ્રાન્સમિશનની ચેઈન તોડવા માટે તંત્ર હરકતમાં આવી ગયું છે.

કોરોના વાયરસની સંક્રમણની ચેઈન તોડવા માટે રાજય સરકાર લોકડાઉન સહિતના અનેક પગલાં ભરી રહી છે. સુરત સહિત ગુજરાતભરમાં કોરોના વાયરસના દર્દીમાં વધારો નોંધાઈ રહ્યો છે. આવા દર્દીઓને આયસોલેશન કરવામાં આવી રહ્યા છે. તેમજ શંકાસ્પદ જણાંતા લોકો અને તેઓના સગા સંબંધીઓને હોમ કોરોન્ટાઈનનું ચુસ્તપણે પાલન કરવાની સૂચના આપવામાં આવી રહી છે. હોમ કોરોન્ટાઈનનો ભંગ કરનારાની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

જાણવા મળ્યા મુજબ સુરત શહેરમાં સાત જેટલા શંકાસ્પદ દર્દીઓને નવી સિવિલ હોસ્પિટલના આયસોલેશન રૂમમાં ઓબ્ઝર્વેશનમાં રખાયા છે. જેમાં ટ્રાવેલ્સ હિસ્ટ્રી અને ટ્રાવેલ્સ હિસ્ટ્રી નહીં ધરાવનારા દર્દીઓનો સમાવેશ થાય છે. ઉધના ઝોનની એક મહિલાની ટ્રાવેલ હિસ્ટ્રી નથી, વરાછા ઝોનની મહિલા જર્મની-દુબઈથી આવી હતી. જ્યારે રાંદેર ઝોન વિસ્તારનો પુરૂષ દુબઈ-કતારની ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવે છે. ઉધના ઝોનની ૭૫ વર્ષીય મહિલા લીંબાયત ઝોનની ૫૬ વર્ષીય મહિલા અને સેન્ટ્રલ ઝોન વિસ્તારના પુરૂષની ટ્રાવેલ હિસ્ટ્રી નથી. રાંદેર ઝોનનો એક પુરૂષ કર્ણાટક, તામિલનાડુ, મહારાષ્ટ્ર થઈને આવ્યો હોવાથી આ તમામને શંકાસ્પદ દર્દી તરીકે નવી સિવિલ હોસ્પિટલના આયસોલેશન વોર્ડના ઓબ્ઝર્વેશન હેઠળ રાખવામાં આવ્યા છે.

MARKET 4U™
ISO 9001:2015 Certified company
REG. OFFICE:
13 PRITAM SOCIETY VIBHAG 1,
KASAK, BHARUCH.392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN
તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.
આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા
અને કયાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/-
સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા
તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત
GPS Market
RV-04
Geo Fence
Overspeed Alarm
Mileage Statistics
5M Accuracy (95%)
ACC Ignition Detection
OTA Firmware Upgrade
Over Voltage Protection
Built In Battery 160 mA/H
Tele-Cut Off (Petrol/ Electricity)
Data In Buffer (in GPS Blind Area)
GSM Module : QUECTEL M26
GPS Module : GTOP GT-1612-UB7X
For Demo -
Go to play store
Download -
GPSMARKET
User id : demo -
password : 123456
ADMIN OFFICE: 13/96, Bethi Colony, Khatodara, Udhna Darwaja, SURAT. MO. : 7575006850

પરમકૃપાળુ શ્રી જગદીશાનંદજી (રંગબાળ)ની પ્રેરણાથી www.connectindians.inના કંપની કોડ 99999999ની તમામ આવક શ્રી રંગ અવધૂત બાપજીના નામે ચેરીટેબલ સંસ્થા ખોલી લોક કલ્યાણની પ્રવૃત્તિઓમાં વપરાશે જેની સૌએ નોંધ લઈ આ કોડ સાથે જોડાવાની અરજ કરીએ છે : ધનંજય ઝવેરી

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જોજો ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઇ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને જીતો

MARUTI ALTO





HONDA ACTIVA



BRANDED MIXER

૨૫ ઓક્ટોબર વિજ્યાદશમી (દશેરો)

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના)
ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

ઓફીસ એડ્રેસ

સુરત

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો **9978406257**

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૬૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs.650
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટરઃ** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ **સિલ્વર ડાયરેક્ટરઃ** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટરઃ** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટરઃ** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૬૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)